सत्यमेव जयते

# કામકાજનો ટૂંકો અહેવાલ

## ચોથી ગુજરાત વિધાનસભા
## પાંચમું સત્ર

૧લી ઓકટોબરથી ૧૨મી ઓક્ટોબર, ૧૯૭૩
અને
૧૨મી નવેમ્બરથી ૧૬મી નવેમ્બર, ૧૯૭૩

*

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર
નવેમ્બર, ૧૯૭૩

(કિંમત : રૂા. ૧-૫૦ પૈસા)

# પ્રસ્તાવના

આ પ્રકાશનમાં ચોથી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્ર (૧લી ઓકટોબરથી ૧૨મી ઓકટોબર અને ૧૨મી નવેમ્બરથી ૧૯મી નવેમ્બર, ૧૯૭૩)માં થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપેલી છે. શકય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૦-૧૨-૧૯૭૩.

દ્વિજેન દેસાઈ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

# અનુક્રમણિકા


| ક્રમાંક<br>૧ | વિષય<br>૨ | પાના નંબર<br>૩ |
|---|---|---|
| ૧. | ચોથી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્ર (તા. ૧લી ઓક્ટોબરથી ૧૨મી ઓક્ટોબર અને ૧૨મી નવેમ્બરથી ૧૬મી નવેમ્બર ૧૯૭૩) માં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ | ૧—૧૬ |
| ૨. | પત્રક ક્રમાંક-૧, ગૃહની બેઠકોની તારીખ અને સમય | ૧૭ |
| ૩. | પત્રક ક્રમાંક-૨, સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલી હાજરી | ૧૮—૨૭ |
| ૪. | પત્રક ક્રમાંક-૩, સભ્યશ્રીઓની તારીખવાર હાજરી | ૨૮ |
| ૫. | પત્રક ક્રમાંક-૪, સત્ર દરમિયાન ગુજરાત વિધાનસભામાં રોજેરોજ થયેલા કામકાજનો સારાંશ ... ... ... | ૨૯—૬૭ |
| ૬. | પત્રક ક્રમાંક-૫, તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નોનો નિકાલ (આંકડામાં) ... ... ... | ૬૮—૬૯ |
| ૭. | પત્રક ક્રમાંક-૬, તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી(આંકડામાં) | ૭૦—૭૧ |
| ૮. | પત્રક ક્રમાંક-૭, અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) ... ... ... ... | ૭૨—૭૩ |
| ૯. | પત્રક ક્રમાંક-૮, સરકારી વિધેયકો ... ... | ૭૪—૭૯ |
| ૧૦. | પત્રક ક્રમાંક-૯, સન ૧૯૭૩-૭૪ના વર્ષ માટેની પૂરક માગણીઓ | ૮૦—૮૨ |
| ૧૧. | પત્રક ક્રમાંક-૧૦, જેની ચર્ચા માટે દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ-૧૦૧) | ૮૩ |
| ૧૨. | પત્રક ક્રમાંક-૧૧, વૈધાનિક પ્રસ્તાવો સિવાયના સરકારી પ્રસ્તાવો | ૮૪—૮૬ |
| ૧૩. | પત્રક ક્રમાંક-૧૨ ટંક સમયની ચર્ચા (નિયમ-૧૧૨) ... | ૮૭ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૪. | પત્રક ક્રમાંક-૧૩ ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬) ... | ૮૮—૮૯ |
| ૧૫. | પત્રક ક્રમાંક-૧૪, દાખલ કરવા માટેનાં બિન-સરકારી વિધેયકો | ૯૦ |
| ૧૬. | પત્રક ક્રમાંક-૧૫, પહેલા (ચાલુ) બીજા અને ત્રીજા વાચન માટેના બિન-સરકારી વિધેયકો ... ... ... | ૯૧ |
| ૧૭. | પત્રક ક્રમાંક-૧૬, પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન-સરકારી વિધેયકો ... ... ... | ૯૨ |
| ૧૮. | પત્રક ક્રમાંક-૧૭, બિન-સરકારી સંકલ્પો ... ... | ૯૩ |
| ૧૯. | પત્રક ક્રમાંક-૧૮, જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણીઓ ... | ૯૪ |
| ૨૦. | પત્રક ક્રમાંક-૧૯, જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની નિમણૂક | ૯૫—૯૬ |
| ૨૧. | પત્રક ક્રમાંક-૨૦, જુદી જુદી યુનિવર્સિટીની કોર્ટ-સેનેટ પર સભ્યોની ચૂંટણી ... ... ... ... | ૯૭ |
| ૨૨. | પત્રક ક્રમાંક-૨૧ વિભાજન અને સભાત્યાગ ... | ૯૮—૧૦૦ |

## પ્રારંભિક

ચોથી ગુજરાત વિધાનસભાનું પાંચમું સત્ર સોમવાર, તા. ૧લી ઓકટોબર, ૧૯૭૩ના રોજ શરૂ થયું હતું, અને અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૧૨મી ઓકટોબર, ૧૯૭૩ના રોજ, સોમવાર, તા. ૧૨મી નવેમ્બર, ૧૯૭૩ના રોજ ફરી મળવા મુલતવી રહ્યું હતું. સોમવાર, તા. ૧૨મી નવેમ્બર, ૧૯૭૩થી ફરી મળેલું સત્ર શુક્રવાર તા. ૧૬મી નવેમ્બર ૧૯૭૩ના રોજ સમાપ્ત થયું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ ૧૪ દિવસ મળી હતી અને તેમાં ૧૫ બેઠકો થઈ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૮૦ કલાક અને ૨૯ મિનિટ કામ કર્યું હતું.

### ગૃહની બેઠકોની તારીખ અને સમય

ગૃહની બેઠકોની તારીખ અને સમય પત્રક ભાગ-૧માં આપેલ છે.

### હાજરી

સત્ર દરમિયાન એક દિવસે વધારેમાં વધારે હાજરી ૧૪૫ હતી અને ઓછામાં ઓછી ૧૧૬ હતી સરેરાશ હાજરી ૧૨૯ હતી સભ્યશ્રીઓની વ્યકિતગત રીતે આપેલી હાજરી પત્રક ક્રમાંક-૨ તેમજ તેમની તારીખવાર હાજરી પત્રક ક્રમાંક-૩માં આપેલી છે.

### રોજેરોજના કામકાજનો સારાંશ

વિધાનસભાએ રોજેરોજ કરેલા કામકાજનો સારાંશ પત્રક ક્રમાંક-૪માં આપ્યો છે.

### તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નો

સત્ર દરમિયાન ૧૬૩૦ તારાંકિત પ્રશ્નો, ૯૬૫ અતારાંકિત પ્રશ્નો અને ૯૦ ટૂંકી મુદતના પ્રશ્નોની સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તે તથા પ્રશ્નોની વિભાગવાર માહિતી પત્રકો ક્રમાંક ૫, ૬ અને ૭ માં આપવામાં આવી છે. વિધાનસભા કુલ ૧૪ દિવસ માટે મળી હતી અને બધાજ દિવસોમાં પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી.

### અરધા કલાકની ચર્ચા

અરધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરતી કુલ ૭ સૂચનાઓ મળી હતી અને બધી જ સૂચનાઓ દાખલ થઈ હતી. તેમાંથી કુલ ૩ સૂચના પર સભાગૃહમાં ચર્ચા થઈ હતી.

## વટહુકમ

સત્ર દરમ્યાન નીચેના વટહુકમો તેની સામે જણાવેલ તારીખે વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા.

| અનુક્રમાંક | વટહુકમની ટૂંકી સંજ્ઞા અને નંબર | વિધાનસભાના મેજ ઉપર મૂકયા તારીખ |
|---|---|---|
| ૧. | સન ૧૯૭૩નો ગુજરાત મંત્રી પગાર અને ભથ્થાં (સુધારા) વટહુકમ (સન ૧૯૭૩નો વટહુકમ ક્રમાંક-૧) | ૧-૧૦-૧૯૭૩ |
| ૨. | સન ૧૯૭૩નો મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વટહુકમ (સન ૧૯૭૩નો વટહુકમ ક્રમાંક-૨) | ૧-૧૦-૧૯૭૩ |
| ૩. | સન ૧૯૭૩નો ગુજરાત શહેરી વિસ્તાર ખાલી જમીન (સ્વત્વાર્પણ પ્રતિબંધ) (સુધારા) વટહુકમ (સન ૧૯૭૩નો વટહુકમ ક્રમાંક-૩) | ૧-૧૦-૧૯૭૩ |
| ૪. | સન ૧૯૭૩નો ગુજરાત યુનિવર્સિટી (સુધારા) વટહુકમ (સન ૧૯૭૩નો વટહુકમ ક્રમાંક-૪) | ૧-૧૦-૧૯૭૩ |
| ૫. | સન ૧૯૭૩નો ગુજરાત આકસ્મિક ફંડ (કામચલાઉ વધારા) (સુધારા) વટહુકમ (સન ૧૯૭૩નો વટહુકમ ક્રમાંક-૫) | ૧-૧૦-૧૯૭૩ |
| ૬. | સન ૧૯૭૩નો ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વટહુકમ (સન ૧૯૭૩નો વટહુકમ ક્રમાંક-૬). | ૩-૧૦-૧૯૭૩ |

## સરકારી વિધેયકો

પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેનાં ૧૬ સરકારી વિધેયકો નોટિસ પેપર ભાગ-૧માં બતાવવામાં આવ્યાં હતાં. તેમાંથી ૧૫ વિધેયકો પસાર કરવામાં આવ્યાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક-૮)

## નાણાકીય કામકાજ

### (૧) ખર્ચનું પૂરક પત્રક

(ક) **રજૂઆત**—સન ૧૯૭૩–૭૪ના વર્ષ માટેના કુલ રૂા. ૧,૩૨,૩૪,૮૦,૭૭૩નું ખર્ચનું પૂરક પત્રક તા. ૧લી ઓક્ટોબર, ૧૯૭૩ના રોજ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં મતપાત્ર રકમ રૂા. ૨૯,૪૮,૬૮,૦૪૩ અને બિન-મતપાત્ર રકમ રૂા. ૧,૦૨,૮૬,૧૨,૭૩૦ હતી.

(ખ) **ચર્ચા અને મતદાન**—પૂરક માગણીઓ ઉપર તા. ૮ અને ૯મી ઓક્ટોબર, ૧૯૭૩ના રોજ ચર્ચા અને મતદાન કરવામાં આવ્યું હતું. પૂરક પત્રકમાં સમાવિષ્ટ કુલ ૪૯ માગણીઓ સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. આ માગણીઓમાંથી ૨૧ માગણીઓ ચર્ચા માટે નક્કી થઈ હતી. આ બધી માગણીઓ પર સભાગૃહમાં ચર્ચા થઈ હતી. રજૂ કરેલી બધી પૂરક માગણીઓ સભાગૃહે પસાર કરી હતી. (જૂઓ પત્રક ક્રમાંક ૯) ત્યારબાદ તારીખ ૧૧મી ઓક્ટોબર, ૧૯૭૩ના રોજ ગુજરાત પૂરક વિનિયોગ વિધેયક પસાર કર્યું હતું.

(ગ) **કાપ દરખાસ્તો**—પૂરક માગણીઓ પર કુલ ૧૦૮ કાપદરખાસ્તો આવી હતી તેમાંથી ૧૦૦ કાપદરખાસ્તો દાખલ કરવામાં આવી હતી અને ૮ કાપ-દરખાસ્તો નામંજૂર કરવામાં આવી હતી.

### (૨) આકસ્મિક ફંડ પેશગીઓ દર્શાવતું પત્રક

જેના માટે પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી ન હોય તેવી તારીખ ૧લી ઓક્ટોબર, ૧૯૭૩ સુધી આકસ્મિક ફંડમાંથી મંજૂર કરાયેલી પેશગીઓ દર્શાવતું પત્રક તા. ૩જી ઓક્ટોબર, ૧૯૭૩ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું હતું.

## મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરતા પ્રસ્તાવો (નિયમ ૧૦૬)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૬ હેઠળ મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરતા પ્રસ્તાવની એક સૂચના શ્રી માણેકલાલ ગાંધી અને અન્ય ૧૬ સભ્યોએ આપી હતી. આ પ્રસ્તાવ દાખલ કરવામાં આવ્યો હતો. પ્રસ્તાવને રજૂ કરવા દેવાની સભાગૃહે તા. ૧૪મી નવેમ્બર, ૧૯૭૩ના રોજ પરવાનગી આપી હતી. પ્રસ્તાવ ઉપર તા. ૧૫મી નવેમ્બર, ૧૯૭૩ના રોજ ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચામાં મંત્રીશ્રીઓ સિવાય ૧૮ સભ્યોએ ભાગ લીધો હતો. ચર્ચાને અંતે પ્રસ્તાવ મત માટે મૂકાતાં સભાગૃહે તેનો અસ્વીકાર કર્યો હતો.

## સભા મોકૂફીના પ્રસ્તાવો (નિયમ ૧૦૮)

સત્ર દરમિયાન તાકીદની જાહેર અગત્યની બાબત પર ચર્ચા કરવા માટે સભા મોકફીના પ્રસ્તાવની એક સૂચના આવી હતી જે નામંજૂર કરવામાં આવી હતી.

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ ૧૦૨)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઈચ્છા વ્યક્ત કરતી કુલ ૫૮ સૂચનાઓ આવી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓનાં નામોનો બેલેટ તા. ૧૨મી નવેમ્બર, ૧૯૭૩ના રોજ યોજવામાં આવ્યો હતો. બેલેટમાં આવેલા સભ્ય, શ્રી ગોવિંદભાઈ કે. પટેલ (ઉપલેટા), સૌરાષ્ટ્ર વિસ્તારમાં ઉંડા જતાં પાણીનાં તળ બાબતના, પ્રસ્તાવની સૂચના આપી હતી, જે દાખલ કરવામાં આવી હતી. આ પ્રસ્તાવ પર તા. ૧૬મી નવેમ્બર, ૧૯૭૩ના રોજ ચર્ચા થઈ હતી.

## જેની ચર્ચા માટે દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ ૧૦૧)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૧ હેઠળ, જેની ચર્ચા માટે દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવોની કુલ ૧૭ સૂચનાઓ મળી હતી. તેમાંથી ૫ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી અને ૧૨ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. દાખલ કરેલી ૫ સૂચનાઓમાંથી કામકાજ સલાહકાર સમિતિની પેટા સમિતિએ ૧ સૂચના પસંદ કરી હતી અને તેને ચર્ચા માટે ૩૫ મિનિટનો સમય ફાળવવા અધ્યક્ષશ્રીને ભલામણ કરી હતી. સૂચના તા. ૧૬મી નવેમ્બર, ૧૯૭૩ના રોજ ચર્ચાઈ હતી. (જૂઓ પત્રક ક્રમાંક ૧૦ )

## વૈધાનિક પ્રસ્તાવો સિવાયના સરકારી પ્રસ્તાવો

વૈધાનિક પ્રસ્તાવો સિવાયના સરકારી પ્રસ્તાવોની ૧૨ સૂચનાઓ મળી હતી જે બધી દાખલ કરવામાં આવી હતી. ૧૨ સૂચનાઓમાંથી ૯ સૂચનાઓ સભાગૃહમાં ચર્ચવામાં આવી હતી., જેમાંથી એક સૂચના ઉપરની ચર્ચા અધૂરી રહી હતી. ૩ સૂચનાઓ સમયના અભાવે ચર્ચા માટે હાથ ઉપર લેવામાં આવી ન હતી. (જુઓ પત્રક ક્રમાંક ૧૧).

## જાહેર અગત્યની બાબતો પર મંત્રીશ્રીઓનાં નિવેદનો (નિયમ-૪૪).

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ હેઠળ મંત્રીશ્રીઓએ સભાગૃહમાં નીચે મુજબ નિવેદનો કર્યાં હતાં.

| અ. નં. | નિવેદનનો વિષય (ટૂંકમાં) | નિવેદન કરનાર મંત્રીશ્રીનું નામ | નિવેદન કર્યાની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | રાજ્યમાં પૂર, અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિથી ઉભી થયેલી પરિસ્થિતિ બાબત. | શ્રી ચીમનભાઈ પટેલ | ૧-૧૦-૧૯૭૩ |
| ૨ | નર્મદા યોજના અંગે | શ્રી છબીલદાસ મહેતા | ૪-૧૦-૧૯૭૩ |
| ૩ | કર્મચારીઓને વચગાળાની રાહત આપવા બાબત. | ડૉ. અમુલ દેસાઈ | ૫-૧૦-૧૯૭૩ |
| ૪ | રાજ્યના આયોજીત અને બિન-આયોજિત ખર્ચમાં કાપ અંગે | ડૉ. અમુલ દેસાઈ | ૮-૧૦-૧૯૭૩ |
| ૫ | પૂરને લીધે અસર પામેલા ખનિજ ઉદ્યોગોને રાહત આપવા બાબત. | શ્રી કાંતિલાલ ઘીયા | ૧૦-૧૦-૧૯૭૩ |

### વૈધાનિક પ્રસ્તાવો (નિયમ—૧૦૦)

સંવિધાનના ૩૧મા સુધારા વિધેયકને બહાલ રાખવા અંગેના સંવિધાનના અનુચ્છેદ ૩૬૮(૨) અન્વયેના મુખ્યમંત્રીશ્રીના વૈદ્યાનિક પ્રસ્તાવ ઉપર તારીખ ૩જી ઓકટોબર, ૧૯૭૩ના રોજ સભાગૃહમાં ચર્ચા થઈ હતી. ચર્ચાને અંતે પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

### ટૂંક સમયની ચર્ચા (નિયમ—૧૧૨)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૨ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની કુલ ૨૬ સૂચનાઓ મળી હતી. મળેલી સૂચનાઓમાંથી ત્રણ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. તેમાંથી

એક સૂચનાના વિષય અંગે બીજા પણ એક સભ્યે સૂચના આપવાથી તેમનું નામ દાખલ થયેલી સૂચનામાં જોડવામાં આવ્યું હતું. દાખલ થયેલી સૂચનાઓમાંથી એક સૂચના પર સભાગૃહમાં ચર્ચા થઈ હતી. (જૂઓ પત્રક, ક્રમાંક--૧૨).

## ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ—૧૧૬)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ--૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા માટે કુલ ૯૮ સૂચનાઓ મળી હતી. મળેલી સૂચનાઓ-માંથી ૯ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી સૂચના-ઓના વિષયો જેવી જ સૂચના આપનાર બીજા ૮ સભ્યશ્રીઓનાં નામ દાખલ થયેલી જે તે સૂચના સાથે જોડવામાં આવ્યાં હતાં. દાખલ થયેલી ૯ સૂચનાઓમાંથી લાગતા-વળગતા મંત્રીશ્રીઓએ ૮ સૂચનાઓ ઉપર નિવેદનો કર્યાં હતાં. જ્યારે ૧ સૂચનાની બાબતમાં સભ્યશ્રીની ગેરહાજરીના કારણે લાગતા વળગતા મંત્રીશ્રીએ નિવેદન કર્યું ન હતું. (જૂઓ પત્રક ક્રમાંક--૧૩).

## બિન-સરકારી વિધેયકો

### (૧) દાખલ કરવા માટેનાં બિન-સરકારી વિધેયકો

દાખલ કરવા માટેનાં ૫ બિન-સરકારી વિધેયકો નોટિસ પેપર ભાગ-૧માં બતાવવામાં આવ્યાં હતાં જેમાંથી ચાર વિધેયકો તા. ૧૧મી ઓકટોબર, ૧૯૭૩ના રોજ સભાગૃહમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. એક વિધેયક પ્રભારી સભ્યશ્રીની ગેરહાજરીને કારણે સભાગૃહમાં દાખલ થઈ શક્યું ન હતું (જુઓ પત્રક ક્રમાંક-૧૪)

### (૨) પહેલા (ચાલુ), બીજા અને ત્રીજા વાચન માટેનું બિન-સરકારી વિધેયક

પહેલું (ચાલુ) બીજા અને ત્રીજા વાચન માટેનું એક બિન સરકારી વિધેયક નોટિસ પેપર ભાગ-૧માં બતાવવામાં આવ્યું હતું. વિધેયકના પહેલા વાચનના પ્રસ્તાવ પરની ચર્ચાને અંતે પ્રભારી સભ્યશ્રીએ સભાગૃહની પરવાનગીથી તે વિધેયક પાછું ખેંચ્યું હતું. (જુઓ પત્રક ક્રમાંક-૧૫)

### (૩) પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેનું બિન-સરકારી વિધેયક

પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેનું એક બિન-સરકારી વિધેયક નોટિસ પેપર-ભાગ-૧માં બતાવવામાં આવ્યું હતું. વિધેયકના પહેલા વાચનના પ્રસ્તાવ ઉપરની ચર્ચાને અંતે પ્રભારી સભ્યશ્રીએ સભાગૃહની પરવાનગીથી તે વિધેયક પાછું ખેંચ્યું હતું. (જૂઓ પત્રક ક્રમાંક-૧૬)

(૪) વિધેયક પરની મુલતવી રહેલી વિચારણા આગળ ચલાવવા ગૃહનો આદેશ મેળવવા માટેનો પ્રસ્તાવ ( નિયમ ૪૦(૧) )

સન ૧૯૭૩ના વિધેયક નં. ૮, સન ૧૯૭૩ના ગુજરાત જાહેર ગ્રંથાલય વિધેયક કે જેની પહેલા વાચન પરની ચર્ચા તા. ૫મી એપ્રિલ ૧૯૭૩ના રોજ અચોક્કસ સમય સુધી મુલતવી રાખવામાં આવી હતી, તે વિધેયકની વિચારણા આગળ ચલાવવા ગૃહનો આદેશ મેળવવા માટેના પ્રસ્તાવની સૂચના પ્રભારી સભ્યશ્રી તરફથી મળી હતી. પ્રસ્તાવ ઉપર તા. ૪થી ઓકટોબર, ૧૯૭૩ના રોજ સભાગૃહમાં ચર્ચા થઈ હતી. ચર્ચાને અંતે પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

## બિન-સરકારી સંકલ્પો (નિયમ-૧૧૭)

બિન-સરકારી સંકલ્પોની ચર્ચા માટે તા. ૪થી ઓકટોબર, ૧૯૭૩ અને તા. ૧૫મી નવેમ્બર, ૧૯૭૩ એમ બે દિવસો ફાળવવામાં આવ્યા હતા.

તા. ૪થી ઓકટોબર, ૧૯૭૩ના રોજ બિન-સરકારી સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી ૩૬ સૂચનાઓ આવી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓના નામોનો બેલેટ તા. ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૭૩ના રોજ યોજવામાં આવ્યો હતો. બેલેટમાં આવેલા ૩ સભ્યશ્રીઓએ એક એક સંકલ્પની સૂચના આપી હતી. જે બધી દાખલ કરવામાં આવી હતી.

તા. ૧૫મી નવેમ્બર ૧૯૭૩ના રોજ બિન-સરકારી સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી ૩૩ સૂચનાઓ આવી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓનાં નામોનો બેલેટ તા. ૩જી નવેમ્બર, ૧૯૭૩ના રોજ યોજવામાં આવ્યો હતો. બેલેટમાં આવેલા ૩ સભ્યશ્રીઓએ એક એક સંકલ્પની સૂચના આપી હતી. જે બધી દાખલ કરવામાં આવી હતી. સંકલ્પોની ચર્ચા અને તેના પરિણામની વિગતો માટે ( જૂઓ પત્રક ક્રમાંક-૧૭.)

## ઔચિત્ય ભંગના પ્રશ્નો

સભાગૃહના ઔચિત્ય ભંગ અંગે ૨ સૂચનાઓ મળી હતી જે બંને નામંજૂર કરવામાં આવી હતી.

## જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણીઓ/નિમણૂકો

સત્ર દરમિયાન જાહેર હિસાબ સમિતિ ઉપર ખાલી પડેલી ત્રણ જગ્યા ઉપર અને અંદાજ સમિતિની ખાલી પડેલી બે જગ્યા ઉપર સભ્યોને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. (જુઓ પત્રક ક્રમાંક-૧૮)

સત્ર દરમિયાન અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિ અને નિયમો માટેની સમિતિ ઉપર સભ્યોની નિમણૂક કરી હતી, જ્યારે કામકાજ સલાહકાર સમિતિએ તેની પેટા સમિતિ ઉપર ત્રણ સભ્યોની નિમણૂક કરી હતી. (જૂઓ પત્રક ક્રમાંક-૧૯)

## જુદી જુદી યુનિવર્સિટીની કોર્ટ-સેનેટ પર સભ્યોની ચૂંટણી

સત્ર દરમિયાન ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ પર બે સભ્યોને ચૂંટાયેલ જાહેર કરવામાં આવ્યા હતા (જૂઓ પત્રક ક્રમાંક-૨૦)

## સમિતિઓની બેઠકો

સત્ર દરમિયાન નીચે જણાવેલી સમિતિઓની બેઠકો મળી હતી

| અનુક્રમાંક | સમિતિનું નામ | | બેઠકની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ |
| ૧. | કામકાજ સલાહકાર સમિતિ | ૧ | ૪-૧૦-૧૯૭૩ |
| | | ૨ | ૧૨-૧૧-૧૯૭૩ |
| ૨. | કામકાજ સલાહકાર સમિતિની પેટા સમિતિ | ૧ | ૧૨-૧૦-૧૯૭૩ |
| | | ૨ | ૧૨-૧૧-૧૯૭૩ |
| | | ૩ | ૧૩-૧૧-૧૯૭૩ |
| ૩. | બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | ૧ | ૧-૧૦-૧૯૭૩ |
| | | ૨ | ૯-૧૦-૧૯૭૩ |
| | | ૩ | ૧૩-૧૦-૧૯૭૩ |
| ૪. | સન ૧૯૭૨ના વિધેયક નં.-૧૨--સન ૧૯૭૨ના ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય વિધેયક ઉપરની પ્રવર સમિતિ | | ૬-૧૧-૧૯૭૩ |

| ૧ | ૨ | | ૩ |
|---|---|---|---|
| ૫. | સન ૧૯૭૨ના વિધેયક નં. ૫૧--સન ૧૯૭૨ના ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા (સુધારા) વિધેયક ઉપરની પ્રવર સમિતિ | ૧ | ૧૯-૧૦-૧૯૭૩ |
| | | ૨ | ૨૦-૧૦-૧૯૭૩ |
| | | ૩ | ૨૧-૧૦-૧૯૭૩ |
| | | ૪ | ૨-૧૧-૧૯૭૩ |
| ૬. | નિયમો માટેની સમિતિ | ૧ | ૧૩-૧૧-૧૯૭૩ |
| | | ૨ | ૧૪-૧૧-૧૯૭૩ |
| ૭. | વિશેષાધિકાર સમિતિ | ૧ | ૧૦-૧૦-૧૯૭૩ |
| | | ૨ | ૭-૧૧-૧૯૭૩ |
| ૮. | અંદાજ સમિતિ | ૧ | ૧૨-૧૧-૧૯૭૩ |
| | | ૨ | ૧૪-૧૧-૧૯૭૩ |
| ૯. | ગ્રંથાલય સમિતિ | | ૩-૧૦-૧૯૭૩ |
| ૧૦. | સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિ | | ૯-૧૦-૧૯૭૩ |
| ૧૧. | સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ | | ૧૫-૧૧-૧૯૭૩ |
| ૧૨. | સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ | | ૩-૧૦-૧૯૭૩ |

## વિધાનસભામાં રજૂ થયેલા/ચર્ચાયેલા અહેવાલો વગેરે

સત્ર દરમિયાન નીચે જણાવેલા અહેવાલો વિધાનસભામાં રજૂ થયા હતા/ચર્ચાયા હતા.

| ક્રમાંક | અહેવાલ | રજૂ થયા તારીખ | ચર્ચાયા તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | કામકાજ સલાહકાર સમિતિ | | |
| | ચૌદમો અહેવાલ | ૪-૧૦-૭૩ | ૪-૧૦-૭૩ |
| | પંદરમો અહેવાલ | ૧૨-૧૧-૭૩ | ૧૨-૧૧-૭૩ |
| ૨. | બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | | |
| | બારમો અહેવાલ | ૩-૧૦-૭૩ | ૩-૧૦-૭૩ |
| | તેરમો અહેવાલ | ૧૦-૧૦-૭૩ | ૧૦-૧૦-૭૩ |
| | ચૌદમો અહેવાલ | ૧૪-૧૧-૭૩ | ૧૪-૧૧-૭૩ |
| ૩. | સન ૧૯૭૨માં વિધેયક નં. ૫૧ સન ૧૯૭૨ના ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા (સુધારા) વિધેયક પરની પ્રવર સમિતિનો અહેવાલ | ૧૨-૧૧-૭૩ | ૧૩-૧૧-૭૩<br>૧૪-૧૧-૭૩ |
| ૪. | વિશેષાધિકાર સમિતિ | | |
| | પહેલો અહેવાલ | ૧૨-૧૦-૭૩ | |
| | બીજો અહેવાલ | ૧૨-૧૧-૭૩ | |
| ૫. | અંદાજ સમિતિ | | |
| | નવમો અહેવાલ | ૧૬-૧૧-૭૩ | |
| | દસમો અહેવાલ | ૧૬-૧૧-૭૩ | |
| ૬. | નિયમો માટેની સમિતિનો | | |
| | બીજો અહેવાલ | ૧૫-૧૧-૭૩ | |

## વિધાનસભાના મેજ ઉપર મૂકેલા કાગળો (અધિસૂચનાઓ સિવાય)

સત્ર દરમિયાન નીચેનું સાહિત્ય (અધિસૂચનાઓ સિવાય) વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યું હતું.

| અનુ ક્રમાંક | વિગત | મેજ ઉપર મૂકયા તારીખ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડના (૧) સન ૧૯૭૦-૭૧ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા (૨) સન ૧૯૭૩-૭૪ના વર્ષનું અંદાજપત્ર, કાર્યક્રમ અને મહેકમ. | ૧--૧૦--૭૩ |
| ૨. | (૧) તા. ૨૬મી માર્ચ, ૧૯૭૩થી તા. ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૭૩ સુધીમાં સરકારે આપેલી બાંયધરીની વિગત દર્શાવતું પત્રક તેમજ (૨) સન ૧૯૭૨-૭૩ના વર્ષ દરમિયાન રાજ્યના એકત્રિત ભંડોળમાંથી સરકારે બાંયધરી અંગે કરેલ ચૂકવણી ખર્ચ દર્શાવતું પત્રક. | ૧--૧૦--૭૩ |
| ૩. | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો (૧) સન ૧૯૭૧-૭૨નો દસમો વાર્ષિક અહેવાલ, (૨) સન ૧૯૭૧-૭૨નો હિસાબ તપાસણીનો અહેવાલ અને (૩) ૧૯૭૩--૭૪નું વાર્ષિક અંદાજપત્ર. | ૩--૧૦--૭૩ |
| ૪. | ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો (૧) સન ૧૯૭૨--૭૩નો તેરમો વાર્ષિક અહેવાલ તેમજ (૨) સન ૧૯૭૧--૭૨નો ઓડિટ અહેવાલ. | ૩--૧૦--૭૩ |
| ૫. | ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો સન ૧૯૭૧--૭૨નો વાર્ષિક અહેવાલ. | ૩--૧૦--૭૩ |
| ૬. | ગુજરાત ઇન્ડસ્ટ્રીઅલ ઇન્વેસ્ટમેન્ટ કોરપોરેશન લિમિટેડનો સન ૧૯૭૧--૭૨નો વાર્ષિક અહેવાલ અને હિસાબ તેમજ સન ૧૯૭૧--૭૨ના વર્ષની કાર્યવાહી દર્શાવતો અહેવાલ. | ૩--૧૦--૭૩ |
| ૭. | ગુજરાત રાજ્ય વેરહાઉસીંગ કોરપોરેશનનો સન ૧૯૭૧--૭૨નો વાર્ષિક અહેવાલ અને હિસાબ. | ૪--૧૦--૭૩ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૮. | ગુજરાત કામદાર કલ્યાણ મંડળનો સન ૧૯૭૧--૭૨નો બારમો વાર્ષિક અહેવાલ. | ૫--૧૦--૭૩ |
| ૯. | ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોરપોરેશનનો (૧) સન ૧૯૭૧--૭૨નો બારમો વાર્ષિક વહીવટી અહેવાલ, (૨) સન ૧૯૭૧--૭૨ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ (૩) સન ૧૯૭૨--૭૩નું સુધારેલું અંદાજપત્ર અને ૧૯૭૩-૭૪નું અંદાજપત્ર. | ૫--૧૦--૭૩ |
| ૧૦. | ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડનો સન ૧૯૭૧--૭૨નો વાર્ષિક વહીવટી અહેવાલ. | ૯--૧૦--૭૩ |
| ૧૧. | ગુજરાત રાજ્ય તકેદારી પંચનો સન ૧૯૭૦--૭૧નો સાતમો વાર્ષિક અહેવાલ તથા જે કિસ્સાઓમાં પંચની ભલામણો સરકારે સ્વીકારી નથી તે અંગેની સ્પષ્ટીકરણાત્મક નોંધ. | ૧૨--૧૦--૭૩ |
| ૧૨. | સન ૧૯૭૨ના ગુજરાત શહેરી વિસ્તાર ખાલી જમીન (સ્વત્વાર્પણ પ્રતિબંધ) અધિનિયમની કલમ ૭(૧) અને (૭) (૨) અન્વયે રાજ્ય સરકારે બહાર પાડેલા ૫૯ હુકમો તથા કલમ ૭(૩) અન્વયે જુદા જુદા જિલ્લાના કલેકટરોએ બહાર પાડેલા ૪૬ હુકમો. | ૧૨--૧૦--૭૩ |
| ૧૩. | ગુજરાત સ્ટેટ ટેક્ષટાઇલ કોરપોરેશન લિમિટેડનો સન ૧૯૭૧નો બીજો વાર્ષિક અહેવાલ અને હિસાબ. | ૧૨--૧૦--૭૩ |
| ૧૪. | તા. ૩૧મી ઓગષ્ટ, ૧૯૭૨ના રોજ ખેડા જિલ્લામાં છઠ્ઠા માઇલ સ્ટોન નજીક વસો ખાતે બનેલા બનાવો અને પોલીસ ગોળીબાર અંગે તપાસ કમિશનનો અહેવાલ તેમજ તેના પર સરકારે લીધેલા પગલા અંગેનું મેમોરેન્ડમ. | ૧૨--૧૧--૭૩ |
| ૧૫. | તા. ૧૪મી જાન્યુઆરી, ૧૯૭૩ના રોજ ધોરાજી નજીક બનેલા પોલીસ ગોળીબારના બનાવ અંગે તપાસ કમિશનનો અહેવાલ તેમજ તેના પર સરકારે લીધેલાં પગલાં અંગેનું મેમોરેન્ડમ. | ૧૨--૧૧--૭૩ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૬. | રાજ્યની પાંચમી પંચવર્ષીય યોજનાનો ખરડો. | ૧૩--૧૧--૭૩ |
| ૧૭. | તા. ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૭૩થી તા. ૧૯મી ઓકટોબર, ૧૯૭૩ સુધીમાં સરકારે જુદી જુદી સંસ્થાઓને આપેલી બાંયધરીની વિગત દર્શાવતું પત્રક. | ૧૩--૧૧--૭૩ |
| ૧૮. | ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશનનો પ્રથમ અહેવાલ. | ૧૩--૧૧--૭૩ |
| ૧૯. | સન ૧૯૭૨ના ગુજરાત શહેરી વિસ્તાર ખાલી જમીન (સ્વત્વાર્પણ પ્રતિબંધ) અધિનિયમની કલમ ૭(૨) અન્વયે રાજ્ય સરકારે બહાર પાડેલા ૧૦ હુકમો તથા કલમ ૭(૩) અન્વયે જુદા જુદા જિલ્લાના કલેકટરોએ બહાર પાડેલા ૯ હુકમો. | ૧૪--૧૧--૭૩ |

## વિધાનસભાના મેજ ઉપર મૂકેલા રાષ્ટ્રપતિ કે રાજ્યપાલની અનુમતિવાળાં વિધેયકો

સત્ર દરમિયાન નીચેનાં અનુમતિવાળાં વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યાં હતાં.

| અનુ-ક્રમાંક | વિધેયકનો નંબર અને ટૂંકી સંજ્ઞા | કોની અનુમતિ મળી છે તે | મેજ ઉપર મૂક્યા તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | સન ૧૯૬૯નું વિધેયક નં. ૨૮ સન ૧૯૬૯નું ગુજરાત પશુચિકિત્સક વિધેયક | રાજ્યપાલ | ૧-૧૦-૧૯૭૩ |
| ૨. | સન ૧૯૭૨નું વિધેયક નં. ૩૯ સન ૧૯૭૨નું ગુજરાત ખાનગી જંગલ(સંપાદન) | રાષ્ટ્રપતિ | ૧-૧૦-૧૯૭૩ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૩. | સન ૧૯૭૨નું વિધેયક નં. ૪૬ સન ૧૯૭૨નું ગુજરાત જાહેર જગાઓ (અન-ધિકૃત)ભોગવટો કરનારાઓ પાસે ખાલી કરાવવા બાબત વિધેયક | રાષ્ટ્રપતિ | ૧-૧૦-૧૯૭૩ |
| ૪. | સન ૧૯૭૨નું વિધેયક નં. ૪૮ સન ૧૯૭૨નું સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક | રાષ્ટ્રપતિ | ૧-૧૦-૧૯૭૩ |
| ૫. | સન ૧૯૭૨નું વિધેયક નં. ૪૯ સન ૧૯૭૨નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતી-ના જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ વિસ્તાર) (ગુજરાત સુધારા) વિધેયક | રાષ્ટ્રપતિ | ૧-૧૦-૧૯૭૩ |
| ૬. | સન ૧૯૭૩નું વિધેયક નં. ૫ સન ૧૯૭૩નું ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા નાબૂદી અને પુનર્વિકાસ)વિધેયક | રાષ્ટ્રપતિ | ૧-૧૦-૧૯૭૩ |
| ૭. | સન ૧૯૭૩નું વિધેયક નં-૭ સન ૧૯૭૩નું ગુજરાત માલિકી ફ્લેટ વિધેયક. | રાષ્ટ્રપતિ | ૧-૧૦-૧૯૭૩ |
| ૮. | સન ૧૯૭૩નું વિધેયક નં. ૧૧ સન ૧૯૭૩નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક | રાજ્યપાલ | ૧-૧૦-૧૯૭૩ |
| ૯. | સન ૧૯૭૩નું વિધેયક નં. ૧૨ સન ૧૯૭૩નું ગુજરાત નગરપાલિકા (સુધારા અને માન્ય ઠરાવતી જોગવાઈ) વિધેયક | રાજ્યપાલ | ૧-૧૦-૧૯૭૩ |
| ૧૦. | સન ૧૯૭૨નું વિધેયક નં. ૩૧ સન ૧૯૭૨-નું ગુજરાત માધ્યમિક શિક્ષણ વિધેયક | રાષ્ટ્રપતિ | ૧૨-૧૦-૧૯૭૩ |
| ૧૧. | સન ૧૯૭૩નું વિધેયક નં. ૧૫ સન ૧૯૭૩નું ગુજરાત મંત્રી પગાર અને ભથ્થાં (સુધારા) વિધેયક | રાજ્યપાલ | ૧૨-૧૧-૧૯૭૩ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૨. | સન ૧૯૭૩નું વિધેયક નં. ૧૮ સન ૧૯૭૩નું મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન(ગુજરાત સુધારા) વિધેયક | રાજ્યપાલ | ૧૨-૧૧-૧૯૭૩ |
| ૧૩. | સન ૧૯૭૩નું વિધેયક નં. ૨૧ સન ૧૯૭૩નું ગુજરાત આકસ્મિક ફંડ (કામચલાઉ વધારા) (સુધારા) વિધેયક | રાજ્યપાલ | ૧૨-૧૧-૧૯૭૩ |
| ૧૪. | સન ૧૯૭૩નું વિધેયક નં. ૨૨ સન ૧૯૭૩નું ગુજરાત યુનિવર્સિટી (સધારા) વિધેયક | રાજ્યપાલ | ૧૨-૧૧-૧૯૭૩ |
| ૧૫. | સન ૧૯૭૩નું વિધેયક નં. ૨૬ સન ૧૯૭૩નું ગુજરાત (દ્વિતિય પૂરક) વિનિયોગ વિધેયક | રાજ્યપાલ | ૧૨-૧૧-૧૯૭૩ |

## શોકદર્શક ઉલ્લેખ

(૧) ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર વિધાનસભા અને મુંબઈ વિધાનસભાના માજી સભ્યશ્રી હરિભાઈ રાણાભાઈ ભાસ્કર, ભૂતપૂર્વ મુંબઈ વિધાનસભાના સભ્ય અને ગુજરાત વિધાનસભાના પ્રથમ અધ્યક્ષ શ્રી કલ્યાણજીભાઈ વિઠ્ઠલભાઈ મહેતા, ગુજરાત વિધાન-સભાના માજી સભ્યશ્રી હમીરસિંહજી જયસિંહજી સોલંકી, માજી સભ્ય શ્રીમતી વસંતબેન જયસુખલાલ શાહ, ભૂતપૂર્વ મુંબઈ વિધાનસભાના માજી સભ્યશ્રી ભાઈજી-ભાઈ ઉકાભાઈ વાઘેલા અને શ્રી ચતુરભાઈ જેઠાભાઈ ચૌહાણના અવસાન અંગે સોમવાર તા. ૧લી ઓકટોબર, ૧૯૭૩ના રોજ સભાગૃહમાં શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. સદ્‌ગતોને અંજલિ આપ્યા બાદ સભાગૃહમાં સભ્યોએ ઉભા થઈને થોડીવાર મૌન પાળ્યું હતું.

(૨) ભૂતપૂર્વ મુંબઈ વિધાનસભાના અને ગુજરાત વિધાનસભાના માજી સભ્યશ્રી વીરસિંહભાઈ કાનજીભાઈ નિસરતા અને શ્રી કરીમજી રહેમાનજી છીપાના અવસાન અંગે બુધવાર, તારીખ ૩જી ઓકટોબર, ૧૯૭૩ના રોજ સભાગૃહમાં શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. સદ્‌ગતોને અંજલિ આપ્યા બાદ સભાગૃહમાં સભ્યોએ ઉભા થઈને થોડીવાર મૌન પાળ્યું હતું.

(૩) ભૂતપૂર્વ મુંબઇ વિધાનસભાના માજી સભ્યશ્રી રેવલાભાઇ શંકરભાઇ પટેલના અવસાન અંગે મંગળવાર, તા. ૧૩મી નવેમ્બર, ૧૯૭૩ના રોજ સભાગૃહમાં શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. સદ્‌ગતને અંજલિ આપ્યા બાદ સભાગૃહમાં સભ્યોએ ઉભા થઇને થોડીવાર મૌન પાળ્યું હતું.

## વિભાજન અને સભાત્યાગ

સત્ર દરમિયાન થયેલા વિભાજન અને સભાત્યાગને લગતી માહિતી પત્રક ક્રમાંક-૨૧માં આપી છે.

## વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા પ્રેક્ષકો

| | | સંખ્યા |
|---|---|---|
| (૧) | પ્રેક્ષક દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો ... | ૪,૨૨૩ |
| (૨) | ૩૬ શૈક્ષણિક સંસ્થાઓ અને શાળાઓમાંથી વિધાન સભાની કાર્યવાહી જોવા માટે આવેલા પ્રેક્ષકો ... | ૨,૯૧૬ |
| (૩) | અધ્યક્ષ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો ... | ૫૨૦ |
| (૪) | અતિથિવિશેષ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો ... | ૧,૩૭૦ |
| (૫) | રાજ્યપાલ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો ... | ... |
| | | ૯,૦૨૯ |

## પત્રક ક્રમાંક-૧

### ગૃહની બેઠકોની તારીખ અને સમય

| તારીખ<br>૧ | બેઠકોનો સમય<br>૨ | કુલ સમય<br>૩ |
|---|---|---|
| | | ક. મિ. |
| સોમવાર, તા. ૧-૧૦-૧૯૭૩ | ૧૨-૦૦ થી ૬-૦૩ | ૫--૩૩ |
| બુધવાર, તા. ૩-૧૦-૧૯૭૩ | ૧૨-૦૦ થી ૬-૦૭ | ૫--૩૭ |
| ગુરૂવાર, તા. ૪-૧૦-૧૯૭૩ | ૧૨-૦૦ થી ૬-૨૦ | ૫--૫૦ |
| શુક્રવાર, તા. ૫-૧૦-૧૯૭૩ | ૮-૦૦ થી ૧-૧૩ | ૪--૪૩ |
| સોમવાર, તા. ૮-૧૦-૧૯૭૩ | ૧૨-૦૦ થી ૬-૩૫ | ૬--૦૫ |
| મંગળવાર, તા. ૯-૧૦-૧૯૭૩ | ૧૨-૦૦ થી ૫-૨૫ | ૪--૫૫ |
| બુધવાર, તા. ૧૦-૧૦-૧૯૭૩ | ૧૨-૦૦ થી ૬-૩૦ | ૬--૦૦ |
| ગુરૂવાર, તા. ૧૧-૧૦-૧૯૭૩ | ૧૨-૦૦ થી ૫-૨૯<br>૯-૦૦ થી ૧૧-૨૩ | ૭--૫૨ |
| શુક્રવાર, તા. ૧૨-૧૦-૧૯૭૩ | ૮-૦૫ થી ૧-૧૬ | ૪--૪૬ |
| સોમવાર, તા. ૧૨-૧૧-૧૯૭૩ | ૧૨-૦૦ થી ૬-૧૬ | ૫--૪૬ |
| મંગળવાર, તા. ૧૩-૧૧-૧૯૭૩ | ૧૨-૦૦ થી ૬-૦૭ | ૫--૩૭ |
| બુધવાર, તા. ૧૪-૧૧-૧૯૭૩ | ૧૨-૦૦ થી ૫--૪૫ | ૫--૧૫ |
| ગુરૂવાર, તા. ૧૫-૧૧-૧૯૭૩ | ૮--૦૦ થી ૧૧-૩૦<br>૧-૦૦ થી ૬-૦૦ | ૮--૦૦ |
| શુક્રવાર, તા. ૧૬-૧૧-૧૯૭૩ | ૮-૦૦ થી ૧-૦૦ | ૪--૩૦ |
| | | ૮૦--૨૯ |

## પત્રક ક્રમાંક-૨

### સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલી હાજરી

| ક્રમાંક | સભ્યશ્રીનું નામ | કુલ હાજરી |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | શ્રી ખીમજી નાગજી પટેલ | ૧૨ |
| ૨. | શ્રી રામજી રાઘવજી ઠક્કર | ૪ |
| ૩. | ખાલી જગ્યા | — |
| ૪. | શ્રી મેઘજી સુમાર મોથારિયા | ૧૪ |
| ૫. | શ્રી ખીમજી જેસંગ આયર | ૭ |
| ૬. | શ્રી પ્રેમચંદ ઉત્તમચંદ મોરબીયા | ૬ |
| ૭. | શ્રી બલભદ્રસિંહજી ઈન્દ્રસિંહજી ઝાલા | ૯ |
| ૮. | શ્રી હસમુખલાલ મણીલાલ વોરા | ૧૪ |
| ૯. | શ્રી હરીભાઈ રત્નાભાઈ ડોરીયા | ૧૪ |
| ૧૦. | શ્રી કરમશીભાઈ કાનજીભાઈ મકવાણા | ૧૩ |
| ૧૧. | શ્રી નગીનદાસ માણેકચંદ શાહ | ૧૩ |
| ૧૨. | શ્રી મગનલાલ ત્રીભોવન સોમૈયા | ૯ |
| ૧૩. | શ્રી ગોવિંદ જેઠા પટેલ | ૧૪ |
| ૧૪. | ડો. અબ્દુલમુતલીબ કાસીમઅલી પીરજાદા | ૯ |
| ૧૫. | શ્રી પ્રભાતગીરી ગુલાબગીરી ગોસાંઈ | ૧૪ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૬. | શ્રી મનસુખભાઈ છગનલાલ જોશી | મંત્રીશ્રી |
| ૧૭. | શ્રી મનોહરસિંહજી પ્રદ્યુમનસિંહજી જાડેજા | ૯ |
| ૧૮. | શ્રી પોપટભાઈ લાખાભાઈ સોરઠીયા | ૧૪ |
| ૧૯. | શ્રી જમનાદાસ સામજી વેકરીયા | ૧૩ |
| ૨૦. | શ્રી નાથાલાલ ગોકળદાસ પટેલ | ૪ |
| ૨૧. | શ્રી ગોવિંદભાઈ કેશવજી પટેલ | ૧૪ |
| ૨૨. | શ્રી ભાણજી ભીમજી પટેલ | ૧૪ |
| ૨૩. | શ્રી લીલાધર પ્રાણજીવન પટેલ | ૩ |
| ૨૪. | શ્રી કાંતિલાલ પ્રેમચંદ શાહ | ૬ |
| ૨૫. | શ્રી ભીમજીભાઈ વસરામ પટેલ | ૧૩ |
| ૨૬. | શ્રી ગોરધન રવજી ફલદુ | ૧૪ |
| ૨૭. | શ્રી હેમતભાઈ રામભાઈ માડમ | ૮ |
| ૨૮. | શ્રી મારખી જેઠા ગોરીઆ | ૧૨ |
| ૨૯. | શ્રી માલદેવજી માંડલિકજી ઓડેદરા | ૭ |
| ૩૦. | શ્રી અરજણ વેજા નંદાણીયા | ૧૨ |
| ૩૧. | શ્રીમતી આયશાબેગમ મહમદઅલી શેખ | મંત્રીશ્રી |
| ૩૨. | શ્રી કેસર ભગવાન ડોડિયા | ૮ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૩૩. | શ્રી મસરી ખીમા સેવરા | ૧૧ |
| ૩૪. | શ્રી દાકરશી ધનજી પટેલ | ૧૩ |
| ૩૫. | શ્રી દેવજી ભીખા વાણવી | ૧૧ |
| ૩૬. | શ્રી દિવ્યકાંત કુંદનલાલ નાણાવટી | મંત્રીશ્રી |
| ૩૭. | શ્રી રામજીભાઈ દેવજીભાઈ કરકર | નાયબ મંત્રીશ્રી |
| ૩૮. | શ્રી રતુભાઈ મૂળશંકર અદાણી | ૧૪ |
| ૩૯. | શ્રી જીવરાજભાઈ મોહનભાઈ વાગડીયા | ૧૩ |
| ૪૦. | શ્રી ગોકળદાસ મોહનલાલ પટેલ | ૧૩ |
| ૪૧. | શ્રી નરસિંહદાસ ગોરધનદાસ ગોંધિયા | ૧૪ |
| ૪૨. | શ્રી રાઘવજી થોભણભાઈ લેઉવા | અધ્યક્ષશ્રી |
| ૪૩. | શ્રી જશવંતરાય નાનુભાઈ મહેતા | ૧૩ |
| ૪૪. | શ્રી નવીનચંદ્ર પરમાણંદદાસ રવાણી | નાયબ મંત્રીશ્રી |
| ૪૫. | શ્રી છબીલદાસ પ્રાગજીભાઈ મહેતા | મંત્રીશ્રી |
| ૪૬. | શ્રી બટુક વોરા | ૧૪ |
| ૪૭. | શ્રી હરિસિંહજી અખુભા ગોહીલ | ૧૪ |
| ૪૮. | શ્રી લખમણભાઈ ડાહ્યાભાઈ પટેલ | ૧૪ |
| ૪૯. | શ્રી પ્રવિણસિંહજી ગંભીરસિંહજી ગોહીલ | ૧૧ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૫૦. | શ્રી મનુભાઈ ગંગારામ વ્યાસ | ૧૩ |
| ૫૧. | શ્રી પ્રતાપરાય તારાચંદ શાહ | ૧૪ |
| ૫૨. | શ્રી મહાસુખરાય કુબેરભાઈ ભટ્ટ | ૧૪ |
| ૫૩. | શ્રી બાબુભાઈ ઉજમશીભાઈ મોદી | ૧૨ |
| ૫૪. | શ્રી પરસોત્તમભાઈ રવજીભાઈ મકવાણા | ૧૪ |
| ૫૫. | શ્રી ભાનુપ્રસાદ વાલજીભાઈ પંડ્યા | ૧૪ |
| ૫૬. | શ્રી રૂદ્રદત્તસિંહજી જયવંતસિંહજી વાઘેલા | ૧૧ |
| ૫૭. | શ્રી કાન્તીભાઈ ઈશ્વરલાલ પટેલ | ૧૩ |
| ૫૮. | શ્રીમતી કોકિલા હરિપ્રસાદ વ્યાસ | ૧૨ |
| ૫૯. | શ્રી મનુભાઈ હરિલાલ પાલખીવાલા | ૧૪ |
| ૬૦. | શ્રી મગનભાઈ આર. બારોટ | રાજ્યકક્ષાના મંત્રીશ્રી |
| ૬૧. | ડૉ. અજીતકુમાર પુરૂષોત્તમદાસ પટેલ | ૧૪ |
| ૬૨. | શ્રી પ્રબોધ ચીમનલાલ રાવળ | ૧૪ |
| ૬૩. | ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી | ૧૪ |
| ૬૪. | શ્રી અબ્દુલરહીમ તાજુજી કુંદીવાલા | ૧૪ |
| ૬૫. | શ્રી નરસિંહભાઈ કરસનભાઈ મકવાણા | ૧૩ |
| ૬૬. | શ્રી કાન્તિલાલ ફૂલચંદ ઘીયા | નાયબ મુખ્ય મંત્રીશ્રી |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૬૭. | શ્રી વિશનદાસ મંગલમલ મોતીઆણી | નાયબ મંત્રીશ્રી |
| ૬૮. | શ્રી રમણલાલ મથુરભાઈ પટેલ | ૧૦ |
| ૬૯. | શ્રી ઘનશ્યામભાઈ છોટાલાલ ઓઝા | ૮ |
| ૭૦. | શ્રી નરેન્દ્રસિંહજી અગરસિંહજી ઝાલા | મંત્રીશ્રી |
| ૭૧. | શ્રી અર્જુનસિંહ ભારતસિંહ રાઠોડ | ૧૧ |
| ૭૨. | શ્રી ગોવિંદભાઈ શામજીભાઈ પરમાર | ૧૪ |
| ૭૩. | શ્રી ભાવસિંહજી દાનસિંહજી ઝાલા | ૧૪ |
| ૭૪. | શ્રી દયાશંકર વિશ્વનાથ ત્રિવેદી | ૧૪ |
| ૭૫. | શ્રી મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી | ૧૩ |
| ૭૬. | શ્રી ગંગારામ ચુનીલાલ રાવલ | મંત્રીશ્રી |
| ૭૭. | શ્રી જગન્નાથ મુળશંકર વ્યાસ | ૧૪ |
| ૭૮. | શ્રી શંકરજી ઓખાજી ઠાકોર | ૧૪ |
| ૭૯. | શ્રી શંકરલાલ મોહનલાલ ગુરૂ | ૧૪ |
| ૮૦. | શ્રી વીઠ્ઠલભાઈ ડોસાભાઈ પટેલ | ૮ |
| ૮૧. | શ્રી નાથાભાઈ રત્નાભાઈ દેસાઈ | ૧૪ |
| ૮૨. | શ્રી ભગવાનદાસ નારણદાસ અમીન | ૧૪ |
| ૮૩. | શ્રી કરસનભાઈ હરીભાઈ ચૌધરી | ૧૪ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૮૪. | શ્રીમતી નિર્મલા લાલભાઈ ઝવેરી | ૧૪ |
| ૮૫. | શ્રી દોલતભાઈ ચેલારામ પરમાર | ૧૪ |
| ૮૬. | શ્રી ગુલાબસિંહજી વીરમસિંહજી વાઘેલા | ૧૪ |
| ૮૭. | શ્રી શાન્તીલાલ છોટાલાલ ધાણધારા | ૧૦ |
| ૮૮. | શ્રી ભીખાજી પુંજાજી પરમાર | ૧૩ |
| ૮૯. | શ્રી દલુભાઈ સવજીભાઈ દેસાઈ | ૧૧ |
| ૯૦. | શ્રી લેખરાજ હેમરાજભાઈ બચાણી | ૧૦ |
| ૯૧. | શ્રી લાલજીભાઈ રામજીભાઈ કરેણ | ૧૪ |
| ૯૨. | શ્રી માલજીભાઈ સગરામભાઈ ડાભી | ૭ |
| ૯૩. | શ્રી માનાભાઈ રેવાભાઈ ભાંભી | નાયબમંત્રીશ્રી |
| ૯૪. | શ્રી મૂળશંકર રણછોડભાઈ સુથાર | ૧૪ |
| ૯૫. | શ્રી શંકરભાઈ દેવજીભાઈ પટેલ | ૧૨ |
| ૯૬. | શ્રી ગોપાલદાસ વેણીદાસ પટેલ | ૧૪ |
| ૯૭. | શ્રી અંબાલાલ જયશંકર ઉપાધ્યાય | ૧૪ |
| ૯૮. | શ્રી લાલસિંહજી કિશોરસિંહજી રહેવર | ૧૪ |
| ૯૯. | શ્રી જેઠાલાલ ચંદુલાલ ગાંધી | ૧૪ |
| ૧૦૦ | શ્રી જીવાભાઈ મોતીભાઈ ડામોર | ૧૪ |
| ૧૦૧. | શ્રી વીરજીભાઈ લીંબાભાઈ મુનિયા | ૧૪ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૦૨. | શ્રી સોમજીભાઈ પુંજાભાઈ ડામોર | નાયબ મંત્રીશ્રી |
| ૧૦૩. | શ્રીમતી હસુમતિ ભવાનસિંહ ગુંડિયાર | ૧૪ |
| ૧૦૪. | શ્રી વીરસિંહ ગંગજી મોહનીઆ | ૧૪ |
| ૧૦૫. | શ્રી જયદિપસિંહજી સુભકસિંહજી | ૫ |
| ૧૦૬. | શ્રીમતી ભદ્રાબેન શીરીષકુમાર પંડયા | ૧૧ |
| ૧૦૭. | શ્રી માણેકલાલ મગનલાલ ગાંધી | ૧૪ |
| ૧૦૮. | શ્રી સોમાલાલ નાથજીભાઈ શીરોઈઆ | ૧૪ |
| ૧૦૯. | શ્રી રમેશચંદ્ર યુકલ પરમાર | ૧૪ |
| ૧૧૦. | શ્રી પરતાપસિંહ હીરાભાઈ પટેલ | ૧૪ |
| ૧૧૧. | શ્રી ડાહ્યાભાઈ કાળીદાસ ભટ્ટ | ૧૪ |
| ૧૧૨. | શ્રી છત્રસિંહ અમરસિંહજી સોલંકી | ૧૪ |
| ૧૧૩. | શ્રી ઘનશ્યામભાઈ અંબાલાલ પંડિત | ૧૪ |
| ૧૧૪. | શ્રી બુધાજી જીતાજી ચૌહાણ | ૧૪ |
| ૧૧૫. | શ્રી અજીતસિંહ ફુલસિંહજી ડાભી | ૧૩ |
| ૧૧૬. | શ્રી ફુલસિંહજી મોતીસિંહજી સોલંકી | ૧૪ |
| ૧૧૭. | શ્રી હરમાનભાઈ નરસિંહભાઈ પટેલ | ૧૪ |
| ૧૧૮. | શ્રી બાબુભાઈ ભીખાભાઈ દેસાઈ | ૧૧ |
| ૧૧૯. | શ્રી અમરસિંહજી ભુપતસિંહજી વાઘેલા | ૧૪ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૨૦. | શ્રી ઉદેસિંહ વીરસિંહ વડોદિયા | રાજ્ય કક્ષાના મંત્રીશ્રી |
| ૧૨૧. | શ્રી ગોવિંદભાઈ જેસંગભાઈ પટેલ | ૧૪ |
| ૧૨૨. | શ્રી ઉમેદભાઈ ફતેસિંહ ગોહેલ | ૧૪ |
| ૧૨૩. | શ્રી માધવસિંહ ફ લસિંહજી સોલંકી | ૫ |
| ૧૨૪. | શ્રી દાદુભાઈ છગનભાઈ વાઘેલા | ૧૦ |
| ૧૨૫. | શ્રી પ્રભુદાસ શંકરલાલ પટેલ | ૧૦ |
| ૧૨૬. | શ્રીમતી ગંગાબેન અમૃતલાલ વાઘેલા | ૧૪ |
| ૧૨૭. | શ્રી માધવલાલ ભાઈલાલ શાહ | ૧૪ |
| ૧૨૮. | શ્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવા | ૧૪ |
| ૧૨૯. | શ્રી કરશનભાઈ બોડાભાઈ રાઠવા | ૧૪ |
| ૧૩૦. | શ્રી મેઘાભાઈ જગાભાઈ ભીલ | ૧૪ |
| ૧૩૧. | શ્રી ચીમનભાઈ જીવાભાઈ પટેલ | મુખ્યમંત્રીશ્રી |
| ૧૩૨. | શ્રી કાલીદાસ જેઠાભાઈ ચૌહાણ | ૧૪ |
| ૧૩૩. | શ્રી ધીરજલાલ ધનીલાલ જયસ્વાલ | ૧૦ |
| ૧૩૪. | શ્રી મણીભાઈ આશારામ શાહ | ૧૪ |
| ૧૩૫. | શ્રી ચંદ્રકાન્ત મૂળજીભાઈ પરીખ | ૧૩ |
| ૧૩૬. | ડૉ. ઠાકોરભાઈ વિઠ્ઠલભાઈ પટેલ | મંત્રીશ્રી |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૩૭. | શ્રી સનતકુમાર મગનલાલ મહેતા | ૧૪ |
| ૧૩૮. | શ્રી ગોવિંદભાઈ બાપુભાઈ પટેલ | ૧૪ |
| ૧૩૯. | શ્રી મનુભાઈ છોટાભાઈ પટેલ | ૧૪ |
| ૧૪૦. | શ્રીમતી પ્રતિભાબેન લલીતચંદ્ર રાણા | ૧૪ |
| ૧૪૧. | શ્રી મગનભાઈ ભુખણભાઈ સોલંકી | ૧૨ |
| ૧૪૨. | શ્રી ફત્તેહસિંહજી પ્રતાપસિંહજી રાણા | ૧૩ |
| ૧૪૩. | શ્રી પિયુષભાઈ ધનવંતરાય ઠાકોર | રાજ્યકક્ષાના મંત્રીશ્રી |
| ૧૪૪. | શ્રી હરીસિંહ ભગુબાવા મહિડા | ૧૧ |
| ૧૪૫. | શ્રી ચીમનલાલ કરશનદાસ વસાવા | ૧૪ |
| ૧૪૬. | શ્રી હિંમતભાઈ મથુરભાઈ રજવાડી | ૧૪ |
| ૧૪૭. | શ્રી રામજીભાઈ હારાભાઈ વસાવા | ૧૪ |
| ૧૪૮. | શ્રી ભીમસિંગભાઈ ફોજસીંગભાઈ વસાવે | ૧૨ |
| ૧૪૯. | શ્રી વિનોદભાઈ માકાભાઈ ચૌધરી | ૧૪ |
| ૧૫૦. | શ્રીમતી ડાહીબેન રામાભાઈ રાઠોડ | ૧૩ |
| ૧૫૧. | શ્રી ગોરધનદાસ રણછોડદાસ ચોખાવાલા | ૧૧ |
| ૧૫૨. | શ્રી કૃષ્ણવદન ધનસુખલાલ પચ્ચીગર | ૬ |
| ૧૫૩. | શ્રી જશવંતસિંહ દાનસિંહ ચૌહાણ | ૧૩ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૫૪. | શ્રી છોટુભાઈ નરસિંહભાઈ કોન્ટ્રાકટર | ૧૪ |
| ૧૫૫. | શ્રી બાલુભાઈ દેવાભાઈ પટેલ | ૧૧ |
| ૧૫૬. | શ્રી ભુલાભાઈ વિઠ્ઠલભાઈ પટેલ | ૧૪ |
| ૧૫૭. | શ્રી મંછારામ નારણદાસ પટેલ | ૧૪ |
| ૧૫૮. | શ્રી અમરસિંહ ભીલાભાઈ ચૌધરી | મંત્રીશ્રી |
| ૧૫૯. | શ્રી છગનભાઈ દેવાભાઈ પટેલ | ૭ |
| ૧૬૦. | શ્રી દિનકરભાઈ ભીખુભાઈ દેસાઈ | ૧૪ |
| ૧૬૧. | શ્રી અમુલ મગનલાલ દેસાઇ | મંત્રીશ્રી |
| ૧૬૨. | શ્રી રતનજી કાથુડભાઈ પટેલ | ૧૪ |
| ૧૬૩. | શ્રી રતનભાઈ ગોવિંદભાઈ ગાવિત | ૯ |
| ૧૬૪. | શ્રી રામુભાઈ બાલુભાઈ જાદવ | ૭ |
| ૧૬૫. | શ્રી ભગવાનદાસ સોમાભાઈ ધનપાતળીયા | ૧૪ |
| ૧૬૬. | શ્રી કેશવભાઈ રતનજી પટેલ | ૧૪ |
| ૧૬૭. | શ્રી ઉત્તમભાઈ હરજીભાઈ પટેલ | ૧૪ |
| ૧૬૮. | શ્રી કીકલાભાઈ જેઠીયાભાઈ વારલી | ૧૪ |

પત્રક ક્રમાંક--૩

## સભ્યશ્રીઓની તારીખવાર હાજરી

(અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી, રાજ્યકક્ષાના મંત્રીશ્રી, નાયબ મંત્રીશ્રી અને સંસદીય સચિવશ્રી સિવાય)

| તારીખ<br>૧ | હાજરી<br>૨ | ગેરહાજરી<br>૩ | કુલ સંખ્યા<br>૪ |
|---|---|---|---|
| ૧-૧૦-૭૩ | ૧૩૩ | ૧૪ | ૧૪૭ |
| ૩-૧૦-૭૩ | ૧૩૭ | ૧૦ | ૧૪૭ |
| ૪-૧૦-૭૩ | ૧૩૩ | ૧૪ | ૧૪૭ |
| ૫-૧૦-૭૩ | ૧૪૫ | ૨ | ૧૪૭ |
| ૮-૧૦-૭૩ | ૧૧૬ | ૩૧ | ૧૪૭ |
| ૯-૧૦-૭૩ | ૧૨૫ | ૨૨ | ૧૪૭ |
| ૧૦-૧૦-૭૩ | ૧૨૮ | ૧૯ | ૧૪૭ |
| ૧૧-૧૦-૭૩ | ૧૨૭ | ૨૦ | ૧૪૭ |
| ૧૨-૧૦-૭૩ | ૧૨૬ | ૨૧ | ૧૪૭ |
| ૧૨-૧૧-૭૩ | ૧૨૭ | ૨૦ | ૧૪૭ |
| ૧૩-૧૧-૭૩ | ૧૩૧ | ૧૬ | ૧૪૭ |
| ૧૪-૧૧-૭૩ | ૧૩૦ | ૧૭ | ૧૪૭ |
| ૧૫-૧૧-૭૩ | ૧૨૬ | ૨૧ | ૧૪૭ |
| ૧૬-૧૧-૭૩ | ૧૨૬ | ૨૧ | ૧૪૭ |

### પત્રક ક્રમાંક-૪

## સત્ર દરમિયાન ગુજરાત વિધાનસભામાં રોજેરોજ થયેલા કામકાજનો સારાંશ

### સોમવાર તા. ૧લી ઓકટોબર, ૧૯૭૩

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. શ્રી મનોહરસિંહજી જાડેજાએ પ્રશ્નો પૂછવા માટે નવા નિયમો તરફ ધ્યાન દોરી જણાવ્યું કે સત્રનો આવાહન પત્ર ૨૩મીએ પ્રસિદ્ધ થયેલ જે સભ્યોને ૨૪મીએ મળેલ ત્યારબાદ સરકારના વિગતવાર કાર્યક્રમની જાણ ૨૭/૨૮મીએ પ્રસિદ્ધ થઈ, જે કેટલાક સભ્યોને ટપાલમાં પહેલી તારીખે મળી, જેના લીધે પ્રશ્નો પૂછવાની સૂચનાઓ સમયસર સભ્યો મોકલી શકવા સમર્થ ન બન્યા. આ બાબતમાં ભવિષ્યમાં કાળજી રાખવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી ઉપરોક્ત મુદ્દા સાથે સંમત થયા અને જણાવ્યું કે પ્રશ્નોનો કાર્યક્રમ સભ્યોને પ્રશ્ન પૂછવાની છેલ્લી તારીખના અઠવાડિયા અગાઉ મળી રહે તે પ્રમાણેની વ્યવસ્થા થવી જોઈએ અને તે પ્રમાણે કાર્યક્રમ ગોઠવવો જોઈએ. ભવિષ્યમાં સભાગૃહ બોલાવવાની તારીખની વિચારણા સરકાર કરે ત્યારે આ અંગે કાળજી રાખશે તેવી આશા તેમણે વ્યકત કરી.

૩. (૧) ભૂતપૂર્વ વિધાનસભાના સભ્યો અને ગુજરાત વિધાનસભાના પ્રથમ અધ્યક્ષશ્રી કલ્યાણજીભાઈ વિઠ્ઠલભાઈ મહેતાના અવસાન અંગે માનનીય મુખ્યમંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે શોકદર્શક ઉલ્લેખ કરીને અંજલિ આપી. સભ્યશ્રી માણેકલાલ ગાંધી, સભ્યશ્રી હરિસિંહજી ગોહિલ, નાણાં મંત્રી, ડૉ. અમુલ દેસાઈ, સભ્યશ્રી ભાણજી પટેલ, સભ્ય, ડૉ. કેશવભાઈ પટેલ અને સભ્ય, શ્રી ઉત્તમભાઈ પટેલે ભાગ લઈને અંજલિઓ આપી.

માનનીય અધ્યક્ષશ્રીએ તેમાં પોતાનો સૂર પૂરાવ્યો. સદ્‌ગતના માનમાં સભ્યોએ પોતાના સ્થાન પર ઉભા થઈને થોડીવાર મૌન પાળ્યું. માન. અધ્યક્ષશ્રીએ મરોલી આશ્રમના અંતેવાસીઓને સભાગૃહની લાગણીનો સંદેશો મોકલી આપવામાં આવશે તેમ જણાવ્યું.

(૨) ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર વિધાનસભા અને મુંબઈ વિધાનસભાના માજી સભ્ય, શ્રી હરિભાઈ રા. ભાસ્કર, ગુજરાત વિધાનસભાના માજી સભ્ય, શ્રી હમીરસિંહજી સોલંકી, માજી સભ્ય, શ્રીમતી વસંતબેન શાહ ભૂતપૂર્વ મુંબઈ વિધાનસભાના માજી સભ્ય, શ્રી ભાઈજીભાઈ વાઘેલા અને શ્રી ચતુરભાઈ જે. ચૌહાણના અવસાન અંગે માન. મુખ્ય મંત્રીશ્રી ચીમનભાઈ પટેલે શોકદર્શક ઉલ્લેખો કર્યા અને પોતાની અંજલિઓ આપી. તેમાં સભ્યશ્રી માણેકલાલ ગાંધી, સભ્યશ્રી હરિસિંહજી ગોહિલ, સભ્યશ્રી

માધવલાલ શાહ, સભ્યશ્રી ભાણજી પટેલ, સભ્ય ડો. ભાનુપ્રસાદ પંડ્યા, મંત્રીશ્રી મનસુખભાઇ જોષી અને સભ્યશ્રી કાલીદાસ ચૌહાણે ભાગ લીધો અને અંજલિઓ આપી. મા. અધ્યક્ષશ્રીએ, તેમાં પોતાનો સૂર પુરાવ્યો. સદ્‌ગતોના માનમાં સભ્યશ્રીઓએ પોતાનાં સ્થાન પર ઉભા થઈને થોડીવાર મૌન પાળ્યું. મા. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સભાગૃહની લાગણીનો સંદેશો સદ્‌ગતોના કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે.

૪. શ્રી માણેકલાલ ગાંધીએ નિયમ ૪૭(૨) અન્વયે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને જણાવ્યું કે નવું રચાયેલ પ્રધાનમંડળ કાયદેસર રીતે રચાયેલું નથી. પ્રધાન મંડળની સોગંદવિધિ સમયે પાંચ નાયબ પ્રધાનોની સોગંદવિધિ એકી સાથે કરવામાં આવી હતી, જેના માટે બંધારણમાં જોગવાઇ નથી.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સભાગૃહનું કામકાજ કરવામાં બંધારણની કોઇપણ જોગવાઇનો ભંગ થાય તો તે અટકાવવાનું કામ અધ્યક્ષનું છે. પરંતુ પ્રધાનમંડળ કાયદેસર રીતે રચાયેલું છે કે કેમ તે જોવાનો અધ્યક્ષને અધિકાર નથી.

૫. શ્રી લાલસિંહજી રહેવરે ઔચિત્યભંગનો મુદ્દો ઉપસ્થિત કરતાં જણાવ્યું કે ગઇ કાલે અખબારી પરિષદમાં મુખ્ય મંત્રીશ્રીએ પૂર અને અતિવૃષ્ટિથી થયેલ નુકસાન અને રાહત તેમજ પુનવસવાટ માટે લેવાયેલાં પગલાંની જાહેર કરેલી વિગતોમાં ખેડૂતોનું મહેસૂલ માફ કરવા બાબતની નીતિ વિષયક જાહેરાત કરીને ગૃહનો ઔચિત્યભંગ કર્યો છે.

મુખ્ય મંત્રી, શ્રી ચીમનભાઇ પટેલે સ્પષ્ટતા કરી કે જિલ્લાના ધારાસભ્યો, કલેક્ટરો અને જિલ્લા પંચાયતોના પ્રમુખો સાથે ત્રણ દિવસ પહેલાં થયેલી વિચારણાની જાહેરાત પત્રકારો સમક્ષ કરી તેમાં જેમની જમીનો તદ્દન ધોવાઇ ગઇ છે તેવા જ ખેડૂતોનું મહેસૂલ માફ કરવાનું વિચારાયું છે.

સ્પષ્ટતા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે આવી જાહેરાતમાં ગૃહના ઔચિત્યનો કોઈ ભંગ થતો નથી.

૬. સભ્યશ્રી નરસિંહદાસ ગોધિયાએ ઔચિત્યભંગનો મુદ્દો ઉપસ્થિત કરતા જણાવ્યું કે ગૃહ મળવાનું હતું છતાં સરકારે માધ્યમિક શિક્ષણ ધારામાં વટહુકમ બહાર પાડીને કેટલાક સુધારા કર્યા છે. સરકારને આવી ઉતાવળ કરવાની શી જરૂર પડી ? સરકારના આ કૃત્યથી ગૃહના ઔચિત્યનો ભંગ થાય છે. શ્રી મનોહરસિંહજી જાડેજાએ પણ શ્રી ગોધિયાના મુદ્દાને સમર્થન આપ્યું.

શિક્ષણ મંત્રી, શ્રીમતી આયશાબેગમે સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે ભારતના રાષ્ટ્રપતિને તેમણે એવી ખાતરી આપી હતી કે વિધેયકને અનુમતિ આપ્યા બાદ તેમાં જરૂરી

સુધારા કરવાની બાબતમાં ગુજરાત સરકાર સહેજ પણ વિલંબ નહિ કરે અને તેથી જ વટહુકમ બહાર પાડીને સુધારા કરવામાં આવ્યા છે. તેઓએ વધુમાં જણાવ્યું કે આ બાબતમાં સભાગૃહનો અનાદર કરવાનો કોઈ ઈરાદો ન હતો.

માનનીય અધ્યક્ષશ્રીને ઉકત સ્પષ્ટતા બાદ ઔચિત્ય ભંગના મુદ્દાને નામંજૂર કર્યો હતો.

૭. માનનીય અધ્યક્ષશ્રીની પરવાનગીથી મુખ્ય મંત્રીશ્રીએ રાજ્યની નદીઓમાં આવેલા પૂર અંગે નિવેદન કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછી શકાય અથવા ચર્ચા રાખી શકાય.

માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે આ અઠવાડિયામાં કોઈપણ દિવસે બે કલાક આપવામાં હરકત નથી. શ્રી સનત મહેતાએ આ બાબતમાં ચર્ચા માટે આખો દિવસ ફાળવવા વિનંતી કરી હતી.

વિરોધ જૂથના નેતા, શ્રી માણેકલાલ ગાંધીએ પણ એવી જ માગણી કરી.

શ્રી મનોહરસિંહજી જાડેજાએ પ્રશ્નો પૂછવા દેવા ઉપરાંત ચર્ચા આપવા વિનંતી કરી. શ્રી મનુભાઈ પાલખીવાળાએ બે દિવસ ફાળવવા માગણી કરી.

મુખ્ય મંત્રીશ્રીએ ચર્ચા માટે આખો દિવસ ફાળવવાનું સૂચન માન્ય રાખ્યું અને જણાવ્યું કે ત્રણ દિવસ પછી ચર્ચા રાખી શકાશે.

માનનીય અધ્યક્ષશ્રીએ આવતા અઠવાડિયામાં ચર્ચા રાખવા સંમતિ આપી.

૮. શ્રી એ. ટી. કંદીવાલાએ મુખ્ય મંત્રીશ્રીનું નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોર્યું:—

"તા. ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૭૩ અને ત્યાર બાદ મોડાસામાં અને આસપાસના વિસ્તારોમાં થયેલા તોફાનો અને તેમાં પોલીસે દાખવેલ નિષ્કાળજી અને બેદરકારીને કારણે ઊભી થતી ગંભીર પરિસ્થિતિ અંગે રાજ્ય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

માનનીય. મુખ્ય મંત્રીશ્રી ચીમનભાઈ પટેલે પોતાનું નિવેદન કર્યું નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો કેટલાક સભ્યોએ પૂછ્યા અને માનનીય. મુખ્ય મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૯. નીચે દર્શાવેલા કાગળો સબંધિત મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા :—

(૧) મુખ્ય મંત્રીશ્રી ચીમનભાઈ પટેલે સન ૧૯૭૩નો ગુજરાત મંત્રી પગાર અને ભથ્થાં (સુધારા) વટહુકમ (સન ૧૯૭૩નો વટહુકમ ક્રમાંક-૧) મેજ ઉપર મૂકયો.

(૨) મહેસૂલ મંત્રીશ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ સન ૧૯૭૩નો મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વટહુકમ (સન ૧૯૭૩નો વટહુકમ ક્રમાંક-૨) મેજ ઉપર મૂકયો.

(૩) મહેસૂલ મંત્રીશ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ સન ૧૯૭૩નો ગુજરાત શહેરી વિસ્તાર ખાલી જમીન (સ્વત્વાર્પણ પ્રતિબંધ) સુધારા (વટહુકમ) (સન ૧૯૭૩નો વટહુકમ ક્રમાક-૩) મેજ ઉપર મૂકયો.

(૪) રાજ્ય કક્ષાના મંત્રી શ્રી મગનભાઈ બારોટે સન ૧૯૭૩નો ગુજરાત યુનિવર્સિટી (સુધારા) વટહુકમ (સન ૧૯૭૩નો વટહુકમ ક્રમાંક-૪) મેજ પર મૂકયો.

(૫) નાણા મંત્રી, ડો. અમુલ દેસાઈએ સન ૧૯૭૩નો ગુજરાત આકસ્મિક ફંડ (કામચલાઉ વધારા) (સુધારા) વટહુકમ (સન ૧૯૭૩નો વટહુકમ ક્રમાંક-૫) મેજ પર મૂકયો.

(૬) નાયબ મંત્રીશ્રી, નવીનચંદ્ર રવાણીએ જાહેર બાંધકામ વિભાગની તા. ૨૧મી મે, ૧૯૭૩ની અધિસૂચના ક્રમાંક જીએચ/જે/૯/૭૩/એસસીએ/૧૦૭૩-એ (૧) મેજ પર મૂકી.

(૭) નાયબ મંત્રી, શ્રી નવીનચંદ્ર રવાણીએ ગુજરાત ગૃહનિર્માણ બોર્ડના સન ૧૯૭૦-૭૧ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા સન ૧૯૭૩-૭૪ના વર્ષનું અંદાજપત્ર, કાર્યક્રમ અને મહેકમ મેજ પર મૂકયાં.

(૮) નાણા મંત્રી ડો. અમુલ દેસાઈએ તા. ૨૬મી માર્ચ, ૧૯૭૩ થી તા. ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૭૩ સુધીમાં સરકારે આપેલી બાંયધરીની વિગત દર્શાવતું પત્રક તેમજ સન ૧૯૭૨-૭૩ના વર્ષ દરમ્યાન રાજ્યના એકત્રિત ભંડોળમાંથી સરકારે બાંયધરી અંગે કરેલ ચુકવણી ખર્ચ દર્શાવતું પત્રક મેજ પર મૂકયું.

૧૦. ગુજરાત વિધાનસભાના સચિવશ્રીએ ત્રીજી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલા અને જેને રાષ્ટ્રપતિની અથવા રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં નીચેનાં નવ વિધેયકો વિધાનસભાના મેજ પર મૂકયા.

(ક) નીચેનાં વિધેયકોને રાષ્ટ્રપતિની મંજૂરી મળી છે.

(૧) સન ૧૯૭૨નું ગુજરાત ખાનગી જંગલ (સંપાદન) વિધેયક ક્રમાંક-૩૯.

(૨) સન ૧૯૭૨નું ગુજરાત જાહેર જગાઓ (અનધિકૃત) ભોગવટો કરનારાઓ પાસે ખાલી કરાવવા બાબત વિધેયક ક્રમાંક ૪૬.

(૩) સન ૧૯૭૨નું સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક ક્રમાંક-૪૮.

(૪) સન ૧૯૭૨નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ વિસ્તાર) (ગુજરાત સુધારા) વિધેયક ક્રમાંક-૪૯.

(૫) સન ૧૯૭૩નું ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા નાબુદી અને પુર્નવિકાસ) વિધેયક ક્રમાંક-૫.

(૬) સન ૧૯૭૩નું ગુજરાત માલિકી ફ્લેટ વિધેયક ક્રમાંક-૭.

(ખ) નીચેનાં વિધેયકોને રાજ્યપાલશ્રીની મંજૂરી મળી છે.

(૧) સન ૧૯૬૯નું પશુચિકિત્સક વિધેયક ક્રમાંક-૨૮.

(૨) સન ૧૯૭૩નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક ક્રમાંક-૧૧.

(૩) સન ૧૯૭૩નું ગુજરાત નગરપાલિકા (સુધારા) અને માન્ય ઠરાવતી જોગવાઈ વિધેયક ક્રમાંક ૧૨.

૧૧. માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર ચૂંટવાના ગુજરાત વિધાનસભાના બે પ્રતિનિધિઓની ચૂંટણી સંબંધી કાર્યક્રમની જાહેરાત કરી.

૧૨. નાણા મંત્રી, ડૉ. અમુલ દેસાઈએ સન ૧૯૭૩-૭૪ના વર્ષ માટેના પૂરક પત્રકની રજૂઆત કરી.

૧૩. શ્રી મનોહરસિંહજી જાડેજાએ મુદ્દો ઉપસ્થિત કરતાં જણાવ્યું કે લોકસભાની પ્રણાલિ એવી છે કે કોઈપણ પ્રવર સમિતિની મુદત જ્યારે સભાગૃહ ચાલુ ન હોય ત્યારે વધારવામાં આવે અને જો એ મુદત અધ્યક્ષે વધારી હોય તો અધ્યક્ષે બીજું સત્ર શરૂ થાય ત્યારે જેમ બને તેમ જલ્દી તેની જાહેરાત ગૃહમાં કરવી જોઈએ. ગુજરાત વિધાનસભાના નિયમો મુજબ આવી મુદત વધારવાની સત્તા અધ્યક્ષને આપેલી છે. તેથી દરેક સભ્યને આવી કોઈ મુદત સત્ર ચાલુ ન હોય ત્યારે વધારી આપવામાં આવી હોય ત્યારે સત્ર ચાલુ થાય ત્યારે જાણવાનો અધિકાર છે કે નહિ

તે બાબતમાં અધ્યક્ષશ્રીનું રૂલીંગ માગ્યું. મા. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આપણા નિયમોમાં સમય વધારી આપવાની સત્તા અધ્યક્ષને આપેલી છે તે સત્ર ચાલુ હોય ત્યારે પણ વાપરી શકે છે. લોકસભા અને આપણા નિયમોમાં ફેર છે. ત્યાં સત્ર ચાલુ હોય ત્યારે સમિતિના પ્રમુખે સભાગૃહ પાસે પ્રસ્તાવ લઈને આવવું પડે છે.

૧૪. કાયદા મંત્રી, શ્રી દિવ્યકાન્ત નાણાવટીએ ગુજરાત રાજ્ય સેવા કમિશનના સન ૧૯૭૦-૭૧ નો અને ૧૯૭૧-૭૨ના અહેવાલો એકી સાથે વિચારણામાં લેવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો. પ્રસ્તાવ પરની ચર્ચામાં ૬ સભ્યોએ ભાગ લીધો.

કાયદા મંત્રી, શ્રી દિવ્યકાન્ત નાણાવટીએ ચર્ચાનો જવાબ આપ્યો. કેટલાક સભ્યોએ જવાબમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા. ચર્ચા પૂરી થઈ.

૧૫. શ્રમ મંત્રી શ્રી મનસુખભાઈ જોષીએ ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડનું સન ૧૯૬૯-૭૦ નું અને ૧૯૭૦-૭૧ નું કામકાજ વિચારણામાં લેવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો.

પ્રસ્તાવ પરની ચર્ચામાં ૪ સભ્યોએ ભાગ લીધો. ચર્ચા અધૂરી રહી.

માનનીય. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે અધૂરી રહેલી ચર્ચા તારીખ ૩જી ઓકટોબર ૧૯૭૩ના રોજ હાથ ધરવામાં આવશે.

### બુધવાર, તા. ૩જી ઓકટોબર, ૧૯૭૩.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. ભૂતપૂર્વ મુંબઈ વિધાનસભા અને ગુજરાત વિધાનસભાના માજી સભ્ય, શ્રી વિરસિંહભાઈ નીસરતા અને શ્રી કરીમજી રહેમાનજી છીપાના અવસાન અંગે મા. મુખ્ય મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે શોકદર્શક ઉલ્લેખ કર્યા અને પોતાની અંજલિઓ આપી. તેમાં શ્રી માણેકલાલ ગાંધી, શ્રી ભગવાનદાસ અમીન, શ્રી વીરજીભાઈ મુનિયા, શ્રી એ. ટી. કુંદીવાલા, શ્રી ભાણજીભાઈ પટેલ, શ્રી વિરસિંહ મોહનિયા અને નાયબ મુખ્યમંત્રી, શ્રી કાંતિલાલ ઘીયાએ પોતપોતાની અંજલિઓ આપી. માનનીય. અધ્યક્ષશ્રીએ તેમાં પોતાનો સૂર પૂરાવ્યો. સભ્યશ્રીઓએ પોતાની બેઠક ઉપર ઊભા થઈને થોડો સમય મૌન પાળ્યું. માનનીય અધ્યક્ષશ્રીએ સદ્ગતોનાં કુટુંબીજનોને સભાગૃહની લાગણીનો સંદેશો મોકલી આપવામાં આવશે તેમ જણાવ્યું.

૩. શ્રી મનુભાઈ પાલખીવાલાએ પુરવઠા મંત્રીશ્રી નરેન્દ્રસિંહ ઝાલાનું નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોર્યું :—

"રાજ્યમાં સીમેન્ટની તીવ્ર તંગીને કારણે હાઉસિંગ સોસાયટીઓનાં અને અન્ય બાંધકામો માટે ઊભી થયેલી ગંભીર પરિસ્થિતિ અને તેથી ઊભી થયેલી બેરોજગારી અને તે અંગે સરકારે લીધેલાં તાકીદનાં પગલાં."

પુરવઠા મંત્રીશ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ પોતાનું નિવેદન કર્યું. નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો કેટલાક સભ્યોએ પૂછયા અને મંત્રીશ્રીએ તેના જવાબો આપ્યા.

૪. નીચે દર્શાવેલા કાગળો સબંધિત મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

(૧) શિક્ષણ મંત્રી, શ્રીમતી આયશાબેગમ શેખે સને ૧૯૭૩નો ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વટહુકમ (સન ૧૯૭૩નો વટહુકમ ક્રમાંક-૬ ) મેજ ઉપર મૂકયો.

(૨) રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રી શ્રી પિયુષભાઈ ઠાકોર ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સને ૧૯૭૧-૭૨નો દસમો વાર્ષિક અહેવાલ, સન ૧૯૭૧-૭૨નો હિસાબ તપાસણીનો અહેવાલ અને સન ૧૯૭૩-૭૪નું વાર્ષિક અંદાજપત્રક મેજ ઉપર મૂકયા.

(૩) રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રી, શ્રી પિયુષભાઈ ઠાકોરે ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમનો સન ૧૯૭૨-૭૩નો તેરમો વાર્ષિક અહેવાલ તેમજ સન ૧૯૭૨-૭૩નો ઓડિટ અહેવાલ મેજ ઉપર મૂકયા.

(૪) રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રી, શ્રી પિયુષભાઈ ઠાકોરે ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો સન ૧૯૭૧-૭૨નો વાર્ષિક અહેવાલ મેજ ઉપર મૂકયો.

(૫) રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રી, શ્રી પિયુષભાઈ ઠાકોરે ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ કોર્પોરેશન લિ.નો સન ૧૯૭૧-૭૨નો વાર્ષિક અહેવાલ અને હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ સન ૧૯૭૧-૭૨ના વર્ષની કાર્યવાહી દર્શાવતો અહેવાલ મેજ ઉપર મૂકયા.

(૬) સમાજ કલ્યાણ મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ સન ૧૯૫૧ના મુંબઈ નીરા નિયમો સુધારતી શિક્ષણ અને મજૂર વિભાગની તા. ૫મી એપ્રિલ, ૧૯૭૩ની અધિસૂચના ક્રમાંક જીએચ/એસએચ/૪૧૭/એનઆરએ/૧૦૭૨/૩૦૬૪૮-પી મેજ ઉપર મૂકી.

(૭) સમાજ કલ્યાણ મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ સન ૧૯૫૩ના મુંબઈના પરદેશી દારૂ બાબતના નિયમો સુધારતી શિક્ષણ અને મજૂર વિભાગની તા. ૨જી

જૂન, ૧૯૭૩ની અધિસૂચના ક્રમાંક જીએચ/એસએચ-૭૭૬/એફ઼એલઆર/૧૦૬૯-૩૧૦૮૨/પી, મેજ ઉપર મૂકી.

(૮) નાયબ મુખ્ય મંત્રી, શ્રી કાંતિલાલ ઘીયાએ તા. ૨૩-૧૧-૭૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલાં રાજ્યમાં ઔદ્યોગિક વિકાસના દર અંગેના પ્રશ્ન ક્રમાંક ૪૩૯૯ના જવાબમાં માહિતી એકઠી થઇ રહી છે તેમ જણાવ્યું હતું તે માહિતી મેજ ઉપર મૂકી.

(૯) નાણા મંત્રી, ડૉ. અમુલ દેસાઇએ જેને માટે પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી નથી એવી તા. ૧લી ઓકટોબર, ૧૯૭૩ સુધી મંજૂર કરવામાં આવેલી આકસ્મિક ફંડ પેશગીઓ દર્શાવતું પત્રક મેજ ઉપર મૂક્યું.

૫. અધ્યક્ષશ્રીએ અંદાજ સમિતિ અને જાહેર હિસાબ સમિતિમાં ખાલી પડેલી જગાઓ ઉપર સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

૬. ઉપાધ્યક્ષ, શ્રી રમેશચંદ્ર પરમારે બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના બારામાં અહેવાલની રજૂઆત કરી, અહેવાલ સાથે સભાગૃહ સંમત થાય તેવો પ્રસ્તાવ રજૂ કર્યો. પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર રાખવામાં આવ્યો.

૭. કાયદા મંત્રી, શ્રી દિવ્યકાન્ત નાણાવટીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો :—

"સને ૧૯૭૨નું વિધેયક નંબર ૧૨ ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય વિધેયક તા. ૧૧મી જુલાઇ ૧૯૭૨ના રોજ આ સભાગૃહે પસાર કરેલ પ્રસ્તાવમાં જણાવવા સભ્યોની બનેલી પ્રવર સમિતિને સોંપવામાં આવેલ તે પ્રવર સમિતિના સભ્યોમાં ઉપરોક્ત તારીખ પછી નવા મંત્રી મંડળની રચના થવાને કારણે અંશતઃ ફેરફાર કરવાની જરૂર ઉપસ્થિત થયેલી હોવાથી વિધેયકને હવે અગાઉની સમિતિને બદલે ૧૫ સભ્યોની નવી પ્રવર સમિતિને તા. ૩૧-૧-૧૯૭૪ પહેલાં પોતાનો અહેવાલ રજૂ કરવાની સૂચના સાથે સોંપવામાં આવે.

પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર રાખવામાં આવ્યો. વિધેયક પ્રવર સમિતિને સોંપવામાં આવ્યું.

૮. શ્રી નરેન્દ્રસિંહ ઝાલાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"સન ૧૯૭૧નું વિધેયક ક્રમાંક ૫૧-ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા (સુધારા) વિધેયક તા. ૩-૪-૭૩ના રોજ આ સભાગૃહે પસાર કરેલા પ્રસ્તાવમાં જણાવેલા સભ્યોની બનેલી પ્રવર સમિતિને સોંપવામાં આવેલ તે પ્રવર સમિતિના સભ્યોમાં

ઉપરોક્ત તારીખ પછી નવા મંત્રી મંડળની રચના થવાને કારણે અંશતઃ ફેરફાર કરવાની જરૂર ઉપસ્થિત થયેલી હોવાથી આ વિધેયકને હવે સદર સમિતિને બદલે ૧૭ સભ્યોની નવી પ્રવર સમિતિને તા. ૭-૧૦-૧૯૭૩ પહેલાં પોતાનો અહેવાલ રજૂ કરવાની સૂચના સાથે સોંપવામાં આવે :—

શ્રી મનોહરસિંહજી જાડેજાએ નીચેના સુધારા રજૂ કર્યા :—

૧. પ્રસ્તાવની સાતમી લાઇનમાં આ વિધેયકને બદલે "આ વિધેયકની કલમ ૪, ૫, ૬ અને ૭ને" એ શબ્દો મૂકવા.

૨. પ્રસ્તાવની આઠમી લાઇનમાં "પ્રવર સમિતિને" એ શબ્દો પછી અને તા. ૭-૧૦-૧૯૭૩ એ શબ્દો પહેલાં "નીચેની શરતોને આધીન રહીને" એ શબ્દો દાખલ કરવા.

૩. સભ્યોની નામાવલી પછી નીચેની શરત દાખલ કરવી :—

"સમિતિના પ્રમુખ સમિતિએ કરેલી કાર્યવાહી અને સાધેલ પ્રગતિનો ટુંકો અહેવાલ દરરોજ સંક્ષિપ્તમાં સભાગૃહને આપશે."

શ્રી સોમાલાલ શિરોઇયાએ સમિતિના સભ્યોની નામાવલીમાં ૪ સભ્યોનાં નામ ઉમેરવા અંગેનો સુધારો રજૂ કર્યો.

ચર્ચાબાદ શ્રી સોમાલાલ શિરોઇયાએ સભાગૃહની અનુમતિથી પોતાનો સુધારો પાછો ખેંચી લીધો.

કાયદા મંત્રી, શ્રી દિવ્યકાન્ત નાણાવટીએ નીચેનો સુધારો રજૂ કર્યો :—

"તા. ૭મી ઓકટોબર ૧૯૭૩" શબ્દો અને આંકડાઓને બદલે "તા. ૫મી નવેમ્બર ૧૯૭૩" એ શબ્દો અને આંકડાઓ મૂકવા.

સુધારો મત ઉપર મૂકવામાં આવ્યો અને મંજૂર રાખવામાં આવ્યો. આ સુધારો પસાર થવાને કારણે શ્રી મનોહરસિંહજીએ ત્રણ સુધારાઓ ગૃહની પરવાનગીથી પાછા ખેંચી લીધા.

મૂળ પ્રસ્તાવ સુધારા સાથેનો મત ઉપર મૂકવામાં આવ્યો. વિધેયક પ્રવર સમિતિને સોંપવામાં આવ્યું.

૯. કાયદા મંત્રીશ્રી દિવ્યકાન્ત નાણાવટીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો :—

"સન ૧૯૭૩નું વિધેયક ક્રમાંક ૪ મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ (ગુજરાત સુધારા) વિધેયક તા. ૩જી એપ્રિલ ૧૯૭૩ના રોજ આ સભાગૃહે પસાર કરેલ પ્રસ્તાવમાં

જણાવેલા સભ્યોની બનેલી પ્રવર સમિતિને સોંપવામાં આવેલ તે પ્રવર સમિતિના સભ્યોમાં ઉપરોક્ત તારીખ પછી નવા મંત્રી મંડળની રચના થવાને કારણે અંશત: ફેરફાર કરવાની જરૂર ઉપસ્થિત થયેલી હોવાથી આ વિધેયકને હવે અગાઉ નીમેલી સમિતિને બદલે ૧૬ સભ્યોની નવી પ્રવર સમિતિને તા. ૩૦મી એપ્રિલ ૧૯૭૪ પહેલાં પોતાનો અહેવાલ રજૂ કરવાની સૂચના સાથે સોંપવામાં આવે.

પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર રાખવામાં આવ્યો. વિધેયક પ્રવર સમિતિને સોંપવામાં આવ્યું.

૧૦. મુખ્ય મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે નીચેનો વૈધાનિક પ્રસ્તાવ રજૂ કર્યો :—

"That this House ratifies the amendments to the Constitution of India falling within the purview of the proviso to clause (2) of Article 368 thereof proposed to be made by the Constitution (Thirty-first Amendment) Bill 1973 as passed by the two Houses of Parliament."

મુખ્ય મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે તેમનાં મંતવ્યો રજૂ કર્યા ત્યારબાદ સભ્યશ્રી ડૉ. કેશુભાઈ પટેલે પ્રસ્તાવ પરની ચર્ચામાં ભાગ લીધો. ત્યારપછી મુખ્ય મંત્રીશ્રીએ ચર્ચાનો જવાબ આપ્યો. પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યો અને મંજૂર રાખવામાં આવ્યો.

૧૧. તા. ૧લી ઓક્ટોબર ૧૯૭૩ના રોજ શ્રમ મંત્રી, શ્રી મનસુખભાઈ જોષીના પ્રસ્તાવ પરની અધૂરી રહેલી ચર્ચાનો જવાબ આપતા હતા. ચર્ચા આગળ ચાલી. તેમાં ૧૧ વધુ સભ્યોએ ભાગ લીધો. ત્યારબાદ શ્રમ મંત્રીશ્રી ચર્ચાનો જવાબ આપતા હતા. ત્યારે સભ્યશ્રી નરસિંહભાઈ ગોંધિયાએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું કે મંત્રીશ્રીએ સભાગૃહના સભ્યોને જમીન છોડાવવા માટે ભલામણો ન લાવે તો કાર્યક્રમ ઝડપથી આગળ વધારી શકાય તેમ ઉલ્લેખ કર્યો છે તે બરાબર નથી. ધારાસભ્ય જેવા જવાબદાર માણસોને આવી રીતે અપીલ કરવી એનો અર્થ એમ થાય કે મોટા ભાગના સભ્યો ખોટી રીતે ભલામણ કરવા જાય છે. માનનીય અધ્યક્ષશ્રીએ મંત્રીશ્રીને સાંભળ્યા બાદ જણાવ્યું કે આવી જાતની વાત કરવી એ કદાચ આક્ષેપાત્મક લેખાઈ જાય કે કાયદાથી જે છૂટ નથી એને સરકારની નીતિ સાથે સુસંગત નથી એવી જાતનું કામ ધારાસભ્યો કરાવવા માટે ઉત્સુક હોય છે એવી જાતની છાપ ઊભી થાય એ બરાબર નથી.

ત્યારબાદ શ્રમ મંત્રીશ્રી મનસુખભાઈ જોષીએ તેમનો જવાબ પૂરો કર્યો. મંત્રીશ્રીના જવાબને અંતે કેટલાક સભ્યોએ પ્રશ્નો પૂછ્યા અને મંત્રીશ્રીએ તેના જવાબો આપ્યા.

## ગુરૂવાર તા. ૪થી ઓક્ટોબર, ૧૯૭૩

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. માનનીય બાંધકામ મંત્રીશ્રી છબીલદાસ મહેતાએ નિયમ ૪૪ અન્વયે નર્મદા યોજના અંગે નિવેદન કર્યું. શ્રી સનત મહેતાએ જણાવ્યું કે નિવેદન અગત્યનું હોઈ તેના પર ચર્ચા આપવામાં આવે અથવા વધારે પ્રશ્નો પૂછવાની છૂટ આપવામાં આવે; માનનીય મંત્રીશ્રી પ્રશ્નો પૂછવા દેવા બાબતમાં સંમત થયા. કેટલાક સભ્યોએ પ્રશ્નો પૂછયા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. શ્રી નરસિંહદાસ ગોંધિયાએ નિયમ ૧૧૬ અન્વયે રાજ્ય કક્ષાના મંત્રી, શ્રી ઉદેસિંહ વડોદિયાનું નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન ખેંચ્યું :—

"આગામી રવી મોસમ અંગેના વાવેતરનો સમય હવે નજીક છે છતાં ઘઉંના વાવેતર માટે જોઈતું રસાયણિક ખાતર જિલ્લા, તાલુકા અને ગ્રામ સહકારી સંઘો અને મંડળીઓમાંથી ખેડૂતોને પૂરતા પ્રમાણમાં મળતું નથી. સમયસર ખાતર મળશે એવી ખાતરી પણ ખેડૂતોને વિક્રેતાઓ તરફથી મળી શકતી નથી. આ સંજોગોમાં હતોત્સાહ થઈ ઘઉંનું વાવેતર ખેડૂતો ઓછુ ન કરે તે માટે ખૂબ જ તાકીદે રસાયણિક ખાતરનો જથ્થો સહકારી સંસ્થાઓ સુધી પહોંચાડવા રાજ્ય સરકારે લીધેલાં કે લેવાં ધારેલાં પગલાં."

રાજ્ય કક્ષાના મંત્રી, શ્રી ઉદેસિંહ વડોદિયાએ પોતાનું નિવેદન રજૂ કર્યું. નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો કેટલાક સભ્યોએ પૂછયા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૪. શ્રી મનોહરસિંહજી જાડેજાએ મુદ્દો ઉપસ્થિત કરતા જણાવ્યું કે પાંચમી પંચવર્ષીય યોજનાને લગતી "Draft Outline" નામની પુસ્તિકા સરકાર તરફથી સભ્યોને આપવામાં આવેલ નથી. સરકાર તરફથી આ પુસ્તિકા દરેક સભ્યને આપવામાં આવી હોત તો સભ્યો પોતાનાં સૂચનો કરી શકયા હોત. છેવટે તો પંચવર્ષીય યોજનાને વિધાનસભાએ મંજૂરી આપવાની હોય છે.

મુખ્ય મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે ખુલાસો કરતાં જણાવ્યું કે ચર્ચાને અંતે તેમાં ઘણાં બધા સુધારા કરવામાં આવ્યા હતા તેથી તેવા સુધારાનો સમાવેશ કરીને પુસ્તિકા તૈયાર થઈ રહી છે. તૈયાર થયેથી સભ્યોને આપવામાં આવશે અને યોગ્ય ચર્ચા પણ આપવામાં આવશે.

શ્રી સનત મહેતાએ સ્ટડી ગ્રુપના અહેવાલો પણ આપવામાં આવે તેવી વિનંતી કરી. મુખ્યમંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે સ્ટડી ગ્રુપના અહેવાલો ગ્રંથાલયમાં મૂકવાનું સ્વીકાર્યું હતું.

૫. નીચે દર્શાવેલા કાગળો સંબંધિત મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) ગુજરાત રાજ્ય વેરહાઉસિંગ કોરપોરેશનનો સન ૧૯૭૧-૭૨નો વાર્ષિક અહેવાલ અને હિસાબ, નાયબ મુખ્ય મંત્રી, શ્રી કાંતિલાલ ઘીયાએ મેજ ઉપર મૂકયો.

(૨) તા. ૯મી ઓગસ્ટ, ૧૯૭૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ ગાંધીનગરમાં ભાડે અપાયેલ દુકાનો અંગેના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૨૮૪૨ના જવાબ અંગેનું સ્પષ્ટીકરણ કરતું નિવેદન, બાંધકામ મંત્રી, શ્રી છબીલદાસ મહેતાએ રજૂ કર્યું.

૬. માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિ પર ૧૧ સભ્યોની નિમણૂકની જાહેરાત કરી અને જણાવ્યું કે નવી સમિતિની પહેલી બેઠક આજરોજ વિરામ સમય દરમ્યાન મળશે.

૭. તા. ૨૭મી માર્ચ, ૧૯૭૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ ભાવનગર જિલ્લામાં પાતાળ કૂવા અંગેના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૬૯૪૯ ઉપર પૂછવામાં આવેલા પુરક પ્રશ્નના જવાબમાં જે વિગત પાછળથી રજૂ કરવા જણાવ્યું હતું તે વિગત બાંધકામ મંત્રીશ્રીએ મેજ પર મૂકી.

૮. સન ૧૯૭૩નું વિધેયક ક્રમાંક-૧૩ સન ૧૯૭૩નું મુંબઈ મજૂર કલ્યાણ ફંડ (ગુજરાત સુધારા) વિધેયકના પહેલા વાંચનનો પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો.

ચર્ચા દરમિયાન શ્રી રતનભાઈ ગાવિતે તેમને બોલવાની તક નહિ મળવાને કારણે સભાત્યાગ કર્યો.

૯. (૧) શ્રી શંકરજી ઠાકોરે નીચેનો સંકલ્પ રજૂ કર્યો અને તે અંગે પોતાનાં મંતવ્યો રજૂ કર્યા :—

"ગુજરાત રાજ્યના મહેસાણા, બનાસકાંઠા, ગાંધીનગર, ખેડા, વડોદરા, ભરૂચ અને કચ્છ જિલ્લાઓમાં સિંચાઈ માટેના પાતાળ કૂવાઓ સફળ થયા છે અને તેનાથી સિંચાઈ શકય બની છે અને રાજ્યની અનાજની ખાધને પહોંચી વળવા માટે મદદરૂપ થયા છે. જેથી પાતાળ કૂવાનું સંચાલન વિસ્તૃત અને વ્યવસ્થિત થાય તે જરૂરનું છે.

ચાલુ પાતાળ કૂવા રિડ્રીલ કરવા, રિચાર્જ કરવા, નવીન કરવા અને ઓછું પાણી વાપરી અનાજ પકવવા જેવાં કાર્યોમાં રાજ્ય સરકાર અને પંચાયતોના સહકારથી આ કામ સફળ કરવા "ટ્યુબવેલ કોરપોરેશન ઓફ ગુજરાત" રચવા અને રાજ્યને રિકરીંગ ખર્ચ કે નુકસાન ન થાય તે પ્રમાણે તેનું સંચાલન કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સંકલ્પ પરની ચર્ચામાં ૨ સભ્યોએ ભાગ લીધો.

૧૦. માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી કે તારીખ ૫મી ઓક્ટોબર, ૧૯૭૩ના રોજ સભાગૃહની બેઠકનો સમય સવારના ૮-૦૦ થી બપોરના ૧-૦૦ વાગ્યા સુધી રહેશે અને અરધા કલાકની રિસેસ રહેશે.

૧૧. શ્રી શંકરજી ઠાકોરના ઉકત બાબત ૯માં દર્શાવેલા સંકલ્પ પરની ચર્ચામાં ૬ વધુ સભ્યોએ ભાગ લીધો.

શ્રી શંકરજી ઠાકોરે ચર્ચાનો જવાબ આપ્યો અને પોતાનો સંકલ્પ પાછો ખેંચી લેવા સભાગૃહની અનુમતિ માગી. સભાગૃહે સભ્યશ્રીને સંકલ્પ પાછો ખેંચી લેવાની અનુમતિ આપી.

૧૨. માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાકાર સમિતિના ચૌદમાં અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો વાંચી સંભળાવીને અહેવાલ રજૂ કર્યો.

સંસદીય બાબતોના મંત્રી, શ્રી નરેન્દ્રસિંહ ઝાલાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે કામકાજ સલાહકાર સમિતિના ચૌદમા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો સાથે સભાગૃહ સંમત થાય.

પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર રાખવામાં આવ્યો.

૧૩. શ્રી મનોહરસિંહજી જાડેજાએ નિયમ ૪૦ અન્વયે નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"સન ૧૯૭૩ના વિધેયક ક્રમાંક-૮--સન ૧૯૭૩ના ગુજરાત જાહેર ગ્રંથાલય વિધેયક કે જેની પહેલા વાચન પરની ચર્ચા તારીખ ૫મી એપ્રિલ, ૧૯૭૩ના રોજ અચોક્કસ સમય સુધી મુલતવી રાખવામાં આવી હતી. તે વિધેયકના પહેલા વાચન પરની ચર્ચા આગળ ચલાવવા માટે આ સભાગૃહ ખાસ આદેશ આપે."

પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર રાખવામાં આવ્યો.

૧૪. શ્રી પ્રભાતગિરિ ગોંસાઈનો બિન-સરકારી સંકલ્પ સભ્યશ્રીની ગેરહાજરીને કારણે રજૂ થયો નહિ.

૧૫. શ્રી માણેકલાલ ગાંધીએ નીચેનો બિન-સરકારી સંકલ્પ રજૂ કર્યો અને તે અંગે પોતાના મંતવ્યો રજ કર્યા.

"છેલ્લા બે એક વર્ષ થયાં ગુજરાતમાં ખાદ્ય વસ્તુઓ અને અન્ય વસ્તુઓના વધતી જતી મોંઘવારીને કારણે ગુજરાતની જનતાની તકલીફ અસહ્ય વધી છે અને પ્રજાની મોંઘવારી સહન કરવાની શકિતની મર્યાદા આવી ગયેલ છે. અનાજ જેવી રોજીંદી આવશ્યક ચીજમાં એક વર્ષમાં જ એકવીસ ટકા જેટલો ભાવ વધારો થયો છે અને હજુ ભાવ સપાટી વધતી જ રહી છે. ગુજરાતમાં માથાદીઠ જે થોડું અનાજ મળતું હતું તેમાં પણ કાપ આવ્યો છે. આજે ગુજરાતની ગરીબ અને સામાન્ય જનતા તંગી અને મોંઘવારીના બેવડા પડમાં ભીંસાઇ રહી છે. તેલના ડબ્બાના રૂપિયા ૧૬૮-૦૦ એટલે કે કિલો ગ્રામના રૂા. ૧૦-૫૦ ભાવ થયા છે. તે છતાં બજારમાં તે મળતું નથી. સરકાર તેલનો રાઉન્ડ ફરીથી આપી શકતી નથી આ રાજ્યમાં વનસ્પતિ ઘી પણ મળતું નથી. કોલસા, સિમેન્ટ ઉપરાંત જીવન જરૂરી વસ્તુઓની તંગી અને મોંઘવારીએ પ્રજાનો બરડો તોડી નાખ્યો છે. આ પરિસ્થિતિમાં તાજેતરમાં આવેલ મહા પૂરોએ ખેડુત જનતાના મોં સુધી પહોંચેલ કોળિયો પડાવી લીધો છે એટલું જ નહિ પણ તેના ખેતરો ઘર અને જમીન ખલાસ થઇ ગયા છે. અસહ્ય મોંઘવારીની આ પરિસ્થિતિ માટે સરકારની ગાફેલ અને ગલત નીતિઓ સીધેસીધી જવાબદાર છે. આ મોંઘવારીએ ગરીબ જનતાને વધુ ગરીબ બનાવી છે. આ સંદર્ભમાં જીવનની લઘુતમ જરૂરિયાતો જેવી કે અનાજ, તેલ અને ખાદ્ય પદાર્થો વગેરે સસ્તા ભાવે પૂરા પાડવા અને તાકીદે કમરતોડ મોંઘવારી ઓછી કરવાનાં પગલાં લેવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે."

સંકલ્પ પરની ચર્ચામાં ૮ સભ્યોએ અને મુખ્ય મંત્રીશ્રીએ ભાગ લીધો.

શ્રી માણેકલાલ ગાંધીએ ચર્ચાનો જવાબ આપ્યો. ત્યારબાદ પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

## શુક્રવાર તા. ૫મી ઓક્ટોબર, ૧૯૭૩

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. નાણા મંત્રી, ડો.અમુલ દેસાઈએ સરકારી કર્મચારીઓને પગાર પંચે વચગાળાના અહેવાલમાં કરેલ ભલામણ મુજબ વચગાળાની રાહત અંગે નિયમ ૧૪૪ અન્વયે પોતાનું નિવેદન કર્યું. નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો કેટલાક સભ્યોએ પૂછયા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. શ્રી મનુભાઈ પાલખીવાળાએ માનનીય. મુખ્ય મંત્રી, ચીમનભાઈ પટેલનું નિયમ ૧૧૬ અન્વયે નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોર્યું.

"ધોળકા તાલુકાના સાંકોડ ગામના સવર્ણોએ પછાત વાઘરી કુટુંબો ઉપર પોપટ મોતીની સર્વે નં.૪૬૮ વાળી ૧૬ એકર ૧૭ ગુંઠા જમીન બળજબરીથી આંચકી લેવામાં નિષ્ફળતા મળતાં તા.૨૭મી અને ૨૮મી સપ્ટેમ્બરના રોજ ગોળીબાર સહિત ખૂની હુમલો કરતાં ભય-

વાતાવરણ સર્જાતાં આ ઉપરાંત વાઘરી શખ્સોએ કરેલી હિજરત અને તેમાંથી ઉપસ્થિત થતી ગંભીર પરિસ્થિતિ અને તે અંગે સરકારે લીધેલાં તાકીદનાં પગલાં.

મુખ્ય મંત્રીશ્રી ચીમનભાઈ પટેલે પોતાનું નિવેદન રજૂ કર્યું. નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો કેટલાક સભ્યોએ પૂછ્યા અને મુખ્ય મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૪. નીચે દર્શાવેલા કાગળો સંબંધિત મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) રાજ્યકક્ષાના શ્રમ મંત્રી, શ્રી મગનભાઈ બારોટે ગુજરાત કામદાર કલ્યાણ મંડળોનો સન ૧૯૭૧-૭૨નો બારમો વાર્ષિક અહેવાલ મેજ ઉપર મૂકયો.

(૨) રાજ્ય કક્ષાના મંત્રી, શ્રી ઉદેસિંહ વડોદિયા એ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનનો સન ૧૯૭૧-૭૨નો બારમો વાર્ષિક વહીવટી અહેવાલ, સન ૧૯૭૧-૭૨ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ સન ૧૯૭૧-૭૨નું સુધારેલું અંદાજપત્ર અને ૧૯૭૩-૭૪નું અંદાજપત્ર મેજ પર મૂકયાં.

(૩) રાજ્ય કક્ષાના મંત્રી, શ્રી ઉદેસિંહ વડોદિયાએ સન ૧૯૬૨ના ગુજરાત માલ વાહન કર બાબતના અધિનિયમ હેઠળ આપવાના કરમાંથી મુકિત આપતી ગૃહ વિભાગની તા. ૧૨મી માર્ચ, ૧૯૭૩ની અધિસૂચના ક્રમાંક જીએચ-જી-૭૩-૬૩ એમટીએ-૭૧૬૮-૧૪ (૨) ઈ મેજ પર મૂકી.

૫. નીચે દર્શાવેલાં સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યા.

(૧) સન ૧૯૭૩નું વિધેયક ક્રમાંક ૧૩ સન ૧૯૭૩નું મુંબઈ મજૂર કલ્યાણ ફંડ (ગુજરાત સુધારા) વિધેયક.

(૨) સન ૧૯૭૩નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૧૯૭૩ નું ગુજરાત મંત્રી પગાર અને ભથ્થાં(સુધારા) વિધેયક.

(૩) સન ૧૯૭૩નું વિધેયક ક્રમાંક ૨૧-સન ૧૯૭૩નું ગુજરાત આકસ્મિક ફંડ (કામચલાઉ વધારા) (સુધારા) વિધેયક.

(૪) ૧૯૭૩નું વિધેયક ક્રમાંક ૨૨-સન ૧૯૭૩નું ગુજરાત યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

(૫) સન ૧૯૭૩નું વિધેયક ક્રમાંક ૧૮-સન ૧૯૭૩નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક.

(૬) સન ૧૯૭૩નું વિધેયક ક્રમાંક ૧૭-સન ૧૯૭૩નું ગુજરાત ન્યાય કોર્ટ કાયદા (સુધારા) વિધેયક

૬. રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રી, શ્રી પિયુષભાઈ ઠાકોરે પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત એક્સપોર્ટ કોર્પોરેશનનું સન ૧૯૭૦-૭૧ તથા સન ૧૯૭૧-૭૨ નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. પ્રસ્તાવ પરની ચર્ચામાં ૬ સભ્યોએ ભાગ લીધો.

ઉદ્યોગ મંત્રી, કાંતિલાલ ઘીયાએ ચર્ચાનો જવાબ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૭. રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રી, શ્રી પીયુષભાઈ ઠાકોરે પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનું સન ૧૯૭૦-૭૧નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. પ્રસ્તાવ પરની ચર્ચામાં ૬ સભ્યોએ ભાગ લીધો.

ઉદ્યોગ મંત્રી, શ્રી કાંતિલાલ ઘીયાએ ચર્ચાનો જવાબ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૮. માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી કે હવે પછી તા. ૧૨-૧૧-૧૯૭૩થી શરૂ થતી વિધાનસભાની બેઠક એક અઠવાડિયા માટે મળશે એવી ધારણા છે તેથી મંત્રીશ્રીઓના ગોઠવેલ વારા પ્રમાણે સભ્યશ્રીઓ પ્રશ્નોની સૂચના આપી શકશે.

## સોમવાર તા. ૮મી ઓક્ટોબર, ૧૯૭૩

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. માનનીય નાણાંમંત્રીશ્રી, શ્રી અમુલ દેસાઇએ સરકારે લેવા ધારેલાં કરકસરના પગલાં અંગે નિયમ ૪૪ અન્વયે નિવેદન કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા કેટલાક પ્રશ્નો પૂછ્યા અને નાણા મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત નિયમ ૧૧૬ અન્વયેની સૂચના સભ્યશ્રી કાંતિલાલ ઇ. પટેલની ગેરહાજરીને લીધે રજૂ થઇ નહિ.

૪. નીચે દર્શાવેલ કાગળો પંચાયત મંત્રીશ્રીએ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા.

(૧) સન ૧૯૭૧ના ગુજરાત પંચાયત સેવા (જનરલ પ્રોવિડન્ટ ફંડ) નિયમો સુધારતી પંચાયત અને આરોગ્ય વિભાગની તા. ૧૩મી માર્ચ, ૧૯૭૩ની અધિસૂચના ક્રમાંક કેપી-૫૪-જીપીએફ-૧૦૭૩-૧૩૫૩-ટીએચ-.

(૨) સન ૧૯૭૧ના ગુજરાત ગ્રામ પંચાયત મંત્રીશ્રીઓ (ભરતી, તાલીમ અને નોકરીની શરતો) નિયમો ઘડતી પંચાયત અને આરોગ્ય વિભાગની તા. ૧૯મી મે, ૧૯૭૩ની અધિસૂચના ક્રમાંક કેપી-૭૩-૧૦૪-વીપીએ-૨૭૬૩-સીએચ.

(૩) સન ૧૯૬૪ના ગુજરાત પંચાયત સેવા શિસ્ત અને અપીલ નિયમો સુધારતી પંચાયત અને આરોગ્ય વિભાગની તા. ૧લી જૂન, ૧૯૭૩ની અધિસૂચના ક્રમાંક કેપી-૧૨૬-પી એસએન-૩૪૭૩-૩૬૩૬-૭૩-ટી એચ.

(૪) પંચાયત અને આરોગ્ય વિભાગની તા. ૧લી જૂન, ૧૯૭૩ની અધિસૂચના ક્રમાંક કેપી-૧૨૭-પીઆસએન-૩૪૭૩-૩૬૩૬-ટી.એચ.

(૫) સન ૧૯૬૭ના ગુજરાત પંચાયત સેવા( વર્ગીકરણ અને ભરતી) નિયમો સુધારતી પંચાયત અને આરોગ્ય વિભાગની તા. ૧૧મી જુલાઇ, ૧૯૭૩ની અધિસૂચના ક્રમાંક ૧૪૯-પી આરઆર-૩૩૭૨-૫૯૧૯ ટી.એચ.

(૬) સન ૧૯૬૪ના ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો સુધારતી પંચાયત અને આરોગ્ય વિભાગની તા. ૨૪મી જુલાઇ, ૧૯૭૩ની અધિસૂચના ક્રમાંક કેપી-૧૫૮-પી આરઆર-૫૨૮૯-૭૩-ટીએચ.

(૭) સન ૧૯૬૨ના ગુજરાત ગ્રામ અને નગર પંચાયત ચૂંટણી નિયમો સુધારતી પંચાયત અને આરોગ્ય વિભાગની તા. ૨૭મી ઓગષ્ટ, ૧૯૭૩ની અધિસૂચના ક્રમાંક કેપી-૭૩-૧૮૨-પીઆરઆર-એચએલસી-૧(૧૦) જે.એચ.

(૮) સન ૧૯૬૨ના ગુજરાત ગ્રામ અને નગર પંચાયત (સરપંચ, ઉપસરપંચ પ્રમુખ અને ઉપપ્રમુખ) ચૂંટણી નિયમો સુધારતી પંચાયત અને આરોગ્ય વિભાગની તા. ૪થી સપ્ટેમ્બર, ૧૯૭૩ની અધિસૂચના ક્રમાંક કેપી-૭૩-૧૯૨-પીઆરઆર-એચએલસી-૪-૮-૭૩-જેએચ-૧.

(૯) તા. ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૭૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ બનાસકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીના મૃત્યુ અંગેના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૬૩૦૫ના જવાબમાં જે માહિતી પાછળથી રજૂ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું તે માહિતી.

(૧૦) તા. ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૭૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ નગર પંચાયતને ભંગી કષ્ટમુકિત યોજના હેઠળ ફલશના જાજરૂ કરવા અંગેના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૬૩૩૨ના જવાબમાં જે માહિતી પાછળથી રજૂ કરવા જણાવ્યું હતું તે માહિતી.

(૧૧) તા. ૧૩મી એપ્રિલ, ૧૯૭૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ ખંભાતની કેનેડી હોસ્પિટલ અંગેના તારાંકિત પ્રશ્નક્રમાંક ૭૮૯૦ના જવાબમાં જે માહિતી એકઠી કરાઇ રહી છે તેમ જણાવ્યું હતું તે માહિતી.

(૧૨) તા. ૧૦મી એપ્રિલ, ૧૯૭૩ના રોજ ગૃહમાં રજૂ થયેલ પાટણ તલુકાના માતપુર અને નવાપુરા ગામના પાતાળકૂવાઓ અંગેના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૮૮૪૫ ઉપર પૂછવામાં આવેલા પૂરક પ્રશ્નના જવાબમાં જે ઠરાવ સભાગૃહના મેજ ઉપર મૂકવાની ખાતરી આપી હતી તે ઠરાવ.

૫. મુખ્ય મંત્રાશ્રી ચીમનભાઈ પટેલે સન ૧૯૭૩-૭૪ના વર્ષ માટેની પૂરક માગણીઓ વિચારણામાં લેવા બાબતની રાજ્યપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવી.

હિસાબનું મુખ્ય સદર "૧૮-સંસદ, રાજ્ય/સંઘ પ્રદેશોના વિધાનમંડળો" અન્વયેની પૂરક માગણી રજ કરવામાં આવી. ઉકત પૂરક માગણી ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક-૧ શ્રી કેશવભાઈ પટેલની રજૂ થઇ.

હિસાબના મુખ્ય સદર "૧૯-સામાન્ય વહીવટ" અન્વયેની પૂરક માગણી રજૂ કરવામાં આવી. ઉકત પૂરક માગણી પરની કાપદરખાસ્ત ક્રમાંક ૨ થી ૪ શ્રી લાલસિંહ રહેવરની રજૂ થઇ.

હિસાબના મુખ્ય સદર "૨૩-પોલીસ" અન્વયેની પૂરક માગણી રજૂ કરવામાં આવી. ઉકત પૂરક માગણી પરની કાપદરખાસ્ત ક્રમાંક-૫ શ્રી કેશવભાઈ પટેલની અને નં. ૭ શ્રી લાલસિંહ રહેવરની રજ થઇ.

હિસાબના મુખ્ય સદર ૩૧-ખેતી અન્વયેની પૂરક માગણી રજૂ કરવામાં આવી. ઉકત પૂરક માગણી પરની કાપદરખાસ્ત નં. ૯ શ્રી કેશવભાઈ પટેલની રજૂ થઇ.

હિસાબના મુખ્ય સદર ક્યુ-રાજ્ય|સંઘ પ્રદેશોની સરકાર તરફથી લોન અને પેશગીઓ અન્વયેની પૂરક માગણી રજૂ કરવામાં આવી ઉકત પૂરક માગણી પરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ શ્રી કેશવભાઈ પટેલની રજૂ થઇ.

હિસાબનાં મુખ્ય સદર "૩૪-સહકાર" અન્વયેની પૂરક માગણી રજૂ કરવામાં આવી. ઉકત પૂરક માગણી પરની કાપદરખાસ્ત ક્રમાંક ૧૧ શ્રી હરિસિંહજી ગોહિલની રજૂ થઇ.

હિસાબના મુખ્ય સદર "૯૬-ઔદ્યોગિક અને આર્થિક વિકાસ અંગે મૂડી જોગવાઇ" અન્વયેની પૂરક માગણી રજૂ કરવામાં આવી. ઉકત પૂરક માગણી પરની કાપદરખાસ્ત ક્રમાંક ૮ શ્રી કેશવભાઈ પટેલની રજૂ થઇ.

હિસાબના મુખ્ય સદર "૨૯-તબીબી" અન્વયેની પૂરક માગણી રજૂ કરવામાં આવી. ઉકત પૂરક માગણી પરની કાપદરખાસ્ત ક્રમાંક ૧૨ શ્રી લાલસિંહ રહેવરની રજૂ થઇ.

હિસાબના મુખ્ય સદર "૩૦-જાહેર આરોગ્ય" અન્વયેની પૂરક માગણી રજૂ કરવામાં આવી. ઉકત પૂરક માગણી પરની કાપદરખાસ્ત ક્રમાંક ૧૩ અને ૧૪ શ્રી કેશવભાઈ પટેલની રજૂ થઇ.

હિસાબના મુખ્ય સદર "૩૦-એ કુટુંબ નિયોજન" અન્વયેની પૂરક માગણી રજૂ કરવામાં આવી. ઉકત પૂરક માગણી પરની કાપદરખાસ્ત ક્રમાંક ૧૫ શ્રી લાલસિંહ રહેવરની રજૂ થઈ.

હિસાબના મુખ્ય સદર "૨૬-પરચૂરણ ખાતાં, ૩૪-સહકાર, ૩૯-પરચૂરણ, સામાજિક અને વિકાસ લક્ષી સંઘટનો, ૫૦-રાજ્ય બાંધકામ, ૭૧-પરચૂરણ, ૭૬-બીજા પરચૂરણ વળતર અને નામફેર" અન્વયેની પૂરક માગણી રજૂ કરવામાં આવી. ઉકત પૂરક માગણી પરની કાપદરખાસ્ત ક્રમાંક ૧૬ શ્રી કેશવભાઈ પટેલની રજ થઇ.

બધી પૂરક માગણી ઉપરની એકી સાથે ચર્ચા થઇ. ચર્ચા બાદ કાપદરખાસ્તો પર મત લેવાતાં નામંજૂર કરવામાં આવી અને પૂરક માગણીઓ મંજૂર કરવામાં આવી.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે તેમના ધ્યાનમાં એક વાત આવી જે જરાક ગંભીર કહેવાય. એક માનનીય સભ્યશ્રીએ એક અમલદારનું નામ આપીને કેટલાક આક્ષેપો કર્યા જે ઘણાં ગંભીર પ્રકારના આક્ષેપો કહેવાય. આવા આક્ષેપો મંત્રીશ્રી તેમજ અધ્યક્ષશ્રીને આવી સૂચના આપ્યા વગર કરી શકાય નહીં તે આપણા નિયમોની વિરૂધ્ધ છે. એટલા માટે નામ દઇને જે આક્ષેપો કરવામાં આવ્યા છે તે કાર્યવાહીમાંથી તેઓ રદ કરે છે અને પત્રકારોને પણ તેની નોંધ લેવા જણાવ્યું.

## મંગળવાર, તા. ૯મી ઓકટોબર, ૧૯૭૩

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. શ્રમ અને ગૃહનિર્માણ મંત્રીશ્રી, મનસુખભાઈ જોશીએ ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડનો સન ૧૯૭૧-૭૨નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકયો.

૩. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન બીજા અને છેલ્લા દિવસે ચાલુ રહ્યું.

હિસાબના મુખ્ય સદર "૪૨-બહુલક્ષી નદી યોજનાઓ, ૪૩-સિચાઈ, નૌપરિવહન બંધ અને પાણી નિકાલનાં કામ (વાણિજ્યક) ૪૪-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ (બિન વાણિજ્યિક)" અન્વયેની પૂરક માગણી રજૂ કરવામાં આવી.

ઉકત પૂરક માગણી પર કાપદરખાસ્ત ક્રમાંક-૧ શ્રી હરિસિંહજી ગોહિલની અને કાપદરખાસ્ત ક્રમાંક ૨ અને ૩ શ્રી માણેકલાલ ગાંધીની રજૂ થઇ.

હિસાબના મુખ્ય સદર "૬૪-દુષ્કાળ રાહત" અન્વયેની પૂરક માગણી રજૂ કરવામાં આવી. ઉકત પૂરક માગણી પર કાપદરખાસ્ત ક્રમાંક-૪ શ્રી માણેકલાલ ગાંધીની રજૂ થઇ.

હિસાબના મુખ્ય સદર "૫૦-રાજય બાંધકામ" અન્વયેની પૂરક માગણી રજૂ કરવામાં આવી. ઉકત પૂરક માગણી પર કાપદરખાસ્ત ક્રમાંક ૬ શ્રી માણેકલાલ ગાંધીની રજૂ થઇ.

હિસાબના મુખ્ય સદર"૯૮-બહુલક્ષી નદી યોજનાઓ અંગે મૂડી જોગવાઇ, ૯૯-સિચાઈ નૌપરિવહન બંધ અને પાણી નિકાલના કામ અંગે મૂડી જોગવાઇ (વાણિજ્યિક), ૧૦૦-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ અંગે મૂડી જોગવાઇ (બિન વાણિજ્યિક)" અન્વયેની પૂરક માગણી રજૂ કરવામાં આવી. ઉકત પૂરક માગણી પર કાપદરખાસ્ત ક્રમાંક ૭ અને ૮ શ્રી કેશવભાઈ પટેલની અને ૯ શ્રી માણેકલાલ ગાંધીની રજૂ થઇ.

હિસાબના મુખ્ય સદર "૧૦૭-ગુજરાતના પાટનગર અંગે ખર્ચ" અન્વયેની પૂરક માગણી રજૂ કરવામાં આવી. ઉકત પૂરક માગણી પર કાપદરખાસ્ત ક્રમાંક ૧૦ શ્રી માણેકલાલ ગાંધીની રજૂ થઇ.

હિસાબના મુખ્ય સદર "૯-જમીન મહેસૂલ" અન્વયેની પૂરક માગણી રજૂ કરવામાં આવી. ઉકત પૂરક માગણી પર કાપદરખાસ્ત ક્રમાંક ૧૧ શ્રી કાંતિભાઈ પટેલની અને કાપદરખાસ્ત ક્રમાંક ૧૨ શ્રી ડાહ્યાભાઈ ભટ્ટની રજૂ થઇ.

હિસાબના મુખ્ય સદર "૧૦-સામાન્ય વહીવટ' અન્વયેની પૂરક માગણી રજૂ કરવામાં આવી. ઉકત પૂરક માગણી પર કાપદરખાસ્ત ક્રમાંક ૧૩ શ્રી માણેકલાલ ગાંધીની રજૂ થઇ.

હિસાબના મુખ્ય સદર "૬૪-દુષ્કાળ રાહત" અન્વયેની પૂરક માગણી રજૂ કરવામાં આવી. ઉકત પૂરક માગણી પર કાપદરખાસ્ત ક્રમાંક ૧૪ શ્રી માણેકલાલ ગાંધીની રજૂ થઇ.

હિસાબના મુખ્ય સદર "ક્યુ-રાજ્ય/સંઘ પ્રદેશોની સરકાર તરફથી લોન અને પેશગીઓ" અન્વયેની પૂરક માગણી રજૂ કરવામાં આવી. ઉકત પૂરક માગણી પર કાપદરખાસ્ત ક્રમાંક ૧૫ શ્રી કાંતીલાલ પટેલની રજૂ થઇ.

હિસાબના મુખ્ય સદર "૨૬-પરચૂરણ ખાતાં, ૭૧-પરચૂરણ" અન્વયેના પૂરક માગણી રજૂ કરવામાં આવી. ઉકત પૂરક માગણી પર કાપદરખાસ્ત ક્રમાંક ૧૬ શ્રી કેશવભાઈ પટેલની, ક્રમાંક ૧૭ શ્રી કાંતીભાઈ પટેલની અને ક્રમાંક ૧૮ શ્રી કેશવભાઈ પટેલની રજૂ થઇ.

ત્યારબાદ બધી પૂરક માગણીઓ અને કાપદરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઇ. ચર્ચા બાદ કાપદરખાસ્તો પર મત લેવામાં નામંજૂર કરવામાં આવી અને પૂરક માગણીઓ પર મત લેવાતાં મંજૂર કરવામાં આવી.

મંત્રીશ્રીઓના ચર્ચાના જવાબ શરૂ થતાં પહેલાં માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે આજે પૂરક માગણીઓ પરની ચર્ચાનો છેલ્લો દિવસ હોવાથી નિયમ મુજબ સાંજના ૫-૦૦ વાગ્યે પૂરક માગણીઓ મત પર મૂકવામાં આવશે અને માગણી પરની ચર્ચા સાંજના ૪-૦૦ વાગ્યે બંધ કરવામાં આવશે અને મંત્રીશ્રીઓ ચર્ચાનો જવાબ આપશે.

સાંજના ૫-૦૦ વાગ્યે જે પૂરક માગણીઓ પર મતદાન ન થયું હોય તેવી બાકીની બધી પૂરક માગણીઓ કંઇપણ ચર્ચા વગર એક પછી એક મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

૪. (૧) માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજ સમિતિ પરના સભ્યોની ચૂંટણીની જાહેરાત કરીને નીચેના બે સભ્યોને ચૂંટાયેલા જાહેર કર્યા :—

(૧) શ્રી સોમાલાલ શિરોઈયા

(૨) શ્રી શંકરજી ઓખાજી ઠાકોર

(૨) માનનીય અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે જાહેર હિસાબ સમિતિની ત્રણ જગ્યાઓ માટે શ્રી હરિભાઈ ડોરિયા, શ્રી સનત મહેતા, શ્રી કાળીદાસ ચૌહાણ અને શ્રી ગોરધનભાઈ પટેલ આમ ચાર સભ્યો રહેલા હોવાને કારણે આવતી કાલે તેની ચૂંટણી થશે.

## બુધવાર, તા. ૧૦મી ઓક્ટોબર, ૧૯૭૩

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. માનનીય સભ્યશ્રીએ જણાવ્યું કે જાહેર હિસાબ સમિતિ પર ત્રણ સભ્યોની ચૂંટણી માટેના ચાર નામ નિદર્શનપત્રો આવ્યાં હતાં તેમાંથી શ્રી સનત મહેતાએ પોતાનું નામ નિદર્શનપત્ર પાછું ખેંચી લીધેલું હોવાથી અને તેથી ચૂંટણી નિરર્થક બનતી હોવાથી બાકી રહેલા સભ્યો (૧) શ્રી હરિભાઈ ડોરીયા, (૨) શ્રી કાળીદાસ ચૌહાણ અને (૩) શ્રી ગોરધનભાઈ પટેલને જાહેર હિસાબ સમિતિ પર ચૂંટાયેલા જાહેર કરવામાં આવે છે.

શ્રી નરસિંહદાસ ગોંધિયા અને શ્રી મનુભાઈ પાલખીવાળાએ સ્પષ્ટતા માગી કે નામ નિદર્શનપત્ર પાછું લેવાનો સમય વીતી ગયા પછી કોઈ સભ્યશ્રી તે પાછું ખેંચી શકે કે કેમ માનનીય અધ્યક્ષશ્રીએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું તેનું કારણ કે નિરર્થક, ચૂંટણી ન થાય તે હતું, અધ્યક્ષશ્રીને આપવામાં આવેલ રેસીડયુઅરી પાવર્સનો ઉપયોગ કરીને નામનિદર્શનપત્ર પાછું ખેંચી લેવાની તેમણે અધ્યક્ષશ્રીને રજા આપી છે. નિરર્થક ચૂંટણી કરવામાં આવે તો રાજીનામાનો પ્રશ્ન આવે અને ફરી ચુંટણી કરવી પડે. તેથી ચૂંટણી ન થાય તે હેતુથી તેમણે સત્તાનો ઉપયોગ કરીને નામનિદર્શનપત્ર પાછું ખેંચી લેવાની મંજૂરી આપી છે.

૩. શ્રીમતી ભદ્રાબેન પંડયાને નિયમ ૧૧૬ અન્વયે તાજેતરમાં રોડ ઉપર સૈજપુર પાસે, ખંભાત-અંબાજી એસ. ટી. બસના ઉતારૂઓને તથા ડ્રાયવર કન્ડકટરને ધોળા દિવસે ત્યાં વસતા છારાઓના એક મોટા ટોળાએ પોલીસની હાજરીમાં માર મારીને લુંટી લીધા હતા, તેથી આ વિસ્તારના લોકોમાં ભારે સન્નાટો વ્યાપી ગયો છે. એ અંગે સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં તરફ મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મુખ્ય મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે તેમનું નિવેદન રજૂ કર્યું. નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો કેટલાક સભ્યોએ પૂછયા અને મુખ્ય મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૪. નાયબ મુખ્ય મંત્રીશ્રી કાંતિલાલ ધીયાએ પૂરને કારણે અસર પામેલા ખનિજ ઉદ્યોગોને રાહત આપવા માટે લેવામાં આવેલાં પગલાં અંગે નિયમ ૪૪ અન્વયે, નિવેદન કર્યું. નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો કેટલાક સભ્યોએ પૂછયા અને નાયબ મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૫. તારીખ ૧૨મી માર્ચ, ૧૯૭૩ના રોજ સભાગૃહમાં આપવામાં આવેલા અનીડા અને ખાખરીયા ગામની પ્રાથમિક શાળાના મકાન બાબતના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૭૬૨૨ના જવાબમાં સુધારો કરતું નિવેદન રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રીશ્રીએ સભાગૃહના મેજ ઉપર મૂકયું.

૬. બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ, ઉપાધ્યક્ષશ્રી રમેશચંદ્ર પરમારે પ્રસ્તાવ રજૂ કર્યો કે સમિતિના તેરમા અહેવાલ સાથે આ સભાગૃહ સંમત થાય. પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

૭. માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે વિધાનસભાના સભ્યો માટેના લાઉન્જમાં સભ્યશ્રીઓ તેમના મહેમાનોને લઈ જતા જોવામાં આવે છે. આ લાઉન્જ ફક્ત વિધાન-સભાના સભ્યો માટે જ હોઈને એમના સિવાય અન્ય કોઈએ ત્યાં જવું જોઈએ નહીં. કોઈ સભ્યશ્રી અન્ય વ્યક્તિને આ લાઉન્જમાં લઈ જાય તો કદાચ વિશેષાધિકારનો ભંગ થવાનું પણ પરિણામ આવે. કેટલાક સભ્યોએ આ અંગે સ્પષ્ટતા માગી અને માન-નીય અધ્યક્ષશ્રીએ સ્પષ્ટતા કરી.

૮. નીચે જણાવેલ સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું.

સન ૧૯૭૩નું વિધેયક ક્રમાંક ૧૬ સન ૧૯૭૩નું ગુજરાત શહેરી વિસ્તાર, ખાલી જમીન (સ્વત્વાર્પણ) પ્રતિબંધ (સુધારા) વિધેયક.

વિધેયક પરની ચર્ચા વખતે શ્રી નરસિંહભાઈ મકવાણાએ તેમના પ્રવચન દરમ્યાન કોર્ટને લગતા કેટલાક અણછાજતા શબ્દો વાપર્યા જેના સામે શ્રી નરસિંહદાસ ગોંધિ-યાએ વાંધો ઉઠાવતાં શ્રી નરસિંહભાઈ મકવાણાએ તેવા શબ્દો પાછા ખેંચી લીધા.

૯. શિક્ષણ મંત્રી, શ્રી આયશાબેગમ શેખે વિધેયક, ક્રમાંક-૨૫ દાખલ કર્યું. શ્રી મનોહરસિંહજી જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું કે પ્રથમ આ વિધાનસભા સમક્ષ જ્યારે માધ્યમિક શિક્ષણ અંગેનું વિધેયક આવ્યું ત્યારે એ વિધેયકની એ કાયદાની કઈ કલમ કયારે અમલમાં આવશે એ અંગે કાયદાની કલમ ૧. પેટા-કલમ ૩ની અંદર સ્પષ્ટ કરવામાં આવેલ કે "This section shall come into force at once" ત્યાર પછી એ વિધેયક પ્રવર સમિતિને સોંપવામાં આવ્યું અને પ્રવર સમિતિએ સોંપેલ વિધેયક પર ચર્ચા કરીને સભાગૃહે પસાર કર્યું ત્યારે એ કલમમાં કોઈ સુધારો થયો હોય એવું તેમના ખ્યાલમાં નથી. અને રાષ્ટ્રપતિએ આ વિધેયકને તા. ૨૮મી સપ્ટેમ્બરના રોજ મંજૂરી આપી. એ દિવસે આ વિધેયક બાબતનું નોટી-ફીકેશન જે ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું એમાં પણ આ કલમ ૧ની પેટા-કલમ ૩ની જોગવાઈ રાખવામાં આવેલી છે. ત્યારબાદ આ બાબતનું કોઈ નોટીફીકેશન તેમને પ્રાપ્ત થયું નથી એટલે તેઓ માની લે છે કે સરકારે તે બહાર પાડયું નથી એટલે જે વિધેયકને વિધાનસભાએ મંજૂર કર્યું અને જેને રાષ્ટ્રપતિએ મંજૂરી આપી એ કાયદો

અમલમાં આવ્યો નથી. કારણ કે નોટીફીકેશન દ્વારા કાયદાની પહેલી કલમ સિવાય બીજી કલમ ક્યારે અમલમાં આવશે એને માટેની કોઈ ચોખવટ થઈ નથી. એટલે આ કાયદાને લગતો કોઈ સુધારો આ સભાગૃહમાં આવી શકે નહીં અને આ બાબત અંગે સ્પષ્ટતા માગી.

કાયદા મંત્રીશ્રી, નાયબ મુખ્ય મંત્રીશ્રી તેમજ અન્ય સભ્યોએ સાંભળ્યા બાદ અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતાં જણાવ્યું કે આવી જાતનો કોઈ કેસ સંસદીય કાયદાઓમાં કે બીજા કાયદાઓમાં જોવામાં આવતો નથી. જો શ્રી મનોહરસિંહજીની દલીલ સ્વીકારીએ તો મૂળ બિલ જ્યારે આ સભાગૃહની આગળ ચર્ચામાં આવ્યું હોય ત્યારે સભાગૃહમાં એમ પૂછવામાં આવે કે આ બીલની બીજી, ત્રીજી અથવા ચોથી કલમ તુરતમાં અમલમાં આવવાની છે અને જવાબમાં કહેવામાં આવે કે "ના, એ તો સરકાર ઠરાવશે ત્યારે આવશે", અને તેનું પરિણામ ભવિષ્યમાં અમલમાં આવનારી કલમોનો વિચાર આ ગૃહ ન કરી શકે એવું વિચિત્ર આવે. એટલે જેમ કાયદાની કલમો ભવિષ્યમાં અમલમાં આવશે એમ આ બિલની કલમો પણ ભવિષ્યમાં અમલમાં આવશે પણ એનાથી એ કલમોનો વિચાર કરી એને કાયદાનું સ્વરૂપ આપવા સામે ગૃહને પ્રતિબંધ નહીં થાય. એટલે મંત્રીશ્રી આ બિલ લઈને સભાગૃહ સમક્ષ આવ્યા છે એ ઓર્ડરમાં છે.

શિક્ષણ મંત્રી, શ્રીમતી આયશાબેગમ શેખે વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તે અંગે તેમના મંતવ્યો રજૂ કર્યા. પહેલા વાચનના પ્રસ્તાવ પરની ચર્ચામાં ૨ સભ્યોએ ભાગ લીધો :—

પહેલાં વાચન પરની ચર્ચા અધૂરી રહી.

માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની અનુમતિથી જણાવ્યું કે આ વિધેયક પરની અધૂરી રહેલી ચર્ચા કરવા સભાગૃહની ખાસ બેઠક આવતી કાલે તા. ૧૧મી ઓકટોબર, ૧૯૭૩ના રોજ રાત્રે ૯-૦૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધી મળશે.

૧૦. શ્રી મનુભાઈ પાલખીવાળાએ શ્રી નરસિંહભાઈ મકવાણાના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૯૭૩૨ (અગ્રતા-૫)ના તા. ૩જી ઓકટોબર, ૧૯૭૩ના રોજ નાયબ મુખ્ય મંત્રીશ્રી કાન્તિભાઈ ઘીયાએ આપેલ જવાબ ઉપરથી ઉપસ્થિત થયેલી જાહેર અગત્યની બાબત ઉપર નિયમ ૯૨ અન્વયે અરધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરી અને તેમનાં મંતવ્યો જણાવ્યાં. રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રી, શ્રી પિયુષભાઈ ઠાકોરે ચર્ચાનો જવાબ આપ્યો. કેટલાક સભ્યોએ ચર્ચામાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા ચર્ચા પૂરી થઈ.

ગુરૂવાર, તા. ૧૧મી ઓક્ટોબર, ૧૯૭૩

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. નીચે દર્શાવેલું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું.

સન ૧૯૭૩નું વિધેયક ક્રમાંક-૨૬ સન ૧૯૭૩નું ગુજરાત દ્વિતીય (પૂરક વિનિયોગ) વિધેયક.

૩. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, સભ્યો માટેની લાઉન્જને કેટલાક કેન્ટીન કહે છે પરંતુ તે સભાગૃહની લોન્જનો ભાગ છે અને સભ્યોની સગવડતા ખાતર જ ત્યાં વગેરેની સગવડતા કરવામાં આવી છે.

૪. નીચે દર્શાવેલા બિન સરકારી વિધેયકો દાખલ કરવાની રજા પ્રભારી સભ્યોને આપવામાં આવી. સંબંધિત સભ્યોએ વિધેયકો દાખલ કર્યા.

(૧) સભ્ય, શ્રી મનુભાઈ પાલખીવાળાનું સન ૧૯૭૩નું મુંબઈ પ્રાથમિક શિક્ષણ ગુજરાત રાજ્ય સુધારા વિધેયક.

(૨) શ્રી સનત મહેતાનું સન ૧૯૭૩નું લાંચરૂશ્વત પ્રતિબંધ (ગુજરાત સુધારા) વિધેયક.

(૩) શ્રી સનત મહેતાનું સન ૧૯૭૩નું ગુજરાત વિધાનસભાના સભ્યોની અસ્ક્યામતોની જાહેરાત બાબત વિધેયક.

શ્રી સનત મહેતાએ ઉક્ત વિધેયક દાખલ કરવાની સભાગૃહની પરવાનગી માગતો પ્રસ્તાવ રજૂ કર્યા બાદ શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું કે આ વિધેયકનો વિષય વિધાનસભાના સભ્યોની પોતાની અસ્ક્યામતો અને જવાબદારીઓ જાહેર કરવા અને જાહેર ન કરે તો સજાની જોગવાઈ અંગે છે. બંધારણના ૭મા પરિશિષ્ટમાં રાજ્ય યાદી કે સહવર્તી યાદીની કોઈ એન્ટ્રીમાં આ વિષયની બાબત આવતી નથી. આથી તેમના અભિપ્રાય મુજબ આ વિધેયક આ સભાગૃહમાં દાખલ થઈ શકે નહીં. તેમણે માનનીય અધ્યક્ષશ્રીનું આ અંગે રૂલિંગ માગ્યું.

અન્ય સભ્યો તેમજ કાયદા મંત્રીશ્રીને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતા જણાવ્યું કે વિધેયકનો વિષય શંકારહિત હોય અને કાયદો ઘડવાની સત્તા માત્ર સંસદને જ ચોખ્ખે ચોખ્ખી હોય ત્યારે આ સભાગૃહ તેવી બાબતમાં ચર્ચા કરે તે નિરર્થક થાય, પરંતુ એમ ન હોય અને શંકા હોય ત્યારે અધ્યક્ષશ્રીએ શું કરવું તેના માટેના કેટલાક નિર્ણયો અગાઉ થઈ જાય છે. આ બાબતમાં શંકાનો લાભ કોઈનેય મળી શકે તેમ હોય તો ધારાસભાગૃહને મળે છે. અદાલતોએ જે કરવું હોય તે કરવુ જોઈએ પણ અધ્યક્ષે તેમાં વચ્ચે ન આવવું જોઈએ તે એક સર્વમાન્ય નીતિ છે. કાયસરતાને પડકારવામાં આવે ત્યારે શું થશે એ ચર્ચા સભાગૃહમાં થાય તેમ છતાં સભાગૃહ એવા નિર્ણય ઉપર આવે કે તેણે કાયદો કરવો જોઈએ તો તે કાયદો કરે. અધ્યક્ષ

તેને કાયદો કરતાં અટકાવી શકે નહિ. આમ પરિસ્થિતિ હોવાને કારણે માનનીય સભ્યશ્રીને આ વિધેયક આ સભાગૃહમાં દાખલ કરતાં તેઓ અટકાવી શકે નહિ.

૪. સભ્યશ્રી સનત મહેતાનું સન ૧૯૭૩નું ગુજરાત લોકાયુક્ત મુક્ત અને ઉપલોકાયુક્ત વિધેયક.

નીચે દર્શાવેલાં બિન સરકારી વિધેયકોના પહેલા વાચનના પ્રસ્તાવો રજૂ થયા, તેના પર ચર્ચા થઈ અને ચર્ચા બાદ બંને બિન સરકારી વિધેયકો સભાગૃહની પરવાનગીથી પાછા ખેંચી લેવામાં આવ્યા.

(૧) સન ૧૯૭૩નું વિધેયક ક્રમાંક-૮ સન ૧૯૭૩નું ગુજરાત જાહેર ગ્રંથાલય વિધેયક પ્રભારી સભ્ય, શ્રી મનોહરસિંહજી જાડેજા.

(૨) સન ૧૯૭૩નું વિધેયક ક્રમાંક-૧૪ સન ૧૯૭૩નું એ મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક પ્રભારી સભ્ય, શ્રી ચંદ્રકાંત પરીખ.

વિધેયક ક્રમાંક ૧૪ પરની ચર્ચા દરમિયાન શ્રી પોપટલાલ સોરઠીયાએ નિયમ ૩૯ અન્વયે પ્રસ્તાવ રજૂ કરવા માનનીય અધ્યક્ષશ્રીની પરવાનગી માગતા તે અંગેના કારણો જણાવ્યા. માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે પ્રસ્તાવ રજૂ કરવાના કારણો જોતાં જણાય છે કે સભ્યશ્રી સુધારા લાવી શક્યા હોત, અને તેથી પ્રસ્તાવ રજૂ કરવા દેવાની તેમણે સભ્યશ્રીને પરવાનગી આપી નહીં.

૫. નીચે દર્શાવેલું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું.

સન ૧૯૭૩નું વિધેયક ક્રમાંક ૨૫ સન ૧૯૭૩નું ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક.

**શુક્રવાર, તારીખ ૧૨મી ઓક્ટોબર, ૧૯૭૩**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. નીચે દર્શાવેલા કાગળો સંબંધિત મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા.

(૧) ગુજરાત રાજ્ય તકેદારી પંચનો સને ૧૯૭૦-૭૧નો સાતમો વાર્ષિક અહેવાલ. તથા જે કિસ્સાઓમાં પંચની ભલામણો સરકારે સ્વીકારી નથી તે અંગેની સ્પષ્ટીકરણાત્મક નોંધ.

(૨) સન ૧૯૭૩ના ગુજરાત મુલકી સેવા ટ્રિબ્યુનલ (પ્રમુખ અને સભ્યાની નોકરીની શરતો) નિયમો ઘડતી સામાન્ય વહીવટ વિભાગની તા. ૧૮મી જૂન, ૧૯૭૩ની અધિસૂચના ક્રમાંક જીએચએસ-૭૩-૫૭-એસટીઆર-૧૦૬૮/૩૮-જી.

(૩) નાણા વિભાગની તા. ૧લી ઓગષ્ટ, ૧૯૭૩ની અધિસૂચના ક્રમાંક. જીએચ અને ૧૮૫-જીએસટી-૧૦૭૩/એસ. ૩૯ (૨૭) ટીએચ.

(૪) નાણા વિભાગની તા. ૧૬મી ઓગષ્ટ, ૧૯૭૩ની અધિસૂચના ક્રમાંક. જીએચ-એન-૧૮૮-જીએસટી-૧૦૭૩/એસ. ૪૯ (૨૬) ટીએચ.

(૫) સન ૧૯૭૨ના ગુજરાત શહેરી વિસ્તાર ખાલી જમીનો (સ્વત્વાર્પણ પ્રતિબંધ) અધિનિયમની કલમ ૭ (૧) અન્વયે રાજ્ય સરકારે બહાર પાડેલા ચાર હુકમો કલમ ૭ (૨) અન્વયે રાજ્ય સરકારે બહાર પાડેલા ૫૫ હુકમો તથા કલમ ૭ (૩) અન્વયે જુદા જુદા જિલ્લાના કલેક્ટરોએ બહાર પાડેલા ૪૬ હુકમો.

(૬) સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધો (ગુજરાત) નિયમો સુધારતી શિક્ષણ અને મજૂર વિભાગની તા. ૪થી જૂન, ૧૯૭૩ની અધિસૂચના ક્રમાંક. કેએચ-એસએચ ૯૭૯/આઈડીએ-૧૦૭૨-૪૫૯૧૨-જેએચ.

(૭) સન ૧૯૬૬ના ઔદ્યોગિક વિવાદ (ગુજરાત) નિયમો સુધારતી શિક્ષણ અને મજૂર વિભાગની તા. ૩૧મી જુલાઈ, ૧૯૭૩ની અધિસૂચના ક્રમાંક. કેએચ-એસએચ-૯૭૯/આઈડીએ-૧૦૭૨-૪૫૯૧૨-જેએચ.

(૮) ગુજરાત ટેક્ષટાઈલ કોરપોરેશન લિમિટેડનો સન ૧૯૭૧નો બીજો વાર્ષિક અહેવાલ અને હિસાબ.

(૯) સન ૧૯૬૩ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિયમો સુધારતી ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગની તા. ૨૪મી જાન્યુઆરી, ૧૯૭૩ની અધિસૂચના ક્રમાંક. જીએચયુ-૭૩/૧૧/આઈએનડી-૧૬૭૦/૧૪૧૨૭૫/સીએચ.

(૧૦) સન ૧૯૬૩ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિયમો સુધારતી ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગની તા. ૪થી જૂન, ૧૯૭૩ની અધિસૂચના ક્રમાંક. જીએચયુ-૭૩/૫૫/આઈએનડી/૧૬૬૯/૬૯૫૬/સીએચ.

(૧૧) સન ૧૯૬૨ના ગુજરાત રાજ્ય ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડ (સભ્યોના ભથ્થાં) નિયમો સુધારતી ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગની તા. ૪થી ડિસેમ્બર, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક. જીએચયુ-૭૨/૧૧૨/વીઆઈએસ-૧૦૭૨-૪૪૦૬-કેએચ.

(૧૨) ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશનને પ્રાપ્ત થયેલી જમીનોના નિકાલ કરવાને લગતા વિનિયમોમાં સુધારો કરતી ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશનની તા. ૮મી ઓગષ્ટ, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક. એલએડબલ્યુ-એએનડી-૩(૩).

(૧૩) ભાડાં નિયમોમાં સુધારો કરતી ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશનની તા. ૮મી ડિસેમ્બર, ૧૯૭૨ની અધિસૂચના ક્રમાંક. જી-આઈડી/સી/એઈડબલ્યુ/એએનડી/૪(૧).

(૧૪) સન ૧૯૭૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશન કર્મચારી (તબીબી ખર્ચ ભરપાઈ) વિનિયમો ઘડતી ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશનની તા. ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૭૩ની અધિસૂચના ક્રમાંક. ઈએસટી-એનએઆર/એલએડબલ્યુ/એએમ-ડી-૧૩.

૩. ગુજરાત વિધાનસભાના સચિવશ્રીએ જથી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલું અને જેને રાષ્ટ્રપતિની અનુમતિ મળી છે તેવું સન ૧૯૭૨નું વિધેયક ક્રમાંક ૩૧ મેજ ઉપર મૂકયું.

૪. વિશેષાધિકાર સમિતિના પ્રમુખ, શ્રી દિવ્યકાંત નાણાવટીએ વિધાનસભાગૃહ અચોક્કસ મુદત સુધી મુલતવી રાખવાના સભાગૃહના નિર્ણયને ગુજરાત હાઈકોર્ટમાં અમુક સભ્યોએ રીટ દ્વારા પડકારવાથી થતા વિશેષાધિકાર ભંગના પ્રશ્નને લગતા સમિતિના પહેલા અહેવાલની રજૂઆત કરી.

૫. મુખ્ય મંત્રીશ્રી ચિમનભાઈ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો :—

"મુખ્ય મંત્રીશ્રીએ તા. ૧લી ઓકટોબર, ૧૯૭૩ના રોજ ગૃહમાં પૂર અંગે રજૂ કરેલું નિવેદન વિચારણામાં લેવામાં આવે."

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે એમની પાસે ચર્ચામાં ભાગ લેવા માગતા સભ્યોની મોટી યાદી છે તેથી દરેક સભ્ય સાત મિનિટ બોલશે તો વધારે સભ્યો ચર્ચામાં ભાગ લઈ શકશે.

પ્રસ્તાવ પરની ચર્ચામાં ૨૧ સભ્યોએ ભાગ લીધો :

ચર્ચાનો જવાબ મુખ્ય મંત્રી શ્રી ચિમનભાઈ પટેલે આપ્યો. કેટલાક સભ્યોએ જવાબમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને મુખ્ય મંત્રીશ્રીએ તેના જવાબો આપ્યા.

## સોમવાર, તા. ૧૨મી નવેમ્બર, ૧૯૭૩

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

શ્રી માણેકલાલ ગાંધી પોતાની નિયમ ૧૦૮ હેઠળની સભામોકૂફીની દરખાસ્ત માનનીય અધ્યક્ષશ્રીએ નામંજૂર કરી હતી તે બાબતમાં પોઈન્ટ ઓફ ઓર્ડરની રજૂઆત કરતા હતા ત્યારે માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે અધ્યક્ષશ્રીની પરવાનગી સિવાય કોઈપણ બાબતમાં ગૃહની અંદર ચર્ચા કરી શકાય નહીં તેવા નિયમો સભાગૃહે ઘડયા છે. જ્યાં સુધી નિયમ ૧૦૮ અન્વયે જે કાંઈ સૂચના કોઈપણ સભ્ય તરફથી આપવામાં આવી હોય તે દાખલ ન થાય ત્યાં સુધી તે સૂચનાને લગતી કોઈપણ બાબતનો ઉલ્લેખ સભાગૃહમાં કરી શકાય નહીં. અને અધ્યક્ષ સભ્યશ્રીને તે મુદ્દા ઉપર બોલવા દઈ શકે નહીં. સભ્યશ્રીએ બોલવાનું ચાલુ રાખતા શ્રી સનત મહેતાએ જણાવ્યું કે એક વખત અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો હોય તો તેના ઉપર ચર્ચા ચાલુ રાખી શકાય કે કેમ અને અધ્યક્ષશ્રીના નિર્ણયને પડકારી શકાય કે કેમ અને તે બાબતમાં અધ્યક્ષશ્રીનો નિર્ણય માગ્યો. માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે અધ્યક્ષે નિર્ણય આપ્યા પછી તે બાબત ઉપર ચર્ચા કરી શકાય નહીં. તેમજ તેના નિર્ણયને પડકારી શકાય નહીં. છતાં પણ સભ્યશ્રીઓએ બોલવાનું ચાલુ રાખતાં માનનીય અધ્યક્ષશ્રીએ શ્રી માણેકલાલ ગાંધી, શ્રી મોતીભાઈ ચૌધરી અને શ્રી નરસિંહદાસ ગોંધિયાને ગૃહમાંથી બહાર જવાનો આદેશ આપ્યો. આ તબક્કે શ્રી બટુક વોરા સિવાયના અન્ય હાજર રહેલા વિરોધ પક્ષના સભ્યોએ સભાત્યાગ કર્યો.

૨. શ્રી સનત મહેતાએ નિયમ ૧૧૬ અન્વયે માનનીય મુખ્ય મંત્રીશ્રી ચીમનભાઈ પટેલનું નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોર્યું.

"વડોદરાના છોટાઉદેપુર તાલુકાના કવાંટ વિસ્તારમાં તા. ૨૩-૧૦-૧૯૭૩ના રોજ ગેલેસર ગામમાં જમીનની ઊભા પાકની તકરાર બાબતમાં થયેલ ગોળીબાર તે અંગે કરાયેલ ફરિયાદ અને ત્યારબાદ તે માટે લેવાયેલ પગલાં."

મુખ્ય મંત્રીશ્રી ચીમનભાઈ પટેલે પોતાનું નિવેદન રજૂ કર્યું. નિવેદનમાંથી ઉપસ્થિત થતાં પ્રશ્નો કેટલાક સભ્યોએ પૂછયા અને મુખ્ય મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. ગુજરાત વિધાનસભાના સચિવશ્રીએ ચોથી ગુજરાત વિધાનસભાના ચાલુ સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં નીચેનાં પાંચ વિધેયકો વિધાનસભાના મેજ પર મૂકયાં :—

(૧) સન ૧૯૭૩નું વિધેયક નં. ૧૫ — સન ૧૯૭૩નું ગુજરાત મંત્રી પગાર અને ભથ્થાં (સુધારા) વિધેયક.

(૨) સને ૧૯૭૩નું વિધેયક નં. ૧૮ — સન ૧૯૭૩નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક.

(૩) સન ૧૯૭૩નું વિધેયક નં. ૨૧ — સન ૧૯૭૩નું ગુજરાત આકસ્મિક ફંડ (કામચલાઉ વધારા) (સુધારા) વિધેયક.

(૪) સન ૧૯૭૩નું વિધેયક નં. ૨૨ — સન ૧૯૭૩નું ગુજરાત યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

(૫) સન ૧૯૭૩નું વિધેયક નં. ૨૬ — સન ૧૯૭૩નું ગુજરાત (દ્વિતીય પૂરક) વિનિયોગ વિધેયક.

૪. (૧) સન ૧૯૭૨ના વિધેયક નં. ૫૧ સન ૧૯૭૨ના ગુજરાત ખેત જમીન ટોચ-મર્યાદા (સુધારા) વિધેયક ઉપરની પ્રવર સમિતિના પ્રમુખશ્રી નરેન્દ્રસિંહ ઝાલાએ પ્રવર સમિતિના અહેવાલની રજૂઆત કરી. માનનીય અધ્યક્ષશ્રીએ અહેવાલ અને વિધેયક પરની ચર્ચા અને સુધારાઓ રજૂ કરવા અંગે સ્પષ્ટતા કરી.

(૨) વિશેષાધિકાર સમિતિના પ્રમુખશ્રી દિવ્યકાંત નાણાવટીએ "સભ્યોને પક્ષપલ્ટા માટે લાંચ" (પાંચ કેસ) ઉપરના વિશેષાધિકાર સમિતિના બીજા અહેવાલની રજૂઆત કરી.

૫. મુખ્ય મંત્રી શ્રી ચીમનભાઈ પટેલે નીચે દર્શાવેલા કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) તા. ૩૧મી ઓગસ્ટ, ૧૯૭૨ના રોજ ખેડા જિલ્લામાં ૬ઠ્ઠા માઈલ સ્ટોન નજીક વસો ખાતે બનેલા બનાવો અને પોલીસ ગોળીબાર અંગે તપાસ કમિશનનો અહેવાલ તેમજ તેના પર સરકારે લીધેલાં પગલાં અંગેનું મેમોરેન્ડમ.

(૨) તા. ૧૪મી જાન્યુઆરી, ૧૯૭૩ના રોજ ધોરાજી નજીક બનેલા પોલીસ ગોળી-બારના બનાવ અંગે તપાસ કમિશનનો અહેવાલ તેમજ તેના પર સરકારે લીધેલાં પગલાં અંગેનું મેમોરેન્ડમ.

૬. પંચાયત મંત્રીશ્રી ઠાકોરભાઈ પટેલે સન ૧૯૭૩નું ગુજરાત પંચાયત (દ્વિતીય સુધારા) વિધેયક દાખલ કરવાની અનુમતિ મેળવવા માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો. પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો. વિધેયક દાખલ કરવાની અનુમતિ મળતાં મંત્રીશ્રીએ વિધેયક દાખલ કર્યું. માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આ વિધેયકની ચર્ચા માટે આજરોજ કામકાજ સલાહકાર સમિતિ મળવાની છે તે સમય ફાળવશે.

૭. નીચે દર્શાવેલાં સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યાં :—

(૧) સન ૧૯૭૩નું વિધેયક નં ૨૩—સન ૧૯૭૩નું મુંબઈ રીલિફ અન્ડરટેકીંગ (ખાસ જોગવાઈ) (ગુજરાત સુધારા) વિધેયક.

(૨) સન ૧૯૭૩નું વિધેયક નં. ૨૪—સન ૧૯૭૩નું ભારત વીજળી (ગુજરાત સુધારા) વિધેયક.

(૩) સન ૧૯૭૩નું વિધેયક નં. ૨૦—સન ૧૯૭૩નું મુંબઈ નગરરચના (ગુજરાત સુધારા) વિધેયક.

૮. રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રી શ્રી પિયુષ ઠાકોરે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો:—

"ગુજરાત વિદ્યુત બોર્ડનું સન ૧૯૭૩-૭૪નું અંદાજપત્ર વિચારણામાં લેવામાં આવે."

પ્રસ્તાવ પરની ચર્ચામાં ૮ સભ્યશ્રીઓએ ભાગ લીધો. ચર્ચા અધૂરી રહી.

ચર્ચા દરમિયાન માનનીય અધ્યક્ષશ્રીએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે શ્રી કાંતિભાઈ પટેલની નિયમ ૧૧૨ હેઠળની ટૂંક સમયની ચર્ચા આજના કામકાજમાં બતાવવામાં આવી છે. તેના પરની ચર્ચા ૫-૦૦ વાગ્યે હાથ ધરવા માટે વિદ્યુત બોર્ડના અંદાજપત્ર પરની ચર્ચા સાંજે પાંચ વાગ્યે બંધ કરવી પડશે અને જો ચર્ચા અધૂરી રહેશે તો બીજા કોઈ દિવસે તે હાથ ધરવામાં આવશે. ત્યારબાદ બીજા ચાર સભ્યોએ વિદ્યુત બોર્ડના અંદાજપત્ર પરની ચર્ચામાં ભાગ લીધો. ચર્ચા અધૂરી રહી.

૯. માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિના પંદરમા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો વાંચી સંભળાવીને અહેવાલ રજૂ કર્યો.

સંસદીય બાબતોના મંત્રી શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે કામકાજ સલાહકાર સમિતિના પંદરમા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો સાથે સભાગૃહ સંમત થાય. શ્રી બટુક વોરાએ ભલામણો સંબંધમાં કેટલીક સ્પષ્ટતા માંગી. માનનીય અધ્યક્ષશ્રીએ સ્પષ્ટતા કરી. ત્યારબાદ પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૧૦. શ્રી કાંતિભાઈ પટેલે નિયમ ૧૧૨ હેઠળ તાકીદની જાહેર અગત્યની નીચેની બાબતમાં ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરી અને પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં.

"તાજેતરમાં કેન્દ્ર તરફથી ચોખાની પ્રાપ્તિ કરવા ગુજરાત માટે ૫૦,૦૦૦ ટનની ફાળવણી કરવામાં આવેલ છે. ગુજરાત આમેય અન્ન બાબતમાં પાછળ રાજ્ય તો હતું

જ પણ ગયા વર્ષે કારમો દુકાળ હતો અને આ વર્ષે અતિવૃષ્ટિને કારણે જે ભયંકર પૂર આવ્યાં છે તેથી મોટા ભાગના ચોખા પેદા કરતા પ્રદેશોમાં ચોખાનો પાક ધોવાઈ ગયો છે, એટલું જ નહીં પણ ખેતરોમાં રેતીના ઢગ જામ્યાં છે અને આ જમીન પાછી મળશે કે નહીં તે શંકા છે. આ સંજોગોમાં સરકાર તરફથી લેવી લેવા અંગે તથા નક્કી થયેલા પ્રાપ્તિ ભાવ માટે ટૂંક સમયની ચર્ચા."

ત્યારબાદ ચર્ચામાં ૬ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

૧૧. શ્રી કાળીદાસ ચૌહાણે શ્રી કૃષ્ણવદન પચ્ચીગરના અતારાંકિત પ્રશ્ન ક્રમાંક ૨૨૫૬ના તા. ૮મી ઓકટોબર, ૧૯૭૩ના રોજ બાંધકામ મંત્રીશ્રીએ આપેલ જવાબ ઉપરથી ઉપસ્થિત થયેલી જાહેર અગત્યની બાબત પર અરધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરી અને તેમના મંતવ્યો રજૂ કર્યા.

બાંધકામ મંત્રી શ્રી છબીલદાસ મહેતાએ ચર્ચાનો જવાબ આપ્યો. કેટલાક સભ્યોએ ચર્ચામાંથી ઉપસ્થિત થતાં પ્રશ્નો પૂછયા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા. ચર્ચા પૂરી થઈ.

## મંગળવાર, તા. ૧૩મી નવેમ્બર, ૧૯૭૩

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. ભૂતપૂર્વ મુંબઈ વિધાનસભાના માજી સભ્ય શ્રી રેવલભાઈ શંકરભાઈ પટેલના અવસાન અંગે માનનીય મુખ્ય મંત્રી શ્રી ચીમનભાઈ પટેલે શોકદર્શક ઉલ્લેખ કરીને અંજલિ આપી. ત્યારબાદ સભ્યશ્રી માણેકલાલ ગાંધી, નાણા મંત્રી શ્રી અમુલ દેસાઈ, શ્રી ઉત્તમભાઈ પટેલ અને શ્રી ભાણજીભાઈ પટેલે અંજલિઓ આપી.

માનનીય અધ્યક્ષશ્રીએ તેમાં પોતાનો સૂર પૂરાવ્યો. સદ્‌ગતના માનમાં સભ્યોએ પોતાના સ્થાન પર ઉભા રહીને થોડીવાર મૌન પાળ્યું. માનનીય અધ્યક્ષશ્રીએ સદ્‌ગતના કુટુંબીજનોને સભાગૃહની લાગણીનો સંદેશો મોકલી આપવામાં આવશે તેમ જણાવ્યું.

૩. (૧) મુખ્ય મંત્રી શ્રી ચીમનભાઈ પટેલે તા. ૯-૧૦-૭૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ રાજ્યમાં હરિજનોના ખૂન અને આપઘાત બાબતના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૯૯૪૯ના જવાબમાં જણાવ્યા મુજબની માહિતી દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂક્યું.

નાણાં અને આયોજન મંત્રીશ્રી અમુલ દેસાઈએ નીચે દર્શાવેલા કાગળો સભાગૃહના મેજ પર મૂકયા.

(૨) રાજ્યની પાંચમી પંચવર્ષીય યોજનાનો ખરડો.

(૩) તા. ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૭૩થી તા. ૧૯મી ઓક્ટોબર, ૧૯૭૩ સુધીમાં સરકારે જુદી જુદી સંસ્થાઓને આપેલી બાંયધરીની વિગત દર્શાવતું પત્રક.

(૪) નાણાં વિભાગની તા. ૧૫મી ઓક્ટોબર, ૧૯૭૩ની અધિસૂચના ક્રમાંક : જીએચ-એન--૨૦૩:જીએસટી--૧૦૭૩/એસ ૫(૨)--(૨)--ટીએચ.

સમાજકલ્યાણ મંત્રીશ્રી અમરસિંહ ચૌધરીએ નીચે દર્શાવેલા કાગળો સભાગૃહના મેજ પર મૂક્યા :—

(૫) ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશનનો પ્રથમ અહેવાલ.

(૬) સન ૧૯૭૩ના ગુજરાત પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ નિયમો ઘડતી શિક્ષણ અને મજૂર વિભાગની તા. ૧૭મી જાન્યુઆરી, ૧૯૭૩ની અધિસૂચના ક્રમાંક જી.એસએચ/-૧૯૭૧-બીપીઓ-૧૦૬૦--૪૫૨૬૪-(૭૨)--સીએચએચ.

(૭) સન ૧૯૭૩ના આદિજાતિ વિકાસ કોરપોરેશન નિયમો ઘડતી શિક્ષણ અને મજૂર વિભાગની તા. ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૭૩ની અધિસૂચના ક્રમાંક કેએચએસએચ-૧૯૨૬-ટીડીસી-૧૦૭૨/૯૬૭૩૬ (૭૩)--જે.

(૮) સન ૧૯૬૨ના ગુજરાત માલ પરિવહન કર અધિનિયમ અન્વયે આપવાના વેરામાંથી મુક્તિ આપતી ગૃહ વિભાગની તા. ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૭૩ની અધિસૂચના ક્રમાંક જીએચ/જી/૭૩/૨૪૬/એમવીએ/૭૫૬૯/૨૦૧૯૩-ઈ.

૪. કાયદા મંત્રી શ્રી દિવ્યકાંત નાણાવટીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સન ૧૯૭૩નું પ્રેસિડેન્સી સ્મોલ કોઝ (ગુજરાત સુધારા) વિધેયક દાખલ કરવાની સભાગૃહ અનુમતિ આપે. કોઈનો વિરોધ નહીં હોવાથી પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો. ત્યારબાદ કાયદા મંત્રીશ્રીએ વિધેયક દાખલ કર્યું.

૫. નીચે જણાવેલું સરકારી વિધેયકનું બીજું વાંચન કરવામાં આવ્યું.

પ્રવર સમિતિના અહેવાલ મુજબનું સન ૧૯૭૨નું વિધેયક ક્રમાંક-૫૧-સન ૧૯૭૨નું ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા (સુધારા) વિધેયક.

**બુધવાર, તા. ૧૪મી નવેમ્બર, ૧૯૭૩**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

શ્રી માણેકલાલ ગાંધીએ નિયમ ૧૦૬ અન્વયે નીચેના પ્રસ્તાવને રજૂ કરવા સભાગૃહની પરવાનગી માગી.

"આ સભાગૃહ ગુજરાત રાજ્યના વર્તમાન મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરે છે."

પ્રસ્તાવ રજૂ કરવા માટે પરવાનગી આપવાની તરફેણમાં ૧૭ કરતાં વધારે સભ્યો ઊભા થતાં પ્રસ્તાવ રજૂ કરવાની સભાગૃહની પરવાનગી મળી. પ્રસ્તાવ પરની ચર્ચા હાથ ધરવાના સમય બાબતમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ સૂચન કર્યું કે ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા (સુધારા) વિધેયક પરની ચર્ચા પૂરી થાય તે પછી તુર્ત જ ઉકત પ્રસ્તાવની ચર્ચા હાથ ધરવી. અન્ય સભ્યોને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સમય અંગે વિશ્રાંતિ બાદ નક્કી કરવામાં આવશે.

૨. શ્રી બટુક વોરાએ નિયમ ૧૧૬ અન્વયે બાંધકામ મંત્રીશ્રી છબીલદાસ મહેતાનું નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોર્યું.

"જાણવા પ્રમાણે ઉકાઈ હાઈડ્રોઈલેકિટ્રક પાવર હાઉસ કોઈ ટેકનિકલ ત્રુટિના કારણોસર પાણી ધસી આવતાં તદ્દન ડૂબી ગયું છે. આ મોટી ઘટના છે અને તે ઉપર સરકારે લીધેલાં કે લેવાં ધારેલાં પગલાં."

બાંધકામ મંત્રીશ્રી છબીલદાસ મહેતાએ તેમનું નિવેદન રજૂ કર્યું. નિવેદનમાંથી ઉપસ્થિત થતાં પ્રશ્નો કેટલાક સભ્યોએ પૂછ્યા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. મહેસૂલ મંત્રી શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ સન ૧૯૭૨ના ગુજરાત શહેરી વિસ્તાર ખાલી જમીન (સ્વાત્વાર્પણ પ્રતિબંધ) અધિનિયમની કલમ ૭(૨) અન્વયે રાજ્ય સરકારે બહાર પાડેલા ૧૦ હુકમો તથા કલમ ૭(૩) અન્વયે જુદા જુદા જિલ્લાના કલેકટરોએ બહાર પાડેલા ૯ હુકમો સભાગૃહના મેજ પર મૂકયા.

૪. બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ, ઉપાધ્યક્ષશ્રી રમેશચંદ્ર પરમારે સમિતિના ચૌદમા અહેવાલની રજૂઆત કરી અહેવાલ સાથે સભાગૃહ સંમત થાય તેવો પ્રસ્તાવ રજૂ કર્યો.

પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૫. નીચે જણાવેલું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું.

પ્રવર સમિતિના અહેવાલ મુજબનું સન ૧૯૭૨નું વિધેયક ક્રમાંક-૫૧-સન ૧૯૭૨નું ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા (સુધારા) વિધેયક—

માનનીય અધ્યક્ષશ્રીએ કેટલાક સભ્યોના મંતવ્યો જાણ્યા બાદ અવિશ્વાસ વ્યકત કરવા બાબતના પ્રસ્તાવ પરની ચર્ચા માટે પાંચ કલાક રાખવા ઠરાવ્યું. અને તે માટે ગુરૂવાર, તા. ૧૫-૧૧-૭૩ના રોજ બે બેઠકો રાખવાનું નક્કી કરવામાં આવ્યું. પહેલી બેઠક સવારના

૮-૦૦ થી ૧૧-૩૦ સુધી રાખવાનું અને તેમાં પ્રશ્નોત્તરી અને બિન-સરકારી સભ્યોનું કામકાજ હાથ ધરવાનું અને બપોરની બેઠક બપોરના ૧-૦૦ વાગ્યાથી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી રાખી અને તે બેઠક દરમિયાન ઉકત પ્રસ્તાવ પરની ચર્ચા હાથ ધરવામાં આવશે તેમ માનનીય અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું.

આ તબકકે શ્રી નરસિંહદાસ ગોંધિયાએ નિયમ ૧૪૦(૩)(અ) હેઠળ વિધેયકનું ત્રીજું વાંચનકરવા બાબતમાં પોતાનો વાંધો રજૂ કર્યો અને તે અંગે તેમનાં મંતવ્યો રજૂ કર્યા. કાયદા મંત્રીશ્રી દિવ્યકાંત નાણાવટીએ જણાવ્યું કે જે વાંધો આ તબકકે ઉઠાવવામાં આવ્યો છે તે બીજા વાંચન વખતે ઉઠાવવો જોઈતો હતો. માનનીય અધ્યક્ષશ્રીએ સ્પષ્ટતા કરતાં અને કાયદા મંત્રીશ્રીનો વાંધો રદ કરતાં જણાવ્યું કે સભ્યશ્રીએ ઉઠાવેલો વાંધો નિયમ મુજબ બરાબર છે. કલમવાર વાંચન વખતે સુધારા થયા હોય તો આવો વાંધો લઈ શકાય છે. પરંતુ જે સુધારાઓ મંજૂર થયા છે તે સમજવામાં મુશ્કેલી પડે અને સમજવા માટે વધારે સમયની જરૂર પડે તેમ લાગતું નહીં હોવાથી સભ્યશ્રીનો વાંધો સ્વીકારી શકાય તેમ નથી.

આ તબકકે સંસ્થા કોંગ્રેસ પક્ષના હાજર રહેલા સભ્યોએ સભાત્યાગ કર્યો.

## ગુરૂવાર, તા. ૧૫મી નવેમ્બર, ૧૯૭૩

**સવારની બેઠક**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. માનનીય અધ્યક્ષશ્રીએ નિયમો માટેની સમિતિનો બીજો અહેવાલ રજૂ કર્યો.

૩. નીચે જણાવેલું બિન-સરકારી વિધેયક સભ્યશ્રીની ગેરહાજરીને લીધે દાખલ થઈ શકયું નહીં.

સન ૧૯૭૩નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયક--સભ્યશ્રી કે. ડી. પચ્ચીગર.

૪. (૧) શ્રી ઉત્તમભાઈ પટેલે નીચેનો સંકલ્પ રજૂ કર્યો.

"ગુજરાતના સમતુલિત વિકાસની દ્રષ્ટિએ રાજ્યના પછાત વિસ્તારોના પ્રશ્નો પર વધુ ધ્યાન આપવાની ખાસ જરૂર જણાય છે અને તે માટે આદિવાસી વિસ્તારો અને ખાસ કરીને દક્ષિણ ગુજરાતના વિસ્તાર માટે નીચેના પગલાં ભરવા આ વિધાનસભા-ગૃહ રાજ્ય સરકારને આદેશ આપે છે."

૧. બધી નદીઓ પર નાની સિંચાઈ યોજનાઓ અને ચેકડેમોનો કાર્યક્રમ ઘડી તાબડતોબ હાથ ધરવો અને સિંચાઈની બીજી શકયતાઓ વિચારી અમલમાં મૂકવી.

૨. મુખ્ય રસ્તા તથા શહેરોને જોડતા એપ્રોચ રોડો સત્વરે તૈયાર કરવા.

૩. શિક્ષિત બેકારોને રોજગારી મળી રહે તેવી વ્યવસ્થા વિચારવી.

૪. આદિવાસી વિસ્તારોમાં રોજગારીની શકયતાઓ તપાસી અને તેમને માટે નોકરીમાં ઠરાવેલી ટકાવારીના ધોરણ મુજબ તેમને માર્ચ, ૧૯૭૪ સુધીમાં નોકરી મળી રહે તે માટે ઘડતી યોજના તૈયાર કરી તેનો અમલ કરવો.

૫. ખેત મજૂરોની ભૂમિસેના બનાવી એમના માટે નીચેનું આયોજન કરવું.

ખેત મજૂરોની સો સોની ટૂકડીઓ પાડીને ખેતીલાયક પડતર જમીનનું વિભાજન કરી એમને ત્યાં વસવાટ અને ખેતીની તક આપવી. એ જમીનમાંથી ઉત્પાદન થાય ત્યાં સુધી એ ભૂમિસૈનિકોને રહેવા વિગેરેનો માસિક ખર્ચ આપવો."

સભ્યશ્રી નરસિંહદાસ ગોંધિયાએ સંકલ્પ પર આપેલા સુધારાઓ બાબતમાં માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સંકલ્પ પરનું મૂળ સ્વરૂપ બદલી નાખે તેવા સુધારા રજૂ કરવા દેવાની સંમતિ તેઓ આપી શકે તેમ નથી. સુધારાઓ રજૂ થયા નહીં.

સંકલ્પ પરની ચર્ચામાં ૭ સભ્યો અને ૧ મંત્રીશ્રીએ ભાગ લીધો.

શ્રી ઉત્તમભાઈ પટેલે ચર્ચાનો જવાબ આપ્યો અને પોતાનો પ્રસ્તાવ પાછો ખેંચી લેવા માટે સભાગૃહની પરવાનગી માગી. પ્રસ્તાવ મત પર મૂકવામાં આવતો હતો ત્યારે શ્રી નરસિંહદાસ ગોંધિયાએ વિભાજનની માગણી કરી જે સ્વીકારવામાં આવી. વિભાજન થતા પ્રસ્તાવની તરફેણમાં ૭૯ અને વિરુધ્ધમાં ૧૯ મત પડતાં શ્રી ઉત્તમભાઈ પટેલને તેમનો સંકલ્પ પાછો ખેંચી લેવાની પરવાનગી મળી. સભ્યશ્રીએ સંકલ્પ પાછો ખેંચી લીધો.

(૨) શ્રી ભગવાનભાઈ ધનપાતળીયાએ નીચેનો સંકલ્પ રજૂ કર્યો.

"ખેત ઉત્પાદન પર લેવી લેવાના જુદાં જુદાં ધોરણોથી ખેડૂતો અને વાપરનાર વર્ગનું હિત સચવાતું નથી. આથી લેવી પ્રથામાં સમાનતા લાવવી ખૂબ જ જરૂરી લાગે છે".

ખેત ઉત્પાદનનું રાજ્યના જુદા જુદા ભાગોમાં વર્ગીકરણ કરીએ તો દક્ષિણ ગુજરાતનો મુખ્ય પાક ડાંગર છે, મધ્ય ગુજરાતનો મુખ્ય પાક રૂ અને તમાકુ છે, ઉત્તર ગુજરાતનો મુખ્ય પાક બાજરી છે અને સૌરાષ્ટ્રનો મુખ્ય પાક સીંગદાણા અને બાજરો છે.

કમનસીબે ઉપરના પાકોની રાજ્યમાં અવારનવાર અછત ઊભી થાય છે. આથી લેવી નાખતી વખતે, ઉત્પાદના વેગને નુકસાન ન પહોંચે, મોંઘવારી ઊભી ન થાય, લોકોને સરળતાથી વસ્તુઓ મળી રહે, ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તેમજ વાપરનાર વર્ગને પ્રમાણમાં જીવનજરૂરી ચીજો સસ્તા ભાવે અને સમયસર મળે તેવો સિધ્ધાંત સ્વીકારીને એકસરખી લેવી પ્રથા રાખવા અને તેમાં આદિવાસી ખેડૂતોને સમકક્ષ નહીં ગણવા આ સભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

શ્રી નરસિંહદાસ ગોંધિયાએ સંકલ્પ પર સુધારો રજૂ કર્યો. શ્રી ભગવાનભાઈ ધનપાતળીયાએ સંકલ્પ પરનો સુધારો સ્વીકાર્યો.

શ્રી પોપટલાલ સોરઠિયા સુધારા પરનો સુધારો રજૂ કરવા માગતા હતા પરંતુ તે મૂળ સંકલ્પમાં સુધારો કરતો હોવાથી સભ્યશ્રીને તેમનો સુધારો રજૂ કરવાની પરવાનગી મળી નહીં.

સંકલ્પ પરની ચર્ચામાં ૫ સભ્યશ્રીઓ અને ૧ મંત્રીશ્રીએ ભાગ લીધો.

શ્રી ભગવાનભાઈ ધનપાતળિયાએ ચર્ચાનો જવાબ આપ્યો. અને પોતાનો સંકલ્પ પાછો ખેંચી લેવાની પરવાનગી માગતો પ્રસ્તાવ રજૂ કર્યો. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો. સભ્યશ્રીએ તેમનો સંકલ્પ પાછો ખેંચી લીધો.

### બપોરની બેઠક ( બપોરના ૧-૦૦ વાગે )

૧. શ્રી માણેકલાલ ગાંધીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"આ સભાગૃહ ગુજરાત રાજ્યના મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરે છે."

માનનીય અધ્યક્ષશ્રીએ ચર્ચામાં ભાગ લેવા બાબતમાં સમય અંગે સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે વિરોધ જૂથના નેતાશ્રી ૨૦ મિનિટ અને અન્ય સભ્યો ૧૦ મિનિટ ચર્ચામાં ભાગ લઈ શકશે.

પ્રસ્તાવ પરની ચર્ચામાં ૧૮ સભ્યશ્રીઓ અને મુખ્ય મંત્રીશ્રીએ ભાગ લીધો.

શ્રી દિનકર દેસાઈએ તેમના પ્રવચન દરમ્યાન ધારાસભ્યોની બાબતમાં "મેંઢા" શબ્દ પ્રયોગ કરતાં તે શબ્દ પ્રયોગ સામે શ્રી નરસિંહદાસ ગોંધિયાએ વાંધો ઉઠાવતાં શ્રી દિનકર દેસાઈએ તે શબ્દ પાછો ખેંચી લીધો.

શ્રી બટુક વોરાએ તેમના પ્રવચન દરમ્યાન કોંગ્રેસ પક્ષના સભ્યોની બાબતમાં "કાળાં ઘેટાં" શબ્દ-પ્રયોગ કરતાં શ્રી દિનકર દેસાઈએ વાંધો ઉઠાવ્યો પરંતુ માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે જે રીતે શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે તે અસંસદીય નથી.

શ્રી માણેકલાલ ગાંધીએ ચર્ચાનો જવાબ આપ્યો. પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

## શુક્રવાર, તા. ૧૬મી નવેમ્બર, ૧૯૭૩

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા

૨. શ્રી ભાનુપ્રસાદ પંડ્યાએ નિયમ ૧૧૬ અન્વયે નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

"વિરમગામ તાલુકાના ઓગાણ ગામે હરિજન ખેતી સહકારી મંડળીને સરકારે આપેલી જમીન પડાવી લેવાના હેતુસર ગામના ભરવાડ અને અન્ય લોકો અનેકવિધ ત્રાસ આપીને છેલ્લે તારીખ ૩૧મી ઓક્ટોબર, ૧૯૭૩ના રોજ હરિજન ખેડૂતોને માર મારીને ફેલાવેલા ભયના વાતાવરણમાંથી ઉપસ્થિત થયેલી પરિસ્થિતિ અને તે અંગે સરકારે લીધેલા તાકીદના પગલાં. "

મુખ્યમંત્રી, શ્રી ચીમનભાઇ પટેલે તેમનું નિવેદન રજૂ કર્યું. કેટલાક સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને મુખ્યમંત્રીશ્રી એ તેના જવાબ આપ્યાં.

૩. (૧) મુખ્યમંત્રી, શ્રી ચીમનભાઇ પટેલે સન ૧૯૬૦માં ગુજરાત રાજ્ય સેવા કમિશન (સલાહ) વિનિયમો સુધારતી સામાન્ય વહીવટ વિભાગની તા. ૫મી સપ્ટેમ્બર, ૧૯૭૩ની અધિસૂચના નંબર જીએસ-૭૩-૭૭/પીએસસી-૧૦૭૩-૩૬૦૯-જી સભાગૃહના મેજ ઉપર મૂકી.

(૨) મહેસૂલ મંત્રી, શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ તા. ૫મી ઓકટોબર, ૧૯૭૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા ગણોતધારા નીચેની પ્રજાકીય સમિતિઓ અંગેના તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૦૦૭૧ પર થયેલ પૂરક પ્રશ્નોત્તરી દરમ્યાન આપેલ જવાબમાં સુધારો કરતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકયું.

(૩) નાગરિક પુરવઠા મંત્રી, શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ તા. ૫મી ઓકટોબર, ૧૯૭૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સાબરકાંઠા જિલ્લામાં ફાળવેલ સીમેન્ટ અંગેના તારાંકિત પ્રશ્ન ક્રમાંક - ૧૦૭૨૧ના જવાબમાં જણાવ્યા પ્રમાણેની માહિતી દર્શાવતું પત્રક સભાગૃહના મેજ ઉપર મૂકયું.

(૪) શિક્ષણ મંત્રી, શ્રીમતી આયશા બેગમ શેખે તા. ૨૭-૭-૭૨ના રોજ સભાગૃમાં રજૂ થયેલા મહેસાણા જિલ્લા શિક્ષણ સમિતિએ બીટ નિરીક્ષકોની જગ્યાઓ ભરવા બાબતમાં અતારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૭૭૬ના આપવામાં આવેલ જવાબમાં સુધારો કરતું નિવેદન સભા-ગૃહના મેજ ઉપર મૂકયું.

૪ (૧) અંદાજ સમિતિના પ્રમુખ, શ્રી માલદેવજી ઓડેદરાએ અંદાજ સમિતિના પંચાયત અને આરોગ્ય વિભાગને લગતા "જાહેર આરોગ્ય"ઉપરના આઠમા અહેવાલની (ત્રીજી ગુજરાત વિધાનસભા) ભલામણો પર સરકારે લીધેલાં પગલાંના પત્રકો ઉપરના નવમાં અહેવાલ

અને માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજ સમિતિને સોંપેલા અંદાજપત્રના નમૂના તથા કાર્યપધ્ધિતિ અને માગણીઓના માળખામાં કરવાના, નાણાં વિભાગે સૂચવેલા ફેરફાર બાબતના પ્રશ્ન અંગેના અંદાજ સમિતિના દસમાં અહેવાલની રજૂઆત કરી.

(૨) સભ્યોની ગૃહની બેઠકોમાંથી ગેરહાજરી અંગેની સમિતિના પ્રમુખ, શ્રી મનુભાઈ વ્યાસે સમિતિના ત્રીજા અહેવાલની રજૂઆત કરી.

સભાગૃહે ત્રણ સભ્યોએ માગેલી રજા મંજૂર કરી, અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સભ્યશ્રી ઓને રજા મંજૂર થયાની જાણ કરવામાં આવશે.

૫. નીચેનું સરકારી વિવેચક પસાર કરવામાં આવ્યું.

સન ૧૯૭૩નું વિવેચક નં. ૨૮-સન ૧૯૭૩નું ગુજરાત પંચાયત (દ્વિતિય સુધારા) વિવેચક.

૬. શ્રી નરસિંહદાસ ગોંધિયાએ, નિયમ ૧૦૧ અન્વયે, નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"છેલ્લા થોડા મહિનાઓમાં પીવાના પાણીની મુશ્કેલી નીવારવા રાજ્ય સરકારે પંદરસો પાતાળ કૂવાનું ઠરાવેલું લક્ષ્યાંક પૂરા કરેલ છે. આ કાર્યક્રમમાં લાખો રૂપિયાનું ખર્ચ થયેલ છે, જેમાં બજારભાવ કરતાં બોરીંગના ભાવો બેથી ત્રણ ગણા વધારે આપવામાં આવ્યા છે અને ઘણે ઠેકાણે અઢળક ખર્ચ કરવા છતાં બોરીંગો પૂરતી કાળજી ન લેવાયાથી નિષ્ફળ ગયા છે. જેઓ કદી આવા કામોમાં પડયા ન હોય તેના જાણકાર ન હોય તેવાઓને પણ આવાં કામો આપવામાં આવેલ છે. આમ મહત્ત્વના કાર્યક્રમમાં લાખો રૂપિયાનું નુકામન સરકારને એક યા બીજા કારણોસર થયું છે. તેથી તેની સર્વગ્રાહી તપાસ કરવા હાઈકોર્ટના ન્યાયાધીશનું બનેલું એક પંચ નીમવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે."

શ્રી નરસિંહદાસ ગોંધિયાએ તેમના મંતવ્યો રજૂ કર્યા બાદ ૩ સભ્યોએ અને એક મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો. શ્રી નરસિંહદાસ ગોંધિયાએ ચર્ચાનો જવાબ આપ્યો.

પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

૭. નીચેના સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યા.

(૧) સન ૧૯૭૩નું વિધેયક નં. ૨૭ સન ૧૯૭૩નું મુંબઈ સિંચાઈ (ગુજરાત સુધારા) વિધેયક.

(૨) સન ૧૯૭૩નું વિધેયક નં. ૨૯ સન ૧૯૭૩નું પ્રેસિડેન્સી સ્મોલ કોઝ કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયક.

૮. શ્રી ગોવિંદભાઈ કે. પટેલે નિયમ ૧૦૨ અન્વયે છેલ્લા દિવસનો નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"પશ્ચિમ ગુજરાતના સૌરાષ્ટ્રના વિસ્તારમાં ઉપરાઉપરી અછતની પરિસ્થિતિને લીધે પાણીના તળ ઉંડા જઈ રહ્યા છે. જેને લીધે ખેતી ઉદ્યોગ દિનપ્રતિદિન ભાંગતો (નબળો પડતો) જાય છે અને ગ્રામ્ય જીવન વેરવિખેર થઈ રહ્યું છે. આ સ્થિતિમાંથી ખેતી અને ગામડાઓને બચાવી લેવા માટે પાણીનાં તળ ઉપર લાવવા તેમજ જળ સંગ્રહ વધારવા ચેકડેમ પરકોલેશન ડેમ અને બીજી વધુ સિંચાઈ માટે ઝડપી પગલાં લેવાં યુધ્ધના ધોરણે કામગીરી શરૂ કરવા આ સભાગૃહ સરકારને ભલામણ કરે છે."

શ્રી ગોવિંદભાઈ કે. પટેલે તેમના મંતવ્યો રજૂ કર્યા બાદ ૭ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો.

બાંધકામ મંત્રી શ્રી છબીલદાસ મહેતાએ ચર્ચાનો જવાબ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૯. ગુજરાત વિધાનસભાના સચિવશ્રીએ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(અ) અન્વયે અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકયા.

બપોરના ૧૨-૫૧ વાગ્યે અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત સુધી મુલતવી રાખી.

**પત્રક**

## તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના

| પ્રશ્નનો પ્રકાર | મળેલ સૂચનાઓ | દાખલ કર્યા | દાખલ ન કર્યા | તારાંકિતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા | પાછા ખેંચી લીધા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| તારાંકિત | ૧૬૩૦ | ૯૫૬ | ૪૫૫ | ૧૯૪ | ૩ |
| અતારાંકિત | ૯૬૫ | ૫૬૫ | ૪૦૦ | ૧૯૪ | ... |
| ટૂંકી મુદતના | ૯૦ | **૧૪ | ૭૬ | ... | ... |

** આમાં માનનીય મંત્રીશ્રી સભાગૃહમાં જે પ્રશ્નોના જવાબ આપવા અસંમત થયેલા તે ૬ પ્રશ્નોનો સમાવેશ થાય છે.

ક્રમાંક:૫

પ્રશ્નોનો નિકાલ (આંકડામાં)

| નિયમ ૭૩ અન્વયે વિચારણામાં ન લેવાયેલી મુદત બહારની સૂચનાઓ | ગૃહમાં જવાબ આપ્યા | નિયમ ૮૭-અ અન્વયે-સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો | સત્ર સમાપ્તિના દિવસે બાકી જવાબોની સંખ્યા |
|---|---|---|---|
| ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૨૫ | ૯૫૩ | ... | ... |
| ... | *૬૩૨ | ૩૩ | ૨૧૭ |
| ... | ૮ | ... | ... |

* આમાં ચોથા સત્ર ૧૯૭૩ માટે દાખલ કરવામાં આવેલા પરંતુ જેના જવાબો ન આવવાથી તે સત્ર દરમ્યાન સભાગૃહમાં રજૂ થઈ શકયા નથી તેવા ૧૨૩ અતારાંકિત પ્રશ્નોનો સમાવેશ થાય છે.

પત્રક

## તારાંકિત પ્રશ્નોની વિભાગવાર

| વિભાગ | મળેલ સૂચનાઓ | તારાંકિત તરીકે દાખલ કર્યા | તારાંકિતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| સામાન્ય વહીવટ | ૭૭ | ૩૨ | ૨ |
| નાણા | ૨૫ | ૯ | ૨ |
| જાહેર બાંધકામ | ૨૭૪ | ૧૭૪ | ૨૩ |
| કાયદા | ૪૧ | ૧૯ | ૫ |
| મહેસૂલ | ૨૧૯ | ૧૦૬ | ૪૧ |
| પંચાયત અને આરોગ્ય | ૧૭૪ | ૧૨૪ | ૨૨ |
| શિક્ષણ અને મજૂર | ૨૦૧ | ૧૧૩ | ૨૮ |
| ગૃહ | ૧૯૫ | ૧૧૧ | ૨૦ |
| નાગરિક પુરવઠા | ૧૨૭ | ૯૬ | ૧૬ |
| ઉદ્યોગ, ખાણ અને વીજળી | ૧૪૫ | ૮૩ | ૧૫ |
| ખેતી, વન અને સહકાર | ૧૫૨ | ૮૯ | ૨૦ |
| | ૧૬૩૦ | ૯૫૬ | ૧૯૪ |

ક્રમાંક-૬

માહિતી (આંકડામાં)

| દાખલ ન કરેલા | નિયમ-૭૩ અન્વયે વિચારણામાં ન લેવાયેલ મુદત બહારની સૂચનાઓ | પાછા ખેંચી લીધા | ગૃહમાં જવાબ આપ્યા |
|---|---|---|---|
| ૫ | ૬ | ૭ | ૮ |
| ૩૮ | ૫ | ... | ૩૨ |
| ૧૪ | ... | ... | ૯ |
| ૭૫ | ૨ | ૧ | ૧૭૩ |
| ૧૭ | ... | ... | ૧૯ |
| ૬૮ | ૪ | ... | ૧૦૬ |
| ૨૫ | ૩ | ... | ૧૨૪ |
| ૫૯ | ૧ | ... | ૧૧૩ |
| ૫૮ | ૬ | ... | ૧૧૧ |
| ૧૪ | ૧ | ૧ | ૯૫ |
| ૪૭ | ... | ... | ૮૩ |
| ૪૦ | ૩ | ૧ | ૮૮ |
| ૪૫૫ | ૨૫ | ૩ | ૯૫૩ |

પત્રક ક્રમાંક

અતારાંકિત પ્રશ્નોની

| વિભાગ | મળેલ સૂચનાઓ | દાખલ કર્યા | તારાંકિતમાંથી અતારાંકિત દાખલ કર્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| સામાન્ય વહીવટ | ૨૬ | ૧૨ | ૨ |
| નાણા | ૮ | ૨ | ૨ |
| જાહેર બાંધકામ | ૧૨૦ | ૬૯ | ૨૩ |
| કાયદા | ૧૩ | ૬ | ૫ |
| મહેસૂલ | ૧૨૩ | ૮૧ | ૪૧ |
| પંચાયત અને આરોગ્ય | ૧૬૫ | ૧૦૮ | ૨૨ |
| શિક્ષણ અને મજૂર | ૯૨ | ૫૫ | ૨૮ |
| ગૃહ | ૧૭૫ | ૮૪ | ૨૦ |
| નાગરિક પુરવઠા | ૯૦ | ૫૨ | ૧૬ |
| ઉદ્યોગ, ખાણ અને વીજળી | ૪૧ | ૨૦ | ૧૫ |
| ખેતી, વન અને સહકાર | ૧૧૨ | ૭૬ | ૨૦ |
| કુલ | ૯૬૫ | ૫૬૫ | ૧૯૪ |

—૭

## વિભાગવાર માહિતી (આંકડામાં)

| ચોથા સત્રની છેલ્લી બેઠકના દિવસે બાકી જવાબોની સંખ્યા | દાખલ ન કરેલા | પાછા ખેંચી લીધા | ગૃહમાં જવાબ આપ્યા | નિયમ ૮૭-અ અન્વયે સભા-ગૃહના મેજ ઉપર મૂક્યા | સત્ર સમાપ્તિના દિવસે બાકી જવાબોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૨ | ૧૪ | ... | ૧૪ | ૧ | ૧ |
| ૩ | ૬ | ... | ૫ | ... | ૨ |
| ૧૪ | ૫૧ | ... | ૬૯ | ૪ | ૩૩ |
| ૨ | ૭ | ... | ૧૨ | ... | ૧ |
| ૨૧ | ૪૨ | ... | ૮૮ | ૩ | ૫૨ |
| ૧૯ | ૫૭ | ... | ૧૧૩ | ૪ | ૩૨ |
| ૧૫ | ૩૭ | ... | ૭૦ | ૩ | ૨૫ |
| ૧૧ | ૯૧ | ... | ૯૦ | ૬ | ૧૯ |
| ૫ | ૩૮ | ... | ૬૧ | ૩ | ૯ |
| ૧૩ | ૨૧ | ... | ૪૧ | ૧ | ૬ |
| ૧૮ | ૩૬ | ... | ૬૯ | ૮ | ૩૭ |
| ૧૨૩ | ૪૦૦ | ... | ૬૩૨ | ૩૩ | ૨૧૭ |

પત્રક ક્રમાંક

સરકારી

| અનુ-ક્રમાંક | વિધેયકની ટૂંકી સંજ્ઞા | સરકારી વિભાગનું નામ | પ્રભારી મંત્રીશ્રીનું નામ | દાખલ કર્યા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | પ્રવર સમિતિના અહેવાલ મુજબનું સન ૧૯૭૨નું વિધેયક નં. ૫૧-સન ૧૯૭૨નું ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા (સુધારા) વિધેયક | મહેસૂલ વિભાગ | શ્રી નરેન્દ્રસિંહ ઝાલા, મહેસૂલ મંત્રીશ્રી | ૨૨-૧૨-૭૨ |
| ૨ | સન ૧૯૭૩ નું વિધેયક નં. ૧૩-સન ૧૯૭૩ નું મુંબઈ મજૂર કલ્યાણ ફંડ (ગુજરાત સુધારા) વિધેયક. | શિક્ષણ અને મજૂર વિભાગ | શ્રી મનસુખભાઈ જોષી, શ્રમ મંત્રીશ્રી | ૪-૧૦-૭૩ |
| ૩ | સન ૧૯૭૩ નું વિધેયક નં. ૧૫-સન ૧૯૭૩નું ગુજરાત મંત્રી પગાર અને ભથ્થાં (સુધારા) વિધેયક. | સામાન્ય વહીવટ વિભાગ | શ્રી ચીમનભાઈ પટેલ મુખ્ય મંત્રીશ્રી | ૫-૧૦-૭૩ |
| ૪ | સન ૧૯૭૩નું વિધેયક નં. ૧૬-સન ૧૯૭૩ નું ગુજરાત શહેરી વિસ્તાર ખાલી જમીન (સ્વત્વાર્પણ પ્રતિબંધ) (સુધારા) વિધેયક. | મહેસૂલ વિભાગ | શ્રી નરેન્દ્રસિંહ ઝાલા, મહેસૂલ મંત્રીશ્રી | ૧૦-૧૦-૭૩ |
| ૫ | સન ૧૯૭૩ નું વિધેયક નં. ૧૭-સન ૧૯૭૩ નું ગુજરાત ન્યાય કોર્ટ (સુધારા) વિધેયક. | કાયદા વિભાગ | શ્રી દિવ્યકાંત નાણાવટી, કાયદા મંત્રીશ્રી | ૫-૧૦-૭૩ |
| ૬ | સન ૧૯૭૩ નું વિધેયક નં. ૧૮-સન ૧૯૭૩ નું મુંબઇ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક. | મહેસૂલ વિભાગ | શ્રી નરેન્દ્રસિંહ ઝાલા, મહેસૂલ મંત્રીશ્રી | ૫-૧૦-૭૩ |

—૮

વિધેયકો

| પહેલા વાચનની તારીખ | બીજા વાચનની તારીખ | ત્રીજા વાચનની તારીખ | સુધારા | | | શેરો |
|---|---|---|---|---|---|---|
| | | | જેની સૂચના મળી | જે રજૂ કરવામાં આવ્યા | જે પસાર કરવામાં આવ્યા | |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૩-૪-૭૩ | ૧૩-૧૧-૭૩ | ૧૪-૧૧-૭૩ | ૧૩ | ૧૩ | ૪ | ... |
| ૪-૧૦-૭૩ | ૫-૧૦-૭૩ | ૫-૧૦-૭૩ | ... | ... | ... | ... |
| ૫-૧૦-૭૩ | ૫-૧૦-૭૩ | ૫-૧૦-૭૩ | ... | ... | ... | ... |
| ૧૦-૧૦-૭૩ | ૧૦-૧૦-૭૩ | ૧૦-૧૦-૭૩ | ૧૧ | ૭ | ... | ... |
| ૫-૧૦-૭૩ | ૫-૧૦-૭૩ | ૫-૧૦-૭૩ | ... | ... | ... | ... |
| ૫-૧૦-૭૩ | ૫-૧૦-૭૩ | ૫-૧૦-૭૩ | ... | ... | ... | ... |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૭ સન ૧૯૭૩ નું વિધેયક નં. ૧૯-સન ૧૯૭૩નું સોસાયટી નોંધણી (ગુજરાત સુધારા) વિધેયક. | કાયદા વિભાગ | શ્રી દિવ્યકાંત નાણાવટી, કાયદા મંત્રીશ્રી | ... |
| ૮ સન ૧૯૭૩ નું વિધેયક નં. ૨૦-સન ૧૯૭૩નું મુંબઈ નગરરચના (ગુજરાત સુધારા) વિધેયક.. | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી દિવ્યકાંત નાણાવટી, નગરપાલિકા મંત્રીશ્રી | ૧૨-૧૧-૭૩ |
| ૯ સન ૧૯૭૩ નું વિધેયક નં. ૨૧-સન ૧૯૭૩ નું ગુજરાત આકસ્મિક ફંડ (કામચલાઉ વધારા) (સુધારા) વિધેયક. | નાણા વિભાગ | શ્રી અમુલ દેસાઈ, નાણા મંત્રીશ્રી | ૫-૧૦-૭૩ |
| ૧૦ સન ૧૯૭૩ નું વિધેયક નં. ૨૨-સન ૧૯૭૩નું ગુજરાત યુનિવર્સિટી (સુધારા) વિધેયક. | શિક્ષણ અને મજૂર વિભાગ | શ્રીમતી આયશા બેગમ શેખ, શિક્ષણ મંત્રીશ્રી | ૫-૧૦-૭૩ |
| ૧૧ સન ૧૯૭૩ નું વિધેયક નં. ૨૩-સન ૧૯૭૩નું મુંબઈ રીલીફ અન્ડરટેકિંગ (ખાસ જોગવાઇ) (ગુજરાત સુધારા) વિધેયક. | શિક્ષણ અને મજૂર વિભાગ | શ્રી મનસુખભાઇ જોશી, શ્રમ મંત્રીશ્રી | ૧૨-૧૧-૭૩ |
| ૧૨ સન ૧૯૭૩ નું વિધેયક નં. ૨૪-સન ૧૯૭૩ નું ભારત વીજળી (ગુજરાત સુધારા) વિધેયક. | ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગ. | શ્રી પિયુષભાઈ ઠાકોર, રાજ્ય-કક્ષાના મંત્રીશ્રી, વીજળી | ૧૨-૧૧-૭૩ |
| ૧૩ સન ૧૯૭૩ લું વિધેયક નં. ૨૫-સન ૧૯૭૩ નું ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક. | શિક્ષણ અને મજૂર વિભાગ | શ્રીમતી આયશા બેગમ શેખ, શિક્ષણ મંત્રીશ્રી | ૧૦-૧૦-૭૩ |
| ૧૪ સન ૧૯૭૩ નું વિધેયક નં. ૨૬-સન ૧૯૭૩ નું ગુજરાત (દ્વિતીય પૂરક) વિનિયોગ વિધેયક.. | નાણા વિભાગ | શ્રી અમુલ દેસાઈ, નાણા મંત્રીશ્રી | ૧૧-૧૦-૭૩ |

–૮ (ચાલુ)

| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|
| ... | ... | ... | ... | ... | ... | ... |
| ૧૨-૧૧-૭૩ | ૧૨-૧૧-૭૩ | ૧૨-૧૧-૭૩ | ... | ... | ... | ... |
| ૫-૧૦-૭૩ | ૫-૧૦-૭૩ | ૫-૧૦-૭૩ | ... | ... | ... | ... |
| ૫-૧૦-૭૩ | ૫-૧૦-૭૩ | ૫-૧૦-૭૩ | ... | ... | ... | ... |
| ૧૨-૧૧-૭૩ | ૧૨-૧૧-૭૩ | ૧૨-૧૧-૭૩ | ... | ... | ... | ... |
| ૧૨-૧૧-૭૩ | ૧૨-૧૧-૭૩ | ૧૨-૧૧-૭૩ | ... | ... | ... | ... |
| ૧૦-૧૦-૭૩<br>૧૧-૧૦-૭૩ | ૧૧-૧૦-૭૩ | ૧૧-૧૦-૭૩ | ... | ... | ... | ... |
| ૧૧-૧૦-૭૩ | ૧૧-૧૦-૭૩ | ૧૧-૧૦-૭૩ | ... | ... | ... | ... |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૧૫ | સન ૧૯૭૩ નું વિધેયક નં. ૨૭-સન ૧૯૭૩ નું મુંબઈ સિંચાઈ (ગુજરાત સુધારા) વિધેયક. | જાહેર બાંધ-કામ વિભાગ | શ્રી છબીલદાસ મહેતા, જાહેર બાંધકામ મંત્રીશ્રી | ૧૬-૧૧-૭૩ |
| ૧૬ | સન ૧૯૭૩ નું વિધેયક નં. ૨૮-સન ૧૯૭૩ નું ગુજરાત પંચાયત (દ્વિતીય સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી ઠાકોરભાઈ પટેલ, પંચાયત મંત્રીશ્રી | ૧૨-૧૧-૭૩ |
| ૧૭ | સન ૧૯૭૩ નું વિધેયક નં. ૨૯-સન ૧૯૭૩ નું પ્રેસિડેન્સી સ્મોલ કોઝ કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયક. | કાયદા વિભાગ | શ્રી દિવ્યકાંત નાણાવટી, કાયદા મંત્રીશ્રી | ૧૩-૧૧-૭૩ |

—૮ (ચાલુ)

| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|
| ૧૬-૧૧-૭૩ | ૧૬-૧૧-૭૩ | ૧૬-૧૧-૭૩ | ... | ... | ... | ... |
| ૧૬-૧૧-૭૩ | ૧૬-૧૧-૭૩ | ૧૬-૧૧-૭૩ | ... | ... | ... | ... |
| ૧૬-૧૧-૭૩ | ૧૬-૧૧-૭૩ | ૧૬-૧૧-૭૩ | ... | ... | ... | ... |

## પત્રક-ક્રમાંક ૯

## સન ૧૯૭૩--૭૪ના વર્ષ માટેની પૂરક માગણીઓ

| રજૂ થયેલી પૂરક માગણીઓની સંખ્યા | ચર્ચાએલી માગણીઓ | | | ચર્ચા વગર પસાર (ગિલોટીન) થયેલી પૂરક માગણીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| | અનુ-ક્રમ | માગણી નંબર | હિસાબનું મુખ્ય સદર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **સામાન્ય વહીવટ વિભાગ** | |
| ૪૯ | ૧ | ૧ | ૧૮-સંસદ, રાજ્ય/સંઘ પ્રદેશના વિધાનમંડળો | ૨૮ |
| | ૨ | ૨ | ૧૯-સામાન્ય વહીવટ | |
| | | | **બાંધકામ વિભાગ** | |
| | ૩ | ૧૭ | ૪૨-બહુલક્ષી નદી યોજનાઓ | |
| | | | ૪૩-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ (વાણિજ્યિક) | |
| | | | ૪૪-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ (બિન--વાણિજ્યિક) | |
| | ૪ | ૧૮ | ૬૪-દુષ્કાળ રાહત | |
| | ૫ | ૨૦ | ૫૦-રાજ્ય બાંધકામ | |
| | | | **મહેસૂલ વિભાગ** | |
| | ૬ | ૨૨ | ૯-જમીન મહેસૂલ | |
| | ૭ | ૨૫ | ૧૯-સામાન્ય વહીવટ | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| | ૮ | ૨૭ | ૬૪-દુષ્કાળ રાહત | |
| | | | **પંચાયત અને આરોગ્ય વિભાગ** | |
| | ૯ | ૩૧ | ૨૯-તબીબી | |
| | ૧૦ | ૩૨ | ૩૦-જાહેર આરોગ્ય | |
| | ૧૧ | ૩૩ | ૩૦-એ-કુટુંબ નિયોજન | |
| | ૧૨ | ૩૬ | ૨૬-પરચૂરણ ખાતાં | |
| | | | ૩૪-સહકાર | |
| | | | ૩૯-પરચૂરણ સામાજિક અને વિકાસલક્ષી સંઘટનો | |
| | | | ૫૦-રાજ્ય બાંધકામ | |
| | | | ૭૧-પરચૂરણ | |
| | | | ૭૬-બીજાં પરચૂરણ વળતર અને નામફેર | |
| | | | **ગૃહ વિભાગ** | |
| | ૧૩ | ૪૭ | ૨૩-પોલીસ | |
| | | | **ખેતી, વન અને સહકાર વિભાગ** | |
| | ૧૪ | ૫૭ | ૩૧-ખેતી | |
| | ૧૫ | ૫૯ | ૩૪-સહકાર | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| | | | **અનાજ અને નાગરિક પુરવઠા વિભાગ** | |
| | ૧૬ | ૬૫ | ૨૬-પરચૂરણ ખાતાં<br>૭૧-પરચૂરણ | |
| | | | **બાંધકામ વિભાગ** | |
| | ૧૭ | ૬૮ | ૯૮-બહુલક્ષી નદી યોજનાઓ અંગે મૂડી જોગવાઈ<br>૯૯-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ અંગે મૂડી જોગવાઈ (વાણિજ્યિક)<br>૧૦૦-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ અંગે મૂડી જોગવાઈ (બિન-વાણિજ્યિક) | |
| | ૧૮ | ૭૦ | ૧૦૭-ગુજરાતના પાટનગર અંગે ખર્ચ | |
| | | | **ગૃહ વિભાગ** | |
| | ૧૯ | ૭૭ | ૯૬-ઔદ્યોગિક અને આર્થિક વિકાસ અંગે મૂડી જોગવાઈ | |
| | | | **મહેસૂલ વિભાગ** | |
| | ૨૦ | ૯૪ | કયુ-રાજ્ય/સંઘ પ્રદેશોની સરકાર તરફથી લોન અને પેશગીઓ | |
| | | | **ખેતી, વન અને સહકાર વિભાગ** | |
| | ૨૧ | ૧૦૧ | કયુ-રાજ્ય/સંઘ પ્રદેશોની સરકાર તરફથી લોન અને પેશગીઓ | |

## પત્રક ક્રમાંક ૧૦

### જેની ચર્ચા માટે દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ ૧૦૧)

| મળેલી સૂચના-ઓની સંખ્યા | દાખલ થઈ | નામંજૂર થઈ | અનિર્ણિત રહી | પેટા સમિતિએ પસંદ કરેલી સૂચના-ઓનો વિષય | ફાળવેલો સમય | ચર્ચાની તારીખ | પરિણામ | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | ક. મિ. | | | |
| ૧૭ | ૫ | ૧૨ | — | ૧. રાજ્યમાં પાતાળ કૂવાઓના કાર્યક્રમમાં થયેલી ગેરરીતિઓ અને નુકશાનની તપાસ માટે ન્યાયાધીશનું બનેલું પંચ નીમવા બાબત. | ૦--૩૫ | ૧૬-૧૧-૭૩ | ચર્ચાને અંતે મત લેવાતા પ્રસ્તાવનો અસ્વીકાર થયો. | |

## પત્રક ક્રમાંક ૧૧

### વૈધાનિક પ્રસ્તાવો સિવાયના સરકારી પ્રસ્તાવો

| અનુ-ક્રમાંક | પ્રસ્તાવની સૂચના આપનાર મંત્રીશ્રી | પ્રસ્તાવનો વિષય (ટૂંકમાં) | ચર્ચાયાની તારીખ | સુધારા | | | શેરો |
|---|---|---|---|---|---|---|---|
| | | | | જેની સૂચના મળી | જે રજૂ કરવામાં આવ્યા | જે પસાર કરવામાં આવ્યા | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | શ્રી ચીમનભાઈ પટેલ, મુખ્ય મંત્રીશ્રી | ગુજરાત રાજ્ય સેવા કમિશનના સન ૧૯૭૦-૭૧ અને સન ૧૯૭૧-૭૨ના વાર્ષિક અહેવાલો વિચારણામાં લેવામાં આવે. | ૧-૧૦-૭૩ | — | — | — | — |
| ૨ | શ્રી પીયુષભાઈ ઠાકોર, રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, ઉદ્યોગ અને સહકાર. | ગુજરાત વિદ્યુત બોર્ડનું સન ૧૯૭૩-૭૪નું અંદાજપત્ર વિચારણામાં લેવામાં આવે. | ૧૨-૧૧-૭૩ | — | — | — | ચર્ચા અધૂરી રહી. |
| ૩ | શ્રી મનસુખભાઈ જોષી, મંત્રીશ્રી, શ્રમ અને ગૃહ નિર્માણ. | ગુજરાત ગૃહનિર્માણ બોર્ડનું સન ૧૯૬૯-૭૦ અને ૧૯૭૦-૭૧નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. | ૧-૧૦-૭૩ અને ૩-૧૦-૭૩ | — | — | — | — |
| ૪ | શ્રી પીયુષભાઈ ઠાકોર, રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, ઉદ્યોગ અને સહકાર. | ગુજરાત એકસપોર્ટ કોરપોરેશન લિમિટેડનું સન ૧૯૭૦-૭૧ અને સન ૧૯૭૧-૭૨નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. | ૫-૧૦-૭૩ | — | — | — | — |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫ શ્રી દિવ્યકાંત નાણાવટી, કાયદા મંત્રીશ્રી. | સન ૧૯૭૨ના વિધેયક ક્રમાંક-૧૨-સન ૧૯૭૨ના ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય વિધેયક પરની પ્રવર સમિતિની પુનઃરચના કરવા અંગેનો પ્રસ્તાવ | ૩-૧૦-૭૩ | — | — | — | ચર્ચાને અંતે પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો. |
| ૬ શ્રી નરેન્દ્રસિંહ ઝાલા, મહેસૂલ મંત્રીશ્રી. | સન ૧૯૭૨ના વિધેયક ક્રમાંક-૫૧-સન ૧૯૭૨ના ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા (સુધારા) વિધેયક પરની પ્રવર સમિતિની પુનઃરચના કરવા અંગેનો પ્રસ્તાવ | ૩-૧૦-૭૩ | ૫ | ૫ | ૧ | ચર્ચાને અંતે પ્રસ્તાવનો સુધારેલા સ્વરૂપમાં સ્વીકાર કરવામાં આવ્યો. |
| ૭ શ્રી દિવ્યકાંત નાણાવટી, કાયદા મંત્રીશ્રી | સન ૧૯૭૩ના વિધેયક ક્રમાંક-૪-સન ૧૯૭૩ના ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ (ગુજરાત સુધારા) વિધેયક પરની પ્રવર સમિતિની પુનઃરચના કરવા અંગેનો પ્રસ્તાવ | ૩-૧૦-૭૩ | — | — | — | ચર્ચાને અંતે પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો. |
| ૮ શ્રી કાન્તિલાલ ઘીયા, ઉદ્યોગ મંત્રીશ્રી | ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોરપોરેશન લિમિટેડનું સન ૧૯૭૦-૭૧ તથા સન ૧૯૭૧-૭૨નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. | — | — | — | — | સમયના અભાવે ચર્ચા થઈ શકી નહીં. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૯ | શ્રી પીયુષભાઈ ઠાકોર, રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, ઉદ્યોગ અને સહકાર. | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનું સન ૧૯૭૦-૭૧નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. | ૫-૧૦-૭૩ | — | — | — | — |
| ૧૦ | શ્રી પીયુષભાઈ ઠાકોર, રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, ઉદ્યોગ અને સહકાર. | ગુજરાત ઔદ્યોગિક ઈન્વેસ્ટમેન્ટ કૉરપોરેશનનું સન ૧૯૭૦-૭૧નું કામકાજ વિચારણામાં લેવામાં આવે | — | — | — | — | સમયના અભાવે ચર્ચા થઈ શકી નહીં. |
| ૧૧ | શ્રી પીયુષભાઈ ઠાકોર, રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, ઉદ્યોગ અને સહકાર. | ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનું સન ૧૯૭૧-૭૨નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. | — | — | — | — | સમયના અભાવે ચર્ચા થઈ શકી નહી |
| ૧૨ | શ્રી ચીમનભાઈ પટેલ, મુખ્ય મંત્રીશ્રી | રાજ્યમાં પૂર, અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિથી ઉભી થયેલી પરિસ્થિતિ અંગે સભાગૃહમાં તા. ૧-૧૦-૭૩ના રોજ મુખ્ય મંત્રીશ્રીએ કરેલા નિવેદન પર ચર્ચા. | ૧૦-૧૦-૭૩ | — | — | — | — |

## પત્રક ક્રમાંક-૧૨

## ટૂંક સમયની ચર્ચા (નિયમ-૧૧૨)

| મળેલી સૂચના-ઓની સંખ્યા | દાખલ કરેલી | દાખલ કરેલી સૂચનાઓનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ નામ | ચર્ચાની તારીખ / ચર્ચા માટે આપ-વામાં આવેલ સમય. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨૬ | ૩ | ૧ ખાદ્ય તેલનો પ્રશ્ન નિવારવા અંગે | શ્રી મનોહરસિંહજી જાડેજા (શ્રી માણેકલાલ ગાંધી) | ચર્ચાઈ ન હતી |
| | | ૨ ચોખાની લેવી અંગે | શ્રી કાન્તિભાઈ ઈ. પટેલ. | ૧૨-૧૧-૭૩ / એક કલાક |
| | | ૩ બાજરા-બાજરીની લેવી અંગે | શ્રી નરસિંહદાસ ગોંધિયા | ચર્ચાઈ ન હતી. |

પત્રક ક્રમાંક-૧૩

## ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬)

| મળેલી સૂચનાઓની સંખ્યા | દાખલ કરેલી | દાખલ કરેલી સૂચનાઓનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | બાબત પર ધ્યાન દોર્યા તારીખ |
| --- | --- | --- | --- | --- |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૯૮ | ૯ | ૧ મોડાસા અને આસપાસના વિસ્તારોમાં થયેલાં તોફાનો અંગે | શ્રી એ. ટી. કુંદીવાલા (શ્રી લાલસિંહ રહેવર) | ૧-૧૦-૧૯૭૩ |
| | | ૨ રાજ્યમાં સિન્મેટની તીવ્ર તંગી અંગે | શ્રી મનુભાઈ પાલખીવાળા (શ્રી જશવંતસિંહ ચૌહાણ અને શ્રી ભાવસિંહજી દા. ઝાલા) | ૩-૧૦-૭૩ |
| | | ૩ ઘઉંના વાવેતર માટે રાસાયણિક ખાતર સહકારી સંસ્થાઓને આપવા બાબત | શ્રી નરસિંહદાસ ગોંધિયા | ૪-૧૦-૭૩ |
| | | ૪ ધોળકા તાલુકાના સાંકોડ ગામના વાઘરી કુટુંબોએ કરેલી હિજરત અંગે | શ્રી મનુભાઈ પાલખીવાળા (શ્રી એ. ટી. કુંદીવાલા, શ્રી બટુક વોરા અને શ્રી અંબાલાલ ઉપાધ્યાય) | ૫-૧૦-૭૩ |

| | | | |
|---|---|---|---|
| ૫ | ગાંધીનગરના સેક્ટર ૨૯માં નવરાત્રી મહોત્સવ દરમ્યાન થયેલી મારામારી અંગે | શ્રી કાન્તિભાઈ પટેલ | ધ્યાન દોરવા માટે તા.-૮-૧૦-૭૩ ઠરાવેલી પણ સભ્યશ્રી ગેરહાજર હોવાથી નિવેદન કરવાનો પ્રશ્ન રહ્યો નહીં. |
| ૬ | અમદાવાદ નજીક સૈજપુર પાસે ખંભાત-અંબાજી બસને લૂંટવા બાબત. | શ્રીમતી ભદ્રાબેન પંડયા | ૧૦-૧૦-૭૩ |
| ૭ | છોટાઉદેપુર તાલુકાના ગેલેસર ગામમાં થયેલા ગોળીબાર અંગે | શ્રી સનત મહેતા | ૧૨-૧૧-૭૩ |
| ૮ | ઉકાઈ હાઈડ્રો ઈલેક્ટ્રીક પાવરહાઉસ પાણીમાં ડૂબી જવા અંગે | શ્રી બટુક વેરા (શ્રી હરિસિંહજી ગોહિલ અને શ્રી ભાવસિંહજી ઝાલા) | ૧૪-૧૧-૭૩ |
| ૯ | વિરમગામ તાલુકાના ઓગાણ ગામે હરિજનોને ત્રાસ આપવા અંગે | શ્રી ભાનુપ્રસાદ પંડયા | ૧૬-૧૧-૭૩ |

## પત્રક ક્રમાંક-૧૪

## દાખલ કરવા માટેના બિન-સરકારી વિધેયકો

| અનુ-ક્રમાંક | વિધેયકની ટૂંકી સંજ્ઞા | સરકારી વિભાગનું નામ | પ્રભારી સભ્યનું નામ | દાખલ કર્યા તારીખ | વિધેયકનો ક્રમાંક અને ગેઝેટમાં પ્રસિદ્ધ થયા તારીખ | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | સન ૧૯૭૩નું મુંબઈ પ્રાથમિક શિક્ષણ (ગુજરાત સુધારા) વિધેયક | શિક્ષણ અને મજૂર વિભાગ | શ્રી મનુભાઈ પાલખીવાળા | ૧૧-૧૦-૭૩ | સન ૧૯૭૩નું વિધેયક નં.૩૦ તા-૨૯-૧૧-૧૯૭૩ | |
| ૨ | સન ૧૯૭૩નું લાંચ રૂશ્વત પ્રતિષેધ (ગુજરાત સુધારા) વિધેયક | ગૃહ વિભાગ | શ્રી સનત મહેતા | ૧૧-૧૦-૭૩ | સન ૧૯૭૩ નું વિધેયક નં. ૩૧ તા-૨૯-૧૧-૭૩ | |
| ૩ | સન ૧૯૭૩નું ગુજરાત વિધાનસભાના સભ્યોની અસ્કયામતોની જાહેરાત બાબત વિધેયક | કાયદા વિભાગ | શ્રી સનત મહેતા | ૧૧-૧૦-૭૩ | સન ૧૯૭૩નું વિધેયક નં. ૩૨ તા-૨૯-૧૧-૧૯૭૩ | |
| ૪ | સન ૧૯૭૩નું ગુજરાત લોકાયુકત અને ઉપ-લોકાયુકત વિધેયક | ગૃહ વિભાગ | શ્રી સનત મહેતા | ૧૧-૧૦-૭૩ | સન ૧૯૭૩નું વિધેયક નં. ૩૩ તા-૨૯-૧૧-૧૯૭૩ | |
| ૫ | સન ૧૯૭૩નું મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી કૃષ્ણવદન પચ્ચીગર | ... | ... | સભ્યશ્રીની ગેર-હાજરીને કારણે વિધેયક સભાગૃહમાં દાખલ થઇ શક્યું નહીં. |

પત્રક ક્રમાંક-૧૫

## પહેલા (ચાલુ) બીજા અને ત્રીજા વાચન માટેનાં બિન-સરકારી વિધેયકો

| અનુ. ક્રમાંક | વિધેયકની ટૂંકી સંજ્ઞા | સરકારી વિભાગનું નામ | પ્રભારી સભ્યશ્રીનું નામ | વિધેયક અંગે પ્રસ્તાવો | તારીખ | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | સન ૧૯૭૩નું વિધેયક નં. ૮--સન ૧૯૭૨નું ગુજરાત જાહેર ગ્રંથાલય વિધેયક | શિક્ષણ અને મજૂર વિભાગ | શ્રી મનોહરસિંહજી જાડેજા | વિધેયકનું પહેલું વાચન કરવાનો પ્રસ્તાવ રજૂ થયો. ચર્ચાને અંતે વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું. | ૧૧-૧૦-૧૯૭૩ | |

પત્રક ક્રમાંક-૧૬

## પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન-સરકારી વિધેયકો

| અનુ-ક્રમાંક | વિધેયકની ટૂંકી સંજ્ઞા | સરકારી વિભાગનું નામ | પ્રભારી સભ્યનું નામ | વિધેયક અંગે પ્રસ્તાવો | તારીખ | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | સન ૧૯૭૩નું વિધેયક નં-૧૪-સન ૧૯૭૩નું મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી ચંદ્રકાન્ત પરીખ | વિધેયકનું પહેલું વાચન કરવાનો પ્રસ્તાવ રજૂ થયો. ચર્ચાને અંતે વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું. | ૧૧-૧૦-૭૩ | |

## પત્રક ક્રમાંક-:૧૭

## બિન સરકારી સંકલ્પો

| અનુક્રમાંક | સૂચનાનો વિષય | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | ચર્ચા માટેની તારીખ | પરિણામ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | સિંચાઈ માટેના પાતાળકૂવા માટે કોરપોરેશનની સ્થાપના બાબત | શ્રી શંકરજી ઓખાજી ઠાકોર | ૪-૧૦-૭૩ | ચર્ચાને અંતે સભ્યશ્રીએ સંકલ્પ પાછો ખેંચી લીધો. |
| ૨ | વન આયોજન કાર્યક્રમ ઘડી તેનો તાકીદે અમલ કરવા અંગે | શ્રી પ્રભાતગીરી ગુલાબગીરી ગોંસાઈ | ૪-૧૦-૭૩ | સભ્યશ્રીની ગેરહાજરીને કારણે સંકલ્પ હાથ પર લઈ શકાયો નહિ. |
| ૩ | જીવન જરૂરિયાતની વસ્તુઓની મોંઘવારી અને અછત | શ્રી માણેકલાલ મ. ગાંધી | ૪-૧૦-૭૩ | ચર્ચાને અંતે મત લેવાતાં સંકલ્પનો અસ્વીકાર થયો. |
| ૪ | આદિવાસી વિસ્તારના વિકાસ બાબત | શ્રી ઉત્તમભાઈ હ. પટેલ | ૧૫-૧૧-૭૩ | ચર્ચાને અંતે સભ્યશ્રીએ સંકલ્પ પાછો ખેંચી લીધો. |
| ૫ | ગુજરાતના વિવિધ પાકોની લેવીની પ્રથામાં સમાનતા રાખવા અંગે | શ્રી ભગવાનભાઈ ધનપાતળીયા | ૧૫-૧૧-૭૩ | " |
| ૬ | ભાવ તથા પગાર વધારાનું વિષચક્ર અટકાવવાના માર્ગો સૂચવવા અંગે | શ્રી કૃષ્ણવદન ધ. પચ્ચીગર | ૧૫-૧૧-૭૩ | સંકલ્પનો અગ્રતાક્રમ ઉંચો હોવાથી અને આગળના બંને સંકલ્પો ચર્ચાયા હોવાથી આ સંકલ્પ સભાગૃહમાં રજૂ થઈ શકયો નહીં. |

## પત્રક ક્રમાંક—૧૮

### જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણીઓ

| અનુ. ક્રમાંક | સમિતિનું નામ | સભ્યોના નામ | ચૂંટણીના પરીણામની જાહેરાત |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | અંદાજ સમિતિ | ૧ શ્રી સોમાલાલ શિરોઈઆ | ૯-૧૦-૭૩ |
| | | ૨ શ્રી શંકરજી ઓખાજી ઠાકોર | |
| ૨ | જાહેર હિસાબ સમિતિ | ૧, શ્રી હરિભાઈ ડોરિયા | ૧૦-૧૦-૭૩ |
| | | ૨ શ્રી કાળીદાસ ચૌહાણ અને | |
| | | ૩. શ્રી ગોરધન ફલદુ | |

## પત્રક ક્રમાંક-૧૯

### જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની નિમણૂક

| અનુક્રમાંક | સમિતિનું નામ | સભ્યોના નામ | નિમણૂકની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | કામકાજ સલાહકાર સમિતિ | ૧ શ્રી રાઘવજી લેઉવા અધ્યક્ષશ્રી, પ્રમુખ | ૪-૧૦-૭૩ |
| | | ૨ શ્રી ચીમનભાઈ પટેલ, મુખ્યમંત્રીશ્રી | |
| | | ૩ શ્રી કાંતિલાલ ઘીયા, | |
| | | ૪ શ્રી નરેન્દ્રસિંહ ઝાલા, | |
| | | ૫ શ્રી માણેકલાલ ગાંધી, | |
| | | ૬ શ્રી જયદીપસિંહજી, | |
| | | ૭ શ્રી હરિસિંહજી ગોહિલ, | |
| | | ૮ શ્રી વાસુદેવ ત્રિપાઠી, | |
| | | ૯ શ્રી માલદેવજી ઓડેદરા, | |
| | | ૧૦ શ્રી ગોપાળદાસ પટેલ અને | |
| | | ૧૧ શ્રી છગનભાઈ પટેલ | |
| ૨. | નિયમો માટેની સમિતિ | ૧ શ્રી રાઘવજી લેઉવા અધ્યક્ષશ્રી, પ્રમુખ | ૮-૧૦-૭૩ |
| | | ૨ શ્રી દિવ્યકાંત નાણાવટી, કાયદા મંત્રીશ્રી | |
| | | ૩ શ્રી નરેન્દ્રસિંહજી ઝાલા, સંસદીય બાબતોના મંત્રીશ્રી, | |
| | | ૪ શ્રી ગોકળદાસ પટેલ, | |
| | | ૫ શ્રી બાબુભાઈ મોદી, | |
| | | ૬ ડૉ. ભાનુપ્રસાદ પંડયા, | |
| | | ૭ શ્રીમતી કોકિલાબેન વ્યાસ, | |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | | ૮ શ્રી ભાવસિંહજી ઝાલા,<br>૯ શ્રી નાથાભાઈ દેસાઈ,<br>૧૦ શ્રી દોલતભાઈ પરમાર,<br>૧૧ શ્રી લેખરાજ બચાણી,<br>૧૨ શ્રી મંછારામ પટેલ;<br>૧૩ શ્રી છગનભાઈ દેવાભાઈ પટેલ,<br>૧૪ શ્રી દિનકર દેસાઈ અને<br>૧૫ ડો. કેશવભાઈ પટેલ. | |
| ૩ | કામકાજ સલાહકાર સમિતિની પેટા-સમિતિ | ૧ શ્રી નરેન્દ્રસિંહજી ઝાલા, પ્રમુખ<br>૨ શ્રી માણેકલાલ મ. ગાંધી અને<br>૩ શ્રી છગનભાઇ દેવાભાઈ પટેલ. | ૪-૧૦-૭૩ |

## પત્રક ક્રમાંક-૨૦

### જુદી જુદી યુનિવર્સિટીની કોર્ટ-સેનેટ પર સભ્યોની ચૂંટણી

| અનુક્રમાંક | યુનિવર્સિટીનું નામ | સભ્યોના નામ | ચૂંટણીના પરીણામની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | ગુજરાત યુનિવર્સિટી | ૧ શ્રી અમરસિંહજી વાઘેલા,<br>૨ શ્રીમતી નિર્મલાબેન ઝવેરી. | ૮ ૧૦-૭૩ |

પત્રક

વિભાજન અને

| અનુ ક્રમાંક | તારીખ | જે પ્રસ્તાવ પર વિભાજન માગવામાં આવ્યું હોય તે પ્રસ્તાવનો વિષય | જે પ્રસ્તાવ પર વિભાજન માગવામાં આવ્યું હોય તે પ્રસ્તાવ રજૂ કરનાર સભ્યનું નામ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ૧૦-૧૦-૧૯૭૩ | સરકારી વિધેયક ક્રમાંક-૧૬-સન ૧૯૭૩નું ગુજરાત શહેરી વિસ્તાર ખાલી જમીન (સ્વત્વાર્પણ પ્રતિબંધ)(સુધારા) વિધેયકની કલમ ૩પરનો સુધારો માન્ય રાખવા બાબત | શ્રી નરસિંહભાઈ મકવાણા |
| ૨ | ૧૩-૧૧-૧૯૭૩ | પ્રવર સમિતિના અહેવાલ મુજબનું સન ૧૯૭૨નું વિધેયક ક્રમાંક-૫૧ પરનો સુધારો માન્ય રાખવા બાબત | શ્રી નરસિંહદાસ ગોંધિયા |
| ૩ | ૧૫-૧૧-૧૯૭૩ | ગુજરાતના સમતુલિત વિકાસની દૃષ્ટિએ રાજ્યના પછાત વિસ્તારો માટે પગલાં ભરવા બાબતનો બિન-સરકારી સંકલ્પ પાછો ખેંચી લેવા સભાગૃહની પરવાનગી માગવા બાબત | શ્રી ઉત્તમભાઈ પટેલ |

ક્રમાંક-૨૧

સભાત્યાગ

| વિભાજનની માગણી કરનાર સભ્યનું નામ | પ્રસ્તાવની તરફેણમાં મતની સંખ્યા | પ્રસ્તાવની વિરૂદ્ધમાં મતની સંખ્યા | પરિણામ |
|---|---|---|---|
| ૫ | ૬ | ૭ | ૮ |
| શ્રી નરસિંહદાસ ગોંધિયા | ૧૬ | ૭૭ | સુધારાનો અસ્વીકાર કરવામાં આવ્યો. |
| શ્રી નરસિંહદાસ ગોંધિયા | ૧૫ | ૯૨ | સુધારાનો અસ્વીકાર કરવામાં આવ્યો. |
| શ્રી નરસિંહદાસ ગોંધિયા | ૧૯ | ૭૯ | સભ્યશ્રીને તેમનો સંકલ્પ પાછો ખેંચી લેવાની પરવાનગી મળી. |

## સભાત્યાગ

૧ તા. ૪-૧૦-૧૯૭૩ના રોજ સન ૧૯૭૩નું સરકારી વિધેયક ક્રમાંક ૧૩ના પહેલા વાચનના પ્રસ્તાવ પરની ચર્ચામાં શ્રી રતનભાઈ ગાવિતે તેમને બોલવાની તક નહિ મળવાને કારણે સભાત્યાગ કર્યો.

૨. તા. ૧૨-૧૧-૧૯૭૩ના રોજ પ્રશ્નોત્તરી શરૂ થાય તે પહેલાં શ્રી નરસિંહદાસ ગોંધિયા નિયમ ૯૫ હેઠળ પ્રસ્તાવ રજૂ કરવા ઉભા થયા ત્યારે મા. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે નિયમથી સભાગૃહની બેઠકનો પહેલો કલાક પ્રશ્નોત્તરી માટે નક્કી કરેલ હોઈ તે સમય દરમિયાન બીજો કોઈ પ્રસ્તાવ રજૂ કરી શકાય નહીં. આ તબક્કે સંસ્થા કોંગ્રેસના હાજર રહેલા સભ્યોએ સભાત્યાગ કર્યો.

૩. તા. ૧૨-૧૧-૧૯૭૩ના રોજ પ્રશ્નોત્તરી બાદ શ્રી માણેકલાલ ગાંધી પોતાની નિયમ ૧૦૮ હેઠળની સભામોકૂફીની દરખાસ્ત મા. અધ્યક્ષશ્રીએ નામંજૂર કરી હતી તે બાબતમાં રજૂઆત કરતા હતા ત્યારે મા. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે અધ્યક્ષશ્રીની પરવાનગી સિવાય કોઈપણ બાબતમાં ગૃહની અંદર ચર્ચા કરી શકાય નહીં તેવા નિયમો સભાગૃહે ઘડયા છે. છતાં ત્રણ સભ્યશ્રીઓએ બોલવાનું ચાલુ રાખતાં અધ્યક્ષશ્રીએ શ્રી માણેકલાલ ગાંધી, શ્રી મોતીભાઈ ચૌધરી અને શ્રી નરસિંહદાસ ગોંધિયાને ગૃહમાંથી બહાર જવાનો આદેશ આપ્યો. આ તબક્કે શ્રી બટુકરાય વોરા સિવાયના અન્ય હાજર રહેલા વિરોધપક્ષના સભ્યોએ સભાત્યાગ કર્યો.

૪ તા. ૧૪-૧૧-૧૯૭૩ના રોજ મહેસૂલ મંત્રી શ્રી, નરેન્દ્રસિંહજી ઝાલાએ સરકારી વિધેયક ક્રમાંક-૫૧ સુધારેલા સ્વરૂપમાં ત્રીજું વાચન કરવા અને તેને સુધારેલા સ્વરૂપમાં પસાર કરવા માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો. ત્યારબાદ શ્રી નરસિંહદાસ ગોંધિયાએ નિયમ ૧૦૪(૩) (અ) હેઠળ વિધેયકનું ત્રીજું વાચન કરવા બાબતમાં પોતાનો વાંધો રજૂ કર્યો. મા. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે વિધેયક પરના મંજૂર થયેલા સુધારાઓ મુશ્કેલી પડે અને સમજવા માટે વધારે સમયની જરૂર પડે તેમ લાગતું નહીં હોવાથી સભ્યશ્રીનો વાંધો સ્વીકારી શકાય તેમ નથી. આ તબક્કે સંસ્થા કોંગ્રેસ પક્ષના હાજર રહેલા સભ્યોએ સભાત્યાગ કર્યો.

---

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.